# સંત સમાગમ

(પ્રેરક પ્રસંગચિત્રો)



## લેખક : યોગેશ્વર

# NOTICE

## સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

*



E-Book

| | |
|---|---|
| Title | : Sant Samagam |
| Language | : Gujarati |
| Version | : 2.0 |
| Pages | : 112 |
| Created | : April 14, 2008. |

*

**NOTE**

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



## શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. આપણે સૌરભ બનીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ આપણે સલિલ બનીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીએ આપણે જ્યોતિ બનીએ.
જીવન એક યાત્રા, વિચાર યાત્રા,
એના યાત્રી બનીને આપણે યાત્રા કરીએ

યોગેશ્વરના આશિષ

## પ્રસ્તાવના

ભારત એક ધર્મપરાયણ દેશ છે. એને સંતોની ભૂમિ પણ કહી શકાય. અતીત કાળથી માંડીને આજ સુધી એની ગોદમાં વિવિધ રુચિ તથા પ્રકૃતિવાળા સ્વનામધન્ય સંતપુરુષો થતા રહ્યા છે. એમનો સમાગમ સુખદ ઠરે છે અને ઈશ્વરની કૃપાથી જ થઈ શકે છે. મારા જીવનમાં મને જે કેટલાક જ્ઞાત-અજ્ઞાત સિદ્ધાવસ્થા પ્રાપ્ત કે સાધકાવસ્થામાં શ્વાસ લેનારા સંતો મળ્યા એમનાં રેખાચિત્રો જુદી જુદી દૃષ્ટિથી આ પુસ્તકમાં અંકિત કરવામાં આવ્યા છે. એ રેખાચિત્રો સૌ કોઈને આકર્ષશે, આનંદ આપશે ને પ્રેરણા તથા પથપ્રદર્શન ધરશે તેમજ દેશના સાંસ્કૃતિક અથવા આધ્યાત્મિક ગૌરવની અભિવૃદ્ધિ કરશે એવું માનું છું.

આ રેખાચિત્રો કોઈને સહેજ પણ ઉપયોગી થઈ પડશે તો મારો શ્રમ સાર્થક થશે.

- યોગેશ્વર

☼ ☼ ☼ ☼ ☼

## અનુક્રમણિકા


૧. વચલી લેજો પકડી
૨. શાંભવી મુદ્રાની સિદ્ધિવાળા મહાત્મા
૩. બદરીનાથના સિદ્ધપુરુષ બચ્ચીદાસજી
૪. માતા આનંદમયી
૫. અદભુત ગુરૂ
૬. નિત્યાનંદજીનો અસાધારણ અનુગ્રહ
૭. દીવો ક્યારે કરશો ?
૮. અમેરીકન છોકરી
૯. પવિત્રતાનું પારખું
૧૦. સેવાવ્રતી સંત
૧૧. યોગવિદ્યાનો અદભુત પ્રસંગ
૧૨. આધેડ વયની સ્ત્રી
૧૩. ચોપાટી પર થયેલા અજબ પ્રયોગો
૧૪. અદભુત મહાપુરુષ
૧૫. અવધૂત મહાપુરુષનો અનુગ્રહ
૧૬. પૂજ્ય મોટાની મુલાકાત
૧૭. હરેકૃષ્ણ મંદિરની મુલાકાત
૧૮. સિદ્ધ મહાત્મા કૃષ્ણાશ્રમજી
૧૯. કર્મનું ફળ અવશ્ય મળે જ છે
૨૦. અજ્ઞાત સંતપુરુષો
૨૧. સાધુનું અગ્નિસ્નાન
૨૨. સંતપુરુષે સ્વાગત કર્યું
૨૩. સાંઈબાબાની શક્તિનો પરિચય
૨૪. મહાત્માપુરુષોની અમોઘ શક્તિ
૨૫. વિવેકાનંદે જોયેલો પ્યાલો
૨૬. ઈશ્વરની કૃપાનું દર્શન
૨૭. કુંડલિનીનો અનુભવ
૨૮. દયાનું દર્શન
૨૯. સાચી સેવાભાવના
૩૦. પ્રીતમદાસનો પરચો
૩૧. ગુરુ બની શકું તેમ નથી
૩૨. તીર્થની તાકાત
૩૩. વૈષ્ણવનો અર્થ
૩૪. ધનની સિદ્ધિ
૩૫. સ્વામી રામતીર્થ
૩૬. મહાપુરુષનો આત્મભાવ
૩૭. જગદંબાના ત્રણ રૂપ
૩૮. મહર્ષિ દયાનંદનો વૈરાગ્ય
૩૯. બીજાની સેવાનો ધર્મ સૌથી મોટો
૪૦. હરિદાસ અને હરિદાસી
૪૧. દેશનું ગૌરવ
૪૨. જાનકીનાથ સહાય કરે જબ


☼ ☼ ☼ ☼ ☼

## ૧. વચલી લેજો પકડી !

સાયંકાલનો સમય છે. સંધ્યાના સુંદર ગુલાબી રંગો આકાશમાં ફરી વળ્યા છે. ગંગામાં એ રંગોનું પ્રતિબિંબ પડે છે.

ગંગાના વિશાળ ઘાટ પર ભાતભાતનાં ને જાતજાતનાં લોકો ટોળે વળ્યાં છે. જાણે કે મોટો મેળો ભરાયો છે.

હરિદ્વાર શહેરનો આ ઘાટ એટલો બધો ચિત્તાકર્ષક અને સુંદર છે કે વાત નહિ. એનું દર્શન કરવું એ પણ જીવનનો એક મોટો લહાવો છે.

ઘાટ પર ક્યાંક કથા થાય છે, ક્યાંક ઉપદેશ આપવામાં આવે છે. ક્યાંક નાના નાના દુકાનદારો ફુલની દુકાનો માંડીને બેઠા છે, તો ક્યાંક સ્થાયી અથવા અસ્થાયી પ્રવાસીઓ ટોળે વળીને બેઠા છે. કોઈ કુતૂહલવશ થઈને ફરી રહ્યા છે. ગંગામાં વૈશાખ મહિનાના આ દિવસોમાં સ્નાન કરનારા લોકો પણ કાંઈ ઓછા નથી.

એવે વખતે એક પંડિતજી એક ઊંચા મકાનના ઓટલા પર બેસીને અવારનવાર એકની એક વાત બોલી રહ્યા હતા, ‘આગલી છોડો, પાછલી છોડો, વચલી લેજો પકડી.’

એ સાંભળીને કેટલાક લોકો ત્યાં ટોળે મળ્યા હતા. પંડિતજીના શબ્દો એમને ભારે અજબ જેવા લાગતા હતા.

ટોળામાંથી કોઈ કોઈ તો કહેવા પણ માંડ્યા, ‘બુઢા હો ગયા ફિર ભી અભી સ્ત્રીયોં કા મોહ નહિ મિટા.’

‘અરે ભાઈ, બુઢા હુઆ તો ક્યા હુઆ ? મોહ અવસ્થા પર થોડા હી નિર્ભર રહતા હૈ ? વહ તો બુઢેપનમેં ભી હો સકતા હૈ.’

‘લડકિયાં બડી અજબ હોતી હૈ. કોઈ મિલેગી તો પંડિત કા શિર તોડ દેગી.’

‘ક્યા દુનિયા હય ? તીરથમેં આયા હય ઔર ગંગામૈયા કે કિનારે પર બૈઠા હૈ, ફિર ભી ઉસકા મન નહિ સુધરા.’

પરંતુ પંડિતજી તો વારંવાર, વચ્ચે અટકીને એનો એ જ જપ જપી રહ્યા હતા. ‘આગલી છોડો, પાછલી છોડો, વચલી લેજો પકડી.’

કોઈ કોઈ પ્રવાસીઓ એવા હતા જે પંડિતની વાતને લેશ પણ મહત્વ નહોતા આપતા. પંડિતના શબ્દોને સાંભળ્યા ન-સાંભળ્યા કરીને ત્યાંથી પસાર થતા હતા.

કેટલાક દિવસ લગી તો એમ ચાલ્યું. એટલે રોજ નિયમિત રીતે ઘાટ પર આવનારા લોકો એ શબ્દોથી ટેવાઈ ગયા. પરંતુ એક સાંજે પંડિતજીની દશા ભારે કફોડી બની ગઈ.

એ પોતાની સુપરિચિત પ્રિય પંક્તિ બોલી રહ્યા હતા તે જ વખતે એમની આગળથી ત્રણ છોકરીઓ પસાર થઈ ગઈ.

પંડિતજીના શબ્દો સાંભળીને એ અત્યંત રોષે ભરાઈ ગઈ. ખાસ કરીને વચલી છોકરીને તો ઘણું જ માઠું લાગ્યું. એ તરત જ બોલી ઊઠી, ‘બૂઢા, એસા બોલનેમેં તુઝે શરમ નહિ આતી ?’

'તેરા કાલ આ ગયા હૈ ક્યા ?' બીજી બોલી.

ત્રીજીએ પણ તરત કહ્યું, 'અભી તેરા શિર ફોડ દેતી હું.'

અને બૂઢા પંડિત પર એના ચંપલનો પ્રહાર થવા માંડ્યો....

જોતજોતામાં તો ત્યાં લોકોનું ટોળું જામી ગયું.

'ક્યા હૈ ? ક્યા બાત હૈ ?'

'ક્યા હુઆ ?'

'હોગા ક્યા ?' છોકરી ચંપલ પહેરતાં બોલી, 'યે મુઝે પકડકે લે જાના ચાહતા હૈ. દેખું તો સહી, મુઝે કૈસે લે જાતા હૈ ! હૈ બૂઢા, લેકિન ઉસને મેરી દિલ્લગી કી.'

માણસો પંડિતજીને ઠપકો આપવા માંડ્યા.

કોઈ દમદાટી પણ દેવા માંડ્યા.

બેત્રણ પોલીસો પણ ત્યાં આવી પહોંચ્યા.

પંડિતજીએ શાંતિથી કહ્યું, 'મૈંને યે લડકિયોં સે કુછ કહા હી નહિ. યે મેરે પર બેકાર ગુસ્સે હો રહી હૈં.'

છોકરીઓ નાગણની પેઠે છંછેડાઈને બોલી ઊઠી : 'એક તો મખોલ ઉડાતા થા ઔર પકડા ગયા તબ સફાઈ કર રહા હૈ ?'

'સફાઈ કર રહા હું.'

'તો ફિર ક્યા કર રહા હૈ ?'

'જો સહી બાત હૈ વહ બતા રહા હૂં...'

'ક્યા સહી બાત હૈ ?'

'યહ કી મૈંને આપસે કુછ નહિ કહા.'

'તો કિસસે કહા ?'

'કિસીસે નહિ. મૈં કિસીકી એસી મખોલ ક્યોં કરતા ? મૈં તો ધરમકી એક બાત બતા રહા થા.'

'ધરમ કી બાત !' લોકોને આશ્ચર્ય થયું.

'હાં, ધરમ કી બાત.' પંડિતે સ્પષ્ટીકરણ કર્યું : 'કુછ દિન પહિલે મૈં ગુજરાત ગયા થા. વહાં એક ગુજરાતી સંત યહ વાક્ય બોલા કરતે થે. ઉસને ઉસકા અર્થ યહ બતાયા થા કિ પહલી બાલ્યાવસ્થા તો ખેલકૂદ ઔર અજ્ઞાનમેં બીત જાતી હૈ, ઔર પીછલી વૃદ્ધાવસ્થા ભી લાચારી તથા આસક્તિમેં હી કાટની પડતી હૈ. ઈસી લિયે ઉન દોનોં અવસ્થાઓં કો છોડકર બીચમેં રહેનેવાલી યુવાવસ્થામેં હી આત્મા કા કલ્યાણ કર લો. બીચવાલી યુવાવસ્થા કો હી પકડ લો. મુઝે વહ બાત બડી અચ્છી લગી. તબસે મૈં ઉસી બાત કો ઉસ સંતકે શબ્દોમેં દોહરા રહા હૂં. ઉસમેં કીસી લડકીકી દિલ્લગી કરનેકી બાત હી નહિ હૈ.'

પંડિતજીના સ્પષ્ટીકરણથી બધા લોકો ઠંડા થઈ ગયા.

છોકરીઓ પણ શાંત થઈ અને પોતાના વર્તનને માટે અફસોસ કરવા લાગી.

કોઈ શાણા માણસે પંડિતજીને કહ્યું પણ ખરૂં, 'બાત કિતની હી અચ્છી હો, લેકિન સાફ શબ્દોમેં કહનેકી જરૂરત હોતી હૈ. નહિ તો નતીજા અચ્છા નહિ નીકલતા.'

બીજાઓ કહ્યું, ‘શબ્દ તો સાફ થે, લેકિન સાર સાફ નહિ થા.’

‘દોનોં સાફ ચાહિયે.’

‘યહ તો હમ કૈસે કહ સકતે હૈ ?’

ધીરે ધીરે ટોળું વિખરાયું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨. શાંભવી મુદ્રાની સિદ્ધિવાળા મહાત્મા

હિમાલયમાં ઉત્તરાખંડના સુપ્રસિદ્ધ તીર્થસ્થાન ઋષિકેશની મુલાકાત લેનાર મુસાફરોને ગંગાના સુંદર શાંત તટ પર વસેલા સ્વર્ગાશ્રમ તથા લક્ષ્મણઝુલાનું સ્મરણ સારી પેઠે હશે. લક્ષ્મણઝુલાથી આગળ વધી સ્વર્ગાશ્રમ તરફ જતાં જે એકાંત, શાંત માર્ગ આવે છે તે માર્ગ ખરેખર હૃદયંગમ છે. લીલીછમ પર્વતમાળાની વચ્ચેથી ગંગાના વિશાળ તટપ્રદેશ પરથી પસાર થતો એ માર્ગ અત્યંત આકર્ષક લાગે છે. એ માર્ગે ચાલતાં ચાલતાં થોડેક આગળ વધીએ એટલે માર્ગની એક બાજુએ એક વૃક્ષ આવે છે. એ વૃક્ષની નીચે એક તપસ્વી મહાત્મા પુરુષ બેઠા છે. એમના પર દૃષ્ટિ પડતાંવેંત પહેલાં તો પ્રશ્ન ઊઠે છે કે આ તે કોઈ જીવંત માનવ છે કે પથ્થરમાંથી કોરેલી કોઈ પ્રાચીનકાળની ધ્યાનસ્થ સુંદર શિલ્પમૂર્તિ ? એ પ્રશ્નના પ્રત્યુત્તર માટે તદ્દન નજદીક જઈને જોઈએ છીએ ત્યારે રહીસહી શંકા ટળી જાય છે ને પ્રતીતિ થાય છે કે આ તો કોઈ જીવંત સાધનસ્થ મહાત્માની જ મંગલમયી મૂર્તિ છે. એ જીવંત પ્રતિમા એટલી સ્વસ્થ ને સ્થિર છે કે એની તદ્દન નજદીક ન જઈએ ત્યાં સુધી પ્રસ્તર પ્રતિમા હોય એવું જ લાગે ...

એ મહાત્મા પુરુષનું દર્શન એકદમ અવનવું અથવા અનેરું છે. એમણે પદ્માસન કર્યું હોય છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં કહ્યા પ્રમાણે શરીરને ટટ્ટાર રાખીને એ બેસે છે અને એમની દ્રષ્ટિ બંને ભ્રમરની મધ્યમાં સ્થિર હોય છે. એમની અત્યંત તેજસ્વી, મોટી ને ખુલ્લી આંખ કાચની પુતળી જેવી દેખાય છે. એ આંખ જરાપણ હાલતી નથી કે એમની પલક પણ નથી પડતી. એ મહાત્મા પુરુષની આગળ નિરીક્ષણ કરતાં લાંબા વખત લગી ઊભા રહો તો પણ એમની એ અવસ્થામાં કશો ફેર નથી પડતો. એમનો શ્વાસ કે પ્રાણવાયુ તદ્દન થંભી ગયેલો લાગે છે. રસ્તેથી પસાર થતા યાત્રીઓ એ એકદમ કૃશકાય, જટાવાળા, આત્મલીન તપસ્વી પુરુષને જુએ છે. કેટલાક એમને શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કરે છે, તો કેટલાક આશ્ચર્યચકિત થઈને થોડાક વખત સુધી એમની આગળ બેસે છે પણ ખરા. એમની આગળ એમણે પાથરેલા કપડાંમાં કેટલાક પૈસા પણ નાખે છે. એ મહાત્મા વરસોથી રોજ નિયમિત રીતે દિવસના મોટા ભાગના વખત દરમિયાન એ જ સ્થળે, એ જ રીતે બેઠેલાં જોવામાં આવે છે. એ કોઈની સામે જોતા નથી કે કોઈની સાથે વાત પણ નથી કરતા. પોતાની અંતરંગ આત્મિક સાધનાના આનંદમાં ડૂબેલા રહીને પોતાના જીવનનો સોનેરી સમય એ શાંતિપૂર્વક પૂરો કરે છે. એમની અંતરંગ ભૂમિકા કેટલી ઊંચી હશે એ સંબંધી તો માત્ર અનુમાન કરવાનું જ શેષ રહે છે, પરંતુ એમના સર્વસુલભ, શંકારહિત, બહારના દેખાવ પરથી એટલું તો અવશ્ય સમજી શકાય છે કે એમણે આસનસિદ્ધિ કરેલી છે. પ્રાણાયામનો ઊંડો અભ્યાસ કરેલો છે અને ધ્યાન પર એમનો ઘણો જ સારો કાબૂ છે. ઉપરાંત, યોગમાં જેને શાંભવી મુદ્રાને નામે ઓળખવામાં ને વર્ણવવામાં આવે છે તે મુદ્રા એમને સિદ્ધ છે.

આ શાંભવી મુદ્રા શું છે ? તેનું રહસ્ય જાણવા જેવું છે. તે શાંભવી મુદ્રામાં યોગી આસન પર સ્થિરતાપૂર્વક બેસીને આંખ ઉઘાડી રાખીને પોતાની દૃષ્ટિને બંને ભ્રમરની મધ્યમાં સ્થિર કરે છે. ગીતામાં એનું વર્ણન 'ભ્રુવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક' કહીને કરેલું છે. એ વર્ણન પ્રમાણે ભ્રમર મધ્યમાં દૃષ્ટિ સ્થિર કરવાથી યોગીનું મન ખાસ વિષયો તથા દૃશ્યો પદાર્થોમાંથી ઉપર ઊઠીને એમને નથી જોતું. એની વૃત્તિ અંતર્મુખ બની જાય છે. આરંભમાં એ મુદ્રાનો અભ્યાસ કષ્ટસાધ્ય લાગે છે. એથી આંખ ખેંચાય છે, દુઃખે છે

અને આંખમાંથી પાણી પણ પડે છે. પરંતુ ધીરજ, હિંમત અને ઉત્સાહપૂર્વક ક્રમેક્રમે આગળ વધવાથી દૃષ્ટિ લાંબા વખત લગી સ્થિર થાય છે ને બધી તકલીફ મટી જાય છે. પછી તો એના ઊંડા અભ્યાસથી શ્વાસ મંદ પડીને આપોઆપ શાંત થાય છે ને સાધક અતીન્દ્રિય પ્રદેશના અથવા સમાધિના મંગલમય મંદિર દ્વારને ખોલી આગળ વધે છે. આંખ ઉઘાડી રહે છે, પરંતુ શરીરની સંજ્ઞા નથી રહેતી. યોગી દેહાધ્યાસથી પર થાય છે તેમજ અનેક પ્રકારના અસાધારણ અવનવા અનુભવો મેળવે છે. એ અનુભવોમાં સૌથી ઉત્તમ પ્રકારનો અનુભવ આત્માનુભવ પણ એને માટે સહજ બને છે. સમાધિ દશાની પ્રાપ્તિ માટે એણે આંખને બંધ કરવી નથી કરવી પડતી.

શ્રી રમણ મહર્ષિને એ અવસ્થાની અનુભૂતિ સહજ હતી, એમના દર્શનનો લાભ લેનાર અને એમના આશ્રમમાં રહેનાર સારી પેઠે જાણે છે કે એ ઉઘાડી આંખે જ નિશ્ચલતાની પ્રાપ્તિ કરીને સમાધિ દશામાં ડૂબી જતા, સમાધિ દશા પર એમનો પૂરો કાબૂ હતો. એ છતાં પણ એ અસાધારણ દશામાં પ્રવેશવા માટે એ શાંભવી મુદ્રાનો આધાર નહોતા લેતા.

વરસો પહેલાં પરદેશમાંથી ભારતમાં યોગીઓની શોધમાં આવેલા પોલ બ્રન્ટનને દક્ષિણ ભારતમાં એક એકાંત શાંત સ્થાનમાં આવા જ ખુલ્લી આંખે ઊંડા ધ્યાનમાં ડુબેલા યોગી પુરુષના સમાગમનો લાભ મળેલો. એ યોગીની દ્રષ્ટિ સ્થિર અથવા નિશ્ચળ હતી અને એમની આંખ કાચ જેવી અચેતન દેખાતી. એ યોગીનું વર્ણન એમણે પોતાના પ્રસિદ્ધ પુસ્તક 'એ સર્ચ ઈન સીક્રેટ ઈન્ડીયા'માં 'કદી ના બોલનારા સંત' નામના પ્રકરણમાં કરેલું છે. ઋષિકેશની દિવ્ય ભૂમિના આ આત્મલીન ધ્યાનસ્થ મહાત્મા પુરુષને જોઈને એ પુસ્તકનું સ્મરણ થવાની સાથે એ યોગીનું એમાં કરાયેલું વર્ણન તાજું થાય છે.

કલાક પર કલાક પસાર થાય છે, છતાં મહાત્મા પુરુષનું શરીર નથી હાલતું, એમની આંખ નથી હાલતી અને એમનું ઊંડું ધ્યાન પણ નથી તૂટતું. આત્મિક જગતના કોઈક અલૌકિક અનુભવ દરિયામાં એમનું મન ડુબકી મારીને મળી ગયું છે. એમને એ ડુબકીને પરિણામે કોઈ મહામુલ્યવાન મોતી હાથ લાગ્યું છે. એ પરમ અનુભવના પ્રદેશમાં દુન્યવી વાતાવરણની અસર નથી થતી અને જુદા જુદા આઘાત-પ્રત્યાઘાતો પણ નથી પહોંચતા. હિમાલયની સામે, આગળ ને પાછળ ઊભેલી પ્રશાંત પર્વતમાળાની પેઠે એ અચળ ને અડગ છે, તેમજ આજુબાજુના વનની નીરવતા ને નિર્મળતા ધારણ કરીને એ બેસી રહ્યા છે. ગંગા જેમ દર્શન, સ્પર્શન તથા સ્નાનથી બીજાને શાંતિ આપે છે તેમ એમનું દર્શન પણ આત્મિક પંથના પ્રવાસીઓ માટે પ્રેરક, શક્તિસંચારક ને શાંતિપ્રદાયક સાબિત થાય છે. એ સાધનારત હોવા છતાં એમની ઉપસ્થિતિ જ સાધકો માટે લાભદાયક થઈ પડે છે.

કોઈને એવો પ્રશ્ન થવાનો સંભવ છે કે આત્મસાધનાની આટલી બધી ઊંચી કક્ષાએ પહોંચેલા એ મહાત્માપુરુષ સવારથી સાંજ સુધી બધાને દેખતાં રસ્તા પર શા માટે બેસે છે ? એ પોતાની ગુફા કે કુટિયામાં જ બેસતા હોય તો ? બહાર જાહેર બેસવામાં શું પ્રતિષ્ઠાનો મોહ નથી રહ્યો ? આપણે એમને ઉત્તર આપીશું કે જાહેરમાં એવી રીતે બહાર બેસવામાં પ્રતિષ્ઠાનો મોહ જ હોય છે એવું નથી સમજવાનું. એ મહાત્માપુરુષ પોતાની કુટિયામાં બેસવાને બદલે વરસોથી નિયમિત રીતે બહાર રસ્તા પર શા માટે બેસે છે તે તો તે જાણે, પરંતુ એથી જાણ્યે અજાણ્યે એક મહત્વનો હેતુ સિદ્ધ થાય છે તે સાચું જ છે. હિમાલયના એ પ્રદેશમાં ઊંચી

કોટિના સઘળા સંતોનું દર્શન સુલભ નથી હોતું. એમને માટે પર્વતો ને જંગલોમાં શોધ કરવી પડે છે ને ત્યારે ભાગ્યે જ તે મળે છે. આ મહાત્મા બહાર રહેતા હોવાથી એમનું દર્શન સૌને માટે ને સર્વકાળે સુલભ છે. એ ઉપરાંત, યોગના ને બીજા ગ્રંથોમાં શાંભવી મુદ્રા તેમજ ધ્યાન કે સમાધિનિષ્ઠ યોગીઓનાં કરેલાં વર્ણનો તદ્દન સાચાં છે અને આ જમાનામાં પણ પ્રત્યક્ષ જોઈ શકાય છે. એ વાતની પ્રતીતિ પણ એમને જોવાથી આપોઆપ થઈ રહે છે. સાધકોને એથી પ્રેરણા ને ઉત્સાહ મળે છે. એમની એ સેવા કાંઈ ઓછી નથી. એ દૃષ્ટિએ એમનું લોકોની દૃષ્ટિ પડે એવી રીતે બહાર બેસવું સાર્થક છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩. બદરીનાથના સિદ્ધપુરુષ બાબા બચ્ચીદાસજી

આધ્યાત્મિક સાધનાના માર્ગમાં બહારના ભણતરની જરૂર પડે છે ખરી ? બહારનું ભણતર આધ્યાત્મિક સાધનામાં અંતરાયરૂપ નથી, પરંતુ એના સિવાય પણ સાધના થઈ શકે. એટલે સાધનામાર્ગમાં એ અનિવાર્ય આવશ્યકતા નથી, એ વાતની પ્રતીતિ બાબા બચ્ચીદાસના જીવન પરથી સહેજે થઈ રહે છે.

બાબા બચ્ચીદાસ સાવ અભણ હતા. આધુનિક નિશાળનું ભણતર એમણે જરાય લીધું નહોતું. છતાં સાધનામાર્ગે ઘણા આગળ પહોંચ્યા અને એમના મુખમાંથી અનુભવજન્ય જ્ઞાનની એવી ઊંચી વાતો નીકળતી-જેને સાંભળવી એ પણ એક લ્હાવો હતો. ઘડીભર તો શ્રોતાઓ એ વાતો સાંભળી મુગ્ધ થઈ જતા અને વિચાર કરતા. આ સંતપુરુષની અંદર આવું ઉત્તમ પ્રકારનું અધ્યાત્મજ્ઞાન ક્યાંથી આવ્યું ? પરંતુ એ જ્ઞાન અને એની અભિવ્યક્તિ પાછળ એમનો ઊંડો, લાંબા વખતનો સ્વાનુભવ કામ કરતો હતો, એ સત્યની સમજ પણ એમને સહેલાઈથી પડી જતી.

ભારતનાં ધર્મશાસ્ત્રોએ ગુરુનો મહિમા મુક્તકંઠે ગાયો છે. પોતાના પરમ જ્ઞાનરૂપી પ્રકાશથી શરણાગત શિષ્યના અંતરના અજ્ઞાનરૂપી અંધકારને કાયમને માટે દૂર કરનાર અને એને દિવ્યચક્ષુ દેનાર ગુરુને બ્રહ્માની સાથે સરખાવ્યા છે, વિષ્ણુ બરાબર માન્યા છે, શંકર કહીને બિરદાવ્યા છે અને એટલાથી સંતોષ ના પામતાં એથી પણ આગળ વધીને સાક્ષાત પરબ્રહ્મ કહી બતાવ્યા છે. એની પાછળ કેવળ અંધશ્રદ્ધા, અતિશયોક્તિ યા ભાવુકતા નથી, પરંતુ વાસ્તવિકતા છે. દ્વંદ્વાતીત તથા પરમસુખદાયક થયેલા એ પરમાત્મદર્શી સદગુરુની શક્તિનો જીવનમાં અનુભવ કરી ચુકેલા પુરુષોએ ગુરુનો મહિમા ગાયો છે, એ પણ એમને અંજલિ આપવા અને અત્યંત અલ્પ માત્રામાં. બાબા બચ્ચીદાસને એવા મહાન જ્ઞાનમૂર્તિ, દિવ્યાત્મા અને યોગસિદ્ધ સદગુરુનો સમાગમ થયેલો.

એ હિમાલયના દેવપ્રયાગ સ્થાનમાં રહેતા, ત્યારે બંગાલી બાબા નામના એક સિદ્ધ મહાપુરુષ બદરીનાથની યાત્રાએથી પાછા વળતાં ત્યાં આવી પહોંચ્યા. બચ્ચીદાસ ત્યારે દેવપ્રયાગમાં અલકનંદા અને ભાગીરથીના સુંદર સંગમ પરની એક નાનકડી ગુફામાં રહેતા. બંગાલી બાબાએ પ્રથમ પરિચયે જ એમના આત્માના સુષુપ્ત સંસ્કારોને ઓળખી કાઢ્યા અને એમના પ્રત્યે પ્રેમ બતાવ્યો.

પછી તો બચ્ચીદાસે ભારે શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક બંગાલી બાબાની સેવા કરેલી. એથી બંગાલી બાબા પ્રસન્ન થયા અને બચ્ચીદાસને મંત્રદીક્ષા-સાધનાની ક્રિયા બતાવી. પછી તો બચ્ચીદાસજી ગુરુની આજ્ઞાનુસાર બદરીનાથ ગયા. ત્યાં રહીને સાધના કરવા માંડ્યા. એમનું અંતર સ્વચ્છ હતું તથા શ્રદ્ધા બળવાન અને લગની પણ ભારે ઉત્કટ હોવાથી સાધનામાં ખુંપી જતાં એમને વાર ન લાગી.

બદરીનાથની ઠંડી અસહ્ય હોય છે. નર અને નારાયણ પર્વતની વચ્ચે વિસ્તરેલી એ ભુમિમાં માણસ માટે લાંબા વખત રહેવું પણ મુશ્કેલ છે, છતાં વરસો સુધી બચ્ચીદાસજીએ ત્યાં એકધારો નિવાસ કર્યો. એની પાછળ એમની ઉત્કટ વૈરાગ્યવૃત્તિ, નિતાંત એકાંતપ્રિયતા, પ્રખર સાધનાપરાયણતા તથા તીવ્ર તિતિક્ષા કામ કરી રહી હતી.

એવા વિશેષ ગુણો વગર એ ત્યાં ભાગ્યે જ રહી શક્યા હોત. એ એકાંત, શાંત, સુંદર, સ્વર્ગીય પ્રદેશમાં રહી એમણે એકધારી સાધના કરીને છેવટે શાંતિ તથા સિદ્ધિ મેળવી.

બદરીનાથનો મહિમા એમને લીધે વધી ગયો. બદરીનાથની યાત્રાએ આવતા ભાવિક સ્ત્રીપુરુષો એમના દર્શન માટે પણ જતાં અને સમાગમ-સત્સંગનો લાભ મેળવતા.

છેવટનાં વરસોમાં તો એ શિયાળામાં પણ બદરીનાથની આજુબાજુ જ રહેતા. બદરીનાથમાં ઋષિગંગા ને અલકનંદાના સંગમ પાસે એક નાનકડી મઢુલીમાં એ વસવાટ કરતા.

૧૯૪૪માં એ મઢુલીમાં મેં એમની મુલાકાત લીધી ત્યારે એમના મુખ પર અસીમ શાંતિ અને નેત્રોમાં અસાધારણ દીપ્તિ તથા કૃતાર્થતાની છાયા હતી. એ જોઈ એમણે જીવનનું ધ્યેય સિદ્ધ કરી લીધું છે એવું લાગતું હતું.

આત્મશ્રદ્ધા, ગુરુશ્રદ્ધા ને સતત પુરુષાર્થ સાથેની ઈશ્વરકૃપાથી માનવજીવનની ધન્યતાની કેટલી ઉચ્ચ કક્ષાએ જઈ બેસી શકાય છે, તેના જીવતા-જાગતા ઉદાહરણરૂપે એ અમારી સામે શાંતિપૂર્વક બેઠા હતા.

એમને જોઈ અમારા અંતરમાં આદરભાવ પેદા થયો.

‘નર કરણી કરે તો નારાયણ બની જાય’ એ વાત સંપૂર્ણ સાચી છે, પરંતુ નર મન મુકી પુરતી શ્રદ્ધાભક્તિથી કરણી કરે તો ને ? હજારો-લાખો લોકો એવા છે જે નારાયણ થવાનો તો શું પણ નર થવાનો પુરુષાર્થ પણ સાચા અર્થમાં નથી કરતાં. તેઓ જીવનની મહત્તા સમજીને બચ્ચીદાસની જેમ પુરુષાર્થ કરે તો શું ન મેળવી કે કરી શકે ?

માનવીનો એક વર્ગ એવો છે, અને તે ધાર્યા કરતાં ઘણો મોટો છે, જે સંતોના બાહ્ય ચમત્કારોથી અંજાય છે અને એમને મહત્વના માની તે જોવા લલચાય છે.

આવા ભક્તોને સંતોષવા તથા પ્રભાવિત કરવા અમુક સંતો ચમત્કારો કરી દેખાડે છે. આવા ચમત્કારપ્રિય માનવીઓ પૂછશે, ‘બાબા બચ્ચીદાસજી કોઈ ચમત્કાર બતાવતા ખરા ?’ એમની જિજ્ઞાસાવૃત્તિના જવાબમાં અહીં સ્પષ્ટીકરણ કરશું કે એ કોઈ ચમત્કારો નહોતા કરતા. ચમત્કાર હંમેશા આધ્યાત્મિક વિકાસના પરિણામરૂપે જ થાય છે એવું નથી હોતું. તેની પાછળ હાથચાલાકી તથા બીજી નાનીમોટી તંત્રોપાસના અને બીજી વિદ્યાઓ પણ કામ કરતી હોય છે, એટલે એવા ચમત્કારોથી અંજાઈ જવું બરાબર નથી.

ચમત્કાર કરવાની શક્તિ કોઈ બજારૂ ચીજ કે જાદુના ખેલોની પેઠે વેપાર કે પ્રદર્શન કરવાની વસ્તુ નથી કે તેનો પ્રયોગ જ્યાં-ત્યાં અને જ્યારે-ત્યારે થઈ શકે. જેમનામાં ચમત્કારો કરવાની સાચી શક્તિ હોય છે તેઓ પણ જ્યાં-ત્યાં એનું પ્રદર્શન કર્યા કરતા નથી. એ તો કોઈવાર, બહુ અનિવાર્ય થઈ પડે ત્યારે, સહેજે થઈ જતા હોય છે. સાચી રીતે જોતાં તો આ જગત આખું ચમત્કારરૂપ છે.

એમાં મોટામાં મોટો ચમત્કાર માનવશરીરનો છે. એ શરીર ધારણ કરી, જે કામ, ક્રોધ, રાગ-દ્વેષ અને પોતાની પ્રકૃતિનાં બીજા મલિન તત્વો સામે લડીને વિજયી બને છે, સંસારના વિષયોની મોહિનીમાંથી મનને પાછું વાળી, ઈશ્વરના સ્વરૂપમાં જોડે છે, મન તથા ઈન્દ્રિયો પર સંયમ સાધે છે અને એ રીતે ઈશ્વરના

સાક્ષાત્કારનો સ્વાદ લઈ અજ્ઞાન તેમજ અશાંતિમાંથી મુક્તિ મેળવી ધન્ય બને છે, તેમણે કરેલો ચમત્કાર અમુલખ, અનેરો તથા આશીર્વાદરૂપ છે.

એ ચમત્કાર જ અનુકરણીય તેમજ ઈચ્છવાજોગ છે. એની પાસે, જીવનના શ્રેય સાધનાના એ મહાન ચમત્કાર પાસે, બહારના કોઈ ગેબી ચમત્કારો કાંઈ જ વિસાતમાં નથી. બાબા બચ્ચીદાસજી, બીજા આદર્શ સંતોની જેમ, આવો ચમત્કાર કરીને ધન્ય બન્યા હતા !

☼ ☼ ☼ ☼ ☼

## ૪. માતા આનંદમયી

આધ્યાત્મિક ઉન્નતિની સાધનામાં પુરુષોની પેઠે સ્ત્રીઓ આગળ વધી શકે ને સિદ્ધહસ્ત બની શકે ખરી ? એવો પ્રશ્ન જિજ્ઞાસુઓ તરફથી પૂછવામાં આવે છે. એવા પ્રશ્નને આજના પ્રગતિશીલ, સ્ત્રી-પુરુષોની સમાનતાના યુગમાં ભાગ્યે જ સ્થાન હોઈ શકે. છતાં પ્રશ્ન પૂછવામાં આવે જ છે તો એના ઉત્તરમાં આપણને કહેવા દો, કે આધ્યાત્મિક ઉન્નતિની સાધનામાં સ્ત્રી અને પુરુષના ભેદ નથી પાડી શકાતા.

ત્યાં તો યોગ્યતા જોવાય છે. અને એટલા માટે જ જરૂરી યોગ્યતાથી સંપન્ન કોઈપણ સ્ત્રી અથવા પુરુષ એનો આધાર લઈ આગળ વધી અને સિદ્ધહસ્ત બની શકે છે. સામાન્ય રીતે આપણે ત્યાં એવો ખ્યાલ પ્રવર્તે છે કે આત્મિક વિકાસની સાધનાના ક્ષેત્રમાં સ્ત્રીઓને સહેલાઈથી સફળતા નથી મળતી.

પરંતુ તટસ્થ કે નિષ્પક્ષ રીતે જોઈએ તો ખરેખર એવું નથી લાગતું. પરિસ્થિતિ તો એથી ઊલટી જ દેખાય છે. સ્ત્રીઓ પોતાના કોમળ, ભાવમય ને પ્રેમાળ હૃદયથી તથા ભોગ આપવાની શક્તિથી કે સમર્પણભાવથી આત્મોન્નતિના કે ઈશ્વર સાક્ષાત્કારના ક્ષેત્રમાં સાચેસાચ અને સહેલાઈથી આગળ વધી શકે છે. એમાં કોઈ પણ પ્રકારનો સંદેહ નથી. ફક્ત એમને જરૂરી તક મળવી જોઈએ અને એ તકનો સદ્‌ઉપયોગ કરવા માટેનું માર્ગદર્શન પણ મળવું જોઈએ.

ભૂતકાળમાં જેમ શબરી, મૈત્રેયી, જનાબાઈ ને મીરાં જેવી વિદુષી સ્ત્રીઓ થઈ ગઈ છે, તેમ વર્તમાન કાળમાં પણ એવી ઈશ્વરપરાયણ ભક્ત, જ્ઞાની કે યોગી સ્ત્રીઓ છે અને થતી જાય છે, એ આ દેશનું સૌભાગ્ય છે.

ઉચ્ચ અવસ્થાએ પહોંચેલી બધી જ સ્ત્રીઓ જાણીતી નથી હોતી. કેટલીક અજ્ઞાત અવસ્થામાં પણ રહેતી હોય છે. પોતાને બીજા જાણે એવી ઉત્કટ ઈચ્છા પણ તેમને નથી હોતી. છતાં પણ ભારતના આધ્યાત્મિક આકાશમાં જે ગણ્યાંગાંઠ્યા જાણીતા અસાધારણ આકર્ષણ અને આભાવાળા નક્ષત્રગણોનો ઉદય થયો છે તથા પોતાના પાવન પ્રકાશથી જે પૃથ્વીને પ્રકાશિત કરે છે તેમાં માતા આનંદમયીનું સ્થાન વિશેષ ઉલ્લેખનીય અને અનોખું છે. આધ્યાત્મિક માર્ગના રસિયા આત્માઓએ એમનું નામ સાંભળ્યું જ હશે.

આનંદમયી માતા મૂળ તો બંગાળના. એમનો જન્મ બંગાળમાં થયેલો, પરંતુ એમનું કાર્યક્ષેત્ર એકલા બંગાળ પુરતું સીમિત નથી રહ્યું. એ આખા ભારતના થઈ ગયા છે. વધારે વિશાળ અર્થમાં કહીએ તો સમસ્ત સંસારના બની ગયા છે. ભારતના જુદાજુદા પ્રદેશોમાં ને ભારતની બહાર એમના અસંખ્ય પ્રશંસક અને અનુયાયીઓ છે, અને આધ્યાત્મિક વિકાસ માર્ગના અનેક મુસાફરો એમની તરફ એકસરખા આદરભાવથી જોયા કરે છે.

એ વધારે ભાગે વિચરણ કરતા રહે છે. એમનું નામ પણ સુચક છે. નામ પ્રમાણે એ ખરેખર આનંદમયી છે. અતીન્દ્રિય અવસ્થાનો આનંદ એમની મુખાકૃતિ પર રમતો હોય છે. આનંદની મૂર્તિ બની એ બેઠા હોય એવો આભાસ થાય છે.

એ અલૌકિક અણીશુદ્ધ આનંદ એમની આંખમાંથી, એમની વાણીમાંથી, એમના વદનમાંથી અને હલનચલનમાંથી સ્વાભાવિક રીતે ટપક્યા કરે છે. એમને જોતાં એમનું નામ સાર્થક હોય એવું લાગ્યા વિના નથી રહેતું.

આધ્યાત્મિક સાધનામાં ઘણી ઊંચી અવસ્થાએ પહોંચેલા હોવા છતાં માતા આનંદમયી બહુ સરળ, નિખાલસ તથા નમ્ર છે. એમની ઉંમર ઘણી મોટી છે તો પણ એમનું હૃદય એક નાની બાલિકા જેટલું સરળ છે. સફેદ વસ્ત્રો, લાંબા ને કાળા વાળ તથા કોઈવાર મસ્તક પર બાંધેલી જટાવાળા, ગૌરવર્ણના, જરા વધારે સ્થુળ શરીરવાળા માતા આનંદમયી પાસે બેસવું એ જીવનનો એક અવિસ્મરણીય અનેરો લ્હાવો છે.

એમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી અને આકર્ષક હોવાથી સંખ્યાબંધ લોકો એમની આસપાસ એકઠા થાય છે. એમનું સ્થુલ ભણતર ખાસ ના હોવા છતાં એ અનુભવજન્ય આત્મજ્ઞાનની મહાન મૂડીથી સંપન્ન છે ને સાધનાના માર્ગમાં અંદરનું, અનુભૂતિને પરિણામે પેદા થયેલું જ્ઞાન જ મહત્વનો ભાગ ભજવે છે ને ? એવું જ્ઞાન આવશ્યક અથવા અમુલખ મનાય છે. એમના જ્ઞાનપ્રકાશથી પ્રેરાઈ તથા પ્રભાવિત થઈ મોટામોટા પંડિતો, પ્રોફેસરો ને સાક્ષરો એમની છાયામાં બેસે છે અને એમની પાસેથી માર્ગદર્શન મેળવે છે.

આનંદમયી માતાએ લગ્નજીવનમાં પ્રવેશ કરેલો છે. વરસો સુધી એમના પતિ એમની સાથે રહેતા. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ એ એનાથી અલિપ્ત રહ્યા. શરીરના સુખોપભોગ તરફ એમનું મન વળતું ન હતું. એમનો સમગ્ર રસ આત્મવિકાસ તરફ હતો. પોતાના પતિને એમણે ધીમેધીમે સાધનાપરાયણ બનાવ્યા.

એમના હૃદયને પણ એમણે જીતી લીધું. પતિનું મૃત્યુ થતાં એમના બધા લૌકિક બંધનો તૂટી ગયા અને એ એકલાં જ વિચરણ કરવા માંડ્યા.

સાદાઈ, સ્નેહ તથા અપરિગ્રહની મૂર્તિ જેવા માતા આનંદમયી ભારતના વર્તમાન કાળના સંતોમાં મહત્વનું અને મોખરાનું સ્થાન ધરાવે છે. સ્ત્રી હોવાથી તેમનું મૂલ્ય ઘણું વધારે છે.

સ્ત્રીઓથી તો આત્મવિકાસ સધાય જ નહિ, અથવા આધ્યાત્મિક ક્ષેત્રમાં તો સ્ત્રીઓ કોઈ મહત્વનો ફાળો આપી જ ન શકે, એવું માનનાર સ્ત્રીપુરુષો માટે એમનું જીવન મોટા પદાર્થપાઠ રૂપ છે. આનંદમયી માતા પોતાના જીવન દ્વારા સિદ્ધ ને પ્રત્યક્ષ કરી બતાવે છે કે આત્મોન્નતિના માર્ગમાં સ્ત્રી પણ આગળ વધી શકે છે ને ઊંચામાં ઊંચા પદ પર આરૂઢ બને છે.

યોગમાર્ગની ઉપાસિકા હોવા છતાં એમનું હૃદય ભક્તનું છે. એથી જ, ભજનકીર્તનમાં એમની રૂચિ વિશેષ છે. નામસંકીર્તન એમનો પ્રિય વિષય છે. સંસારના વિષયો એમને આસક્ત નથી કરતા કે ભાન પણ નથી ભૂલાવી શકતા. એમનું અંતર તો કમળના જેવું જ અલિપ્ત રહે છે. ભોગ કે વૈભવી વાતાવરણમાં વસવા છતાં એ પોતાના ત્યાગના આદર્શને સાચવી રાખે છે. એના અનુસંધાનમાં એમના જીવનનો એક નાનકડો સાધારણ પ્રસંગ યાદ આવે છે.

ઈ.સ. ૧૯૫૬નો જૂન મહિનો ચાલતો હતો. માતા આનંદમયી ત્યારે સોલન સ્ટેટના રાજાના બોલાવવાથી સીમલા હીલ્સના પ્રસિદ્ધ સ્થાન સોલનમાં આવેલા. એ વખતે મારો અને એમનો આકસ્મિક મેળાપ થઈ ગયો. થોડો દિવસ એમની સાથે રહેવાનું પણ થયું. તે દિવસો દરમ્યાન એકવાર રાતે દસેક

વાગે એમની પાસે એક મધ્યમ વર્ગના જેવો દેખાતો માણસ આવ્યો ને કહેવા લાગ્યો, 'માતાજી, તમારે માટે આ સાડી લાવ્યો છું …'

માતાજી ઓરડામાં આંટા મારતા હતા. તે ઊભા રહી બોલ્યા, 'સાડી લાવ્યા છો ? મારી પાસે તો સાડી છે, વધારાની લઈને શું કરું ?'

'સાડી તો તમારી પાસે હશે જ ને ? તમને વળી કઈ વસ્તુની કમી છે ? હું તો આ પ્રેમથી લાવ્યો છું. એનો સ્વીકાર કરશો તો મને આનંદ થશે.'

પેલા ભાઈની આંખમાં એટલું કહેતામાં ઝળઝળિયાં આવી ગયાં. એ વધારે બોલી ન શક્યા. માતાજીનું હૃદય પીગળી ગયું. એમણે સફેદ રંગની એ સાડી લઈ લીધી.

અંદરના ખંડમાં જઈ થોડી વારે એ સાડી બદલી બહાર આવ્યા. એમના હાથમાં પહેલાંની પહેરેલી સાડી હતી. તે પેલા ભાઈને અર્પણ કરતાં કહેવા માંડ્યા, 'આ સાડી તમારી સાડીના બદલામાં લઈ લો. બધી સાડી ભેગી કરી મારે શું કરવું છે ? જરૂર હોય છે ત્યારે ઈશ્વર આપી રહે છે.'

પેલા ભાઈએ સાડી લઈ લીધી. એમને લેવી જ પડી.

એ પ્રસંગની છાપ મારા પર ઘણી મોટી પડી. એ પ્રસંગ જો કે ઘણો નાનો હતો-પરંતુ એનો સંદેશ ઘણો મોટો હતો. માતા આનંદમયીના ત્યાગભાવનો એથી પરિચય મળતો હતો. આજેય એ પ્રસંગ નથી ભૂલાતો.

માતા આનંદમયી પ્રવચનો નથી કરતાં. કોઈ પ્રશ્નો પુછે તો ઉત્તરો આપે છે-પરંતુ બહુ ઓછું બોલીને. એમની હાજરી જ શાંતિ આપે છે, પ્રેરણા પાય છે, પથપ્રદર્શન પૂરું પાડે છે. એમનો શાંત સમાગમ પણ જીવનમાં અમુલખ ભાથું ભરે છે ને ક્રાંતિ લાવે છે.

એમની આધ્યાત્મિકતાની પ્રેમપરબ અનેક માટે આશીર્વાદરૂપ ઠરે છે. શાંત રહીને પણ એ ઘણું મહત્વનું કામ કરે છે. ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં એ અમર છે, ને રહેશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫. અદભુત ગુરૂ

બદરીનાથનો પુણ્યપ્રદેશ.

હિમાલયનો પુણ્યપ્રસિદ્ધ ઉત્તરાખંડનો પ્રદેશ.

જેણે એ પ્રદેશ જોયો હશે તેને ખબર હશે કે એ પ્રદેશ કેટલો બધો શાંતિમય છે, કુદરતી સૌંદર્યથી સંપન્ન છે અને કેટલો બધો પ્રેરક તથા આહ્લાદક છે.

મહર્ષિ વ્યાસ, નારદ અને બીજા કેટલાય સમર્થ સંત મહાત્માઓની સાધનાથી સભર બનેલો એ પ્રદેશ એક પ્રકારના અલૌકિક આધ્યાત્મિક પરમાણુઓથી વ્યાપ્ત છે. એનું વાયુમંડળ જુદું જ છે અને આજે પણ એ પ્રદેશ એટલો જ સજીવ લાગે છે.

એક બાજુ નર પર્વત અને બીજી બાજુ નારાયણ પર્વત. બંનેની વચ્ચે વસેલી બદરીનાથપુરી એટલી રમણીય લાગે છે કે વાત નહિ.

એ પુણ્યપ્રદેશમાં થઈને અલકનંદા નદી વહી જાય છે. એનું પાણી એટલું બધું ઠંડું છે કે આંગળી અડાડીએ તો પણ કળી પડે. પરંતુ કુદરતની કળા તો જુઓ ! એ નદીને કાંઠે જ પાંચ ઉકળતા ગરમ પાણીના કુંડ છે.

એ અલકનંદા નદી તથા કુંડની સામે પાર બાબા કાલી કમલીવાલાની સંસ્થા તરફથી બાંધેલી કેટલીક કુટિરો છે. તેમાં સંતપુરુષો નિવાસ કરે છે.

આટલે દૂર આવી પહોંચેલા પ્રવાસીને સંતોના દર્શન કે સમાગમની ઈચ્છા તો હોય જ. એટલે એ ઈચ્છાથી પ્રેરાઈને કેટલાય પ્રવાસીઓ એ છૂટીછવાઈ શાંત કુટિરોની મુલાકાત લે છે. એમાં રહેનારા સંતપુરુષોનો સંપર્ક સાધે છે, અને સદભાગ્યે કોઈ સારા સંત મળી જાય તો પોતાની યાત્રાને સફળ સમજી એમના સત્સંગનો લાભ લે છે.

વરસો પહેલાં અમે પણ બદરીનાથના પુણ્યધામની યાત્રા કરી ત્યારે સંતસમાગમની ઈચ્છાથી પ્રેરાઈને એ કુટિરોની મુલાકાત લીધેલી. એ વખતે એ કુટિરોમાં રહેતા સંત મહાત્માઓમાંથી કોઈ અમને ઊંચી કોટિના ના લાગ્યા. પરંતુ એક સંત એમાં અપવાદરૂપ જેવા દેખાયા, અને એમણે અમારું ખાસ ધ્યાન ખેંચ્યું.

એમની નાની સરખી કુટિરમાં પ્રવેશ કર્યો ત્યારે એ સંત શાંતિપૂર્વક બેઠા હતા. એમણે અમારું સ્મિત સાથે સ્વાગત કર્યું.

અમે એમની બાજુમાં બેસી ગયા.

સંતપુરુષ તદ્દન સાદા અને સરળ હતા.

એમની ઉંમર સાધારણ હતી. ચાલીસેક જેટલી.

એમની કુટિરમાં કોઈ મૂર્તિ કે ચિત્ર કશું જ ન હતું પરંતુ એમની સામે જે વસ્તુ પડી હતી એણે અમારું ધ્યાન ખેંચ્યું.

એક નાના સરખા ટેબલ પર એક રૂમાલ પાથરેલો. એના પર એક બાટલી તથા ડબી હતી, અને એની આગળ અગરબત્તી બળતી’તી.

અમે એમને એ વસ્તુનો મર્મ પૂછ્યો તો એમણે શાંત સ્વરમાં કહેવા માંડ્યું, ‘આ બાટલી ને ડબી મારાં ચિરકાળનાં સાથી છે, અને મારા ગુરુનું કામ કરે છે. દત્તાત્રેયે જેમ ચોવીસ ગુરુ કરેલા તેમ મારે માટે પણ આ વસ્તુઓ ગુરૂરૂપ હોવાથી હું તેમને મારી પાસે રાખું છું ને તેમની પૂજા કરું છે. એ મારે માટે અખંડ પ્રેરણારૂપ છે ને મને જાગૃત રાખે છે.’

‘કેવી રીતે ?’ અમે પ્રશ્ન કર્યો.

‘બાટલીમાં ગંગાનું પાણી છે તે મને હંમેશા યાદ આપે છે કે જીવનને એવું જ પારદર્શક કે નિર્મળ કરવું જોઈએ. એમાં બુરા વિચાર, ભાવ કે કુકર્મોની ગંદકી ના રહેવી જોઈએ અને આ ડબ્બીની પાછળ પણ ઈતિહાસ છે, રહસ્ય છે. એની અંદર ભસ્મ છે તે ભસ્મ મારી પત્નીની છે. એના મરણ પછી સ્મશાનમાંથી એની ભસ્મ લઈને મેં સંસારનો ત્યાગ કર્યો. એ ભસ્મ મને જાગ્રત રાખે છે અને એની મદદથી હું ઈશ્વરપરાયણ રહી શકું છું. એ મને સંદેશ આપે છે કે સંસારમાં જે દેખાય છે તે બધું જ ક્ષણભંગુર કે વિનાશી છે. માત્ર ઈશ્વર જ સત્ય છે, શાશ્વત છે, સુખસ્વરૂપ છે અને એ ઈશ્વરને ઓળખવાથી જ શાંતિ મળી શકે છે. એવી રીતે ગંગાજળ ને ભસ્મ મારે માટે પ્રેરક થાય છે. એટલા માટે એ બંનેને જ્યાં જાઉં છું ત્યાં મારી સામે રાખું છું ને પૂજું છું.’

અમને એ મહાપુરુષ માટે માન પેદા થયું. માણસ જો શીખવા માગે તો કોની પાસેથી ને શું નથી શીખી શકતો ? સમસ્ત સંસાર એને માટે વિશ્વવિદ્યાલય જેવો બની જાય છે, એની અમને ખાતરી થઈ.

☼ ☼ ☼ ☼ ☼

## ૬. નિત્યાનંદજીનો અસાધારણ અનુગ્રહ

પરમાત્મદર્શી મહાપુરુષોના દર્શન-અનુગ્રહનો લાભ મળવો મુશ્કેલ હોય છે. પુણ્યના પરિપાકવાળા કોઈ અસાધારણ આત્માને જ એવો લાભ મળે છે. એમનામાં રહેલી અલૌકિક શક્તિ પણ એવી ગેબી તથા અનોખી રીતે કામ કરતી હોય છે કે એને સમજવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી હોતું. પોતાને સમજુ માનનારા માણસો પણ એ બાબતમાં કોઈવાર ભૂલ કરી બેસે છે અને ઉપરછલા તથા અધકચરા અભિપ્રાયો બાંધે છે.

એવા મહાપુરુષોને ઓળખવાનું અઘરું હોય છે અને ઓળખ્યા પછી એમનામાં શ્રદ્ધા-ભક્તિને ટકાવી રાખવાનું તો એથીયે વધારે અઘરું હોય છે. એમના બાહ્ય રૂપરંગ પરથી કોઈ વાર નહિ પણ ઘણી વાર માણસો એમની લોકોત્તરતાનો ક્યાસ કાઢવામાં ભૂલ કરી બેસે છે. પરંતુ જે એમને ઓળખી લે છે-એમના ચરણોમાં પ્રીતિ કરે છે, તે એમના ઓછાવત્તા અનુગ્રહથી ધન્ય બની જાય છે.

મુંબઈ પાસે વજ્રેશ્વરી નજીક ગણેશપુરીમાં રહેતા મહાત્મા નિત્યાનંદજી એવા જ એક પ્રાતઃસ્મરણીય પ્રતાપી મહાપુરુષ હતા. એમના સંસર્ગમાં આવનાર કેટલાય પુરુષોને એમની યોગ્યતાની ખબર પડતી નહોતી.

બીજા અમુક લોકેષણાપ્રિય મહાત્માઓની જેમ, લોકોને પોતાની જાણ થાય એવું નિત્યાનંદજી ઈચ્છતા નહોતા. એટલે લોકોને આકર્ષવા કે તેમના પર પ્રભાવ પાડવા એ સામુહિક-જાહેર ચમત્કારો કરવાનું પસંદ ન કરતા. તેઓ બહુ ઓછું બોલતા અને લોકસંપર્કથી દૂર રહેતા.

એમનો બહારનો દેખાવ એમને ઉચ્ચ કોટિના મહાત્માપુરુષ તરીકે ઓળખવામાં જરાય મદદરૂપ થાય તેવો નહોતો. હા, એમની આંખ અત્યંત તેજસ્વી ને લાક્ષણિક હતી. એમને જોઈ સહેલાઈથી અનુમાન કરી શકાતું કે એમણે પોતાના આત્માની રહસ્યમય દુનિયામાં ડૂબકી મારીને સ્વાનુભવનાં મહામૂલાં મોતી હાથ કર્યાં છે અને સંસારના જીવો જેને માટે મહેનત કરે છે, આશાના મિનારા બાંધે છે ને ઝંખે છે તે સનાતન શાંતિ પ્રાપ્ત કરી છે.

મહાપુરુષના મૂલ્યાંકનમાં એમની આંખ અને મુખાકૃતિ બહુ મોટો ભાગ ભજવતી હોય છે અને તેની ઝાંખી કરીને એમનો પરિચય પામી શકાય છે.

નિત્યાનંદજીનો જનસમુદાય પ્રત્યેનો વ્યવહાર ઘણો વિચિત્ર હતો. કોઈ વાર તો તેઓ દર્શનાર્થીઓને ગાળો દેતા અને પથ્થર પણ મારતા. ધન તથા બીજી દુન્યવી કામનાઓની ઈચ્છાવાળા તથા સટ્ટો ખેલીને રાતોરાત માલદાર બની જવાની લાલસાવાળા લોકો એમની શાંતિમાં ભંગ પાડવા એમની પાસે જાય ત્યારે સ્વામીજી બીજું કરે પણ શું ? આવા લોકોને દૂર રાખવા એ જુદી જુદી જાતનો વ્યવહાર કરતા રહેતા-જેનું પરીણામ મોટે ભાગે સારું જ આવતું.

છતાં બધા માણસો કાંઈ માત્ર સ્વાર્થ લાલસાથી પ્રેરાઈને જ મહાત્માઓના દર્શન માટે થોડા જ જતા હોય છે ? સંસારમાં જુદી જુદી રુચિ અને પ્રકૃતિના લોકો વસે છે. એ રીતે જોતાં, આત્મવિકાસની

આકાંક્ષાવાળા આત્મા પણ એવા સમર્થ સંતપુરુષના દર્શન અથવા અનુભવનો લાભ લેવા પ્રેરાય છે. નિત્યાનંદજી પાસે કોઈ વાર એવા સાધક આત્માઓ પણ આવી જતા.

એવા એક સાધકની સાચી હકિકત જાણવા જેવી છે. એ સાધક એક યુવાન હતો. તેને યોગાભ્યાસમાં ઊંડો રસ હતો. એ રસથી પ્રેરાઈને એણે અષ્ટાંગયોગની સાધના કરવાનું શરૂ કરેલું અને વર્ષો સુધી એના પ્રયોગો કરેલા. ધ્યાનયોગના અભ્યાસથી મનનો લય કરી, સમાધિના અપાર્થિવ આનંદનો આસ્વાદ લેવાની અને છેવટે એક ધન્ય ઘડીએ અને ધન્ય પળે, પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની એની ઈચ્છા હતી.

એ ઈચ્છાપૂર્તિ માટે તે ઉત્સાહપૂર્વક નિયમિત અભ્યાસ કરતો, પરંતુ તેમાં સફળ થઈ શક્યો નહોતો. વર્ષોના પરિશ્રમ પછી પણ એનું મન શરીરમાં જ અટવાયા કરતું. દેહાધ્યાસ છોડી અતિન્દ્રિય અવસ્થાની અનુભૂતિ કરતા આત્મામાં મળી ન શકતું. તેથી એ યુવકની ચિંતા વધી ગઈ હતી. યોગના ગ્રંથોમાં સૂચવ્યા પ્રમાણે બેઉ ભ્રમરની વચ્ચે આવેલ આજ્ઞાચક્રનું એનું ધ્યાન સફળ ન થાય તો જીવનમાં આનંદ ક્યાંથી આવે ?

એને થયું-કોઈ સિદ્ધાવસ્થાએ પહોંચેલા પરમ પ્રતાપી મહાપુરુષનો મેળાપ થાય અને તેમની કૃપા ઉતરે તો પોતાનો મનોરથ પૂરો થાય ખરો. એ દિવસો દરમ્યાન એ યુવકને ગણેશપુરીમાં વસતા સ્વામી નિત્યાનંદ પાસે જવાની ઈચ્છા થઈ.

પરંતુ નિત્યાનંદજી કોઈ સાથે બોલતા'તા જ ક્યાં ? દર્શને આવેલાંની લાંબી કતાર જામી હોવા છતાં એ તો એકદમ ઉદાસીન બની બેસી જ રહેતા. લાંબે વખતે બધા વિખેરાયા છતાં પેલો સાધક યુવાન તો ઊભો જ રહ્યો. એને તો ગમે તે ભોગે પણ નિત્યાનંદજીની કૃપા જ મેળવવી હતી. એ કૃપામાં એને વિશ્વાસ હતો. માટે તો એ ચાતક બનીને જોયા કરતો હતો.

મુંગા ને સાચા હૃદયનો પોકાર જેમ પ્રભુને પહોંચે છે તેમ કૃપાના ક્ષીરસાગર સમા સંતોને પહોંચતો નથી એમ કોણ કહી શકે ?

યુવાનના અંતરને એ વિરક્ત મહાત્મા ઓળખી ગયા અને તરત ઊભા થઈ રોષે ભરાઈને બોલ્યા, 'યહાં ક્યોં આયા ?'

યુવાનને થયું-મહાત્મા બોલ્યા તો ખરા. એ રોષમાં બોલ્યા હોય પણ કહ્યું છે કે 'દેવતા અને સંતપુરુષોનો ક્રોધ પણ વરદાન તથા આશીર્વાદરૂપ હોય છે' એટલે નિત્યાનંદજીનો રોષ મારે માટે તો મંગલકારક જ નીવડશે, એમ માનીને એ જરાય ડર્યા કે ડગ્યા વગર ઊભો રહ્યો. એને કાંઈ બોલવાની જરૂર જ ન લાગી.

એ સમજતો હતો - નિત્યાનંદજી અંતર્યામી છે એટલે તેમને કાંઈ કહેવાની જરૂર જ શી છે ? એમનામાં એવી શક્તિ ન હોય તો એમની પાસે પોતાના કેસની રજુઆત કરવાથી પણ શો ફાયદો થવાનો હતો ?

પરંતુ યુવાનની ધારણા અને શ્રદ્ધા ફળી. નિત્યાનંદજીનો રોષ વધી ગયો. એમનું સ્વરૂપ રૌદ્ર બન્યું. પેલા યુવાનનો હાથ પકડી એમણે કહ્યું, 'યહાં ક્યોં આયા ? યહાં દ્રષ્ટિ લગા. પ્રકાશ, પ્રકાશ, આનંદ, આનંદ ! ભાગ યહાં સે.' અને એમણે યુવાન સાધકને ધક્કો માર્યો.

ઉપદેશ યા સંદેશ આપવાની આ તે કેવી વિલક્ષણ રીત ? પરંતુ પેલા યુવકને એવી શંકા ન ગઈ. એને એ રીત ગમી. એમાં તેને સ્વામીજીના આશીર્વાદનું દર્શન થયું. ઘેર આવી બીજે જ દિવસે સવારે એ રોજની જેમ ધ્યાનમાં બેઠો. એની અવસ્થા રોજના કરતાં જુદી જ થઈ ગઈ. મન એકાગ્ર બન્યું ને આજ્ઞાચક્રમાં પ્રકાશનું દર્શન થયું. આ પછી થોડા જ વખતમાં એને સમાધિનો અનુભવ થયો તેમજ તુર્યાવસ્થા આડેનું બારણું ઉઘડી ગયું. મહાપુરુષનું દર્શન, સ્પર્શન તથા સંભાષણ એ યુવાન સાધક માટે આ રીતે શ્રેયસ્કર થયું !

નિત્યાનંદજી અજ્ઞાત રીતે આવા ઘણાય સાધકોને સહાયતા કરતા હશે એ કોણ કહી શકે ? એમનો બાહ્ય દેખાવ તદ્દન સાધારણ હોવા છતાં એમની આત્મિક શક્તિ અસાધારણ હતી.

એની પ્રતીતિરૂપ આ પ્રસંગ એમને માટે ઘણું કહી જાય છે. એવા પ્રાતઃસ્મરણીય સમર્થ મહાપુરુષને આપણે મનોમન વંદન કરીએ તે ઉચિત જ છે. જે લોકો એમની પાસે કેવળ ધન, વૈભવ, સંતાનપ્રાપ્તિ તથા નોકરીધંધા ને રોગનિવારણ જેવી બીજી લૌકિક લાલસાઓથી પ્રેરાઈને જ ગયા હશે તે માનવજીવનમાં નવી ચેતના જગાડનારી કે પ્રાણસંચાર કરનારી એમની આ અજબ શક્તિની કલ્પના પણ નહિ કરી શકે. એ શક્તિનો તેમને ખ્યાલ હોત તો એમની દ્વારા એ પોતાનું આત્મકલ્યાણ કરી શકત. પરંતુ મહાપુરુષોની પાસે આપણે કેવળ દુન્યવી સ્વાર્થ માટે જઈએ છીએ ને આત્માના મંગલ માટે નથી જતા એ એક મોટામાં મોટી કરુણતા છે. આપણી એવી વૃત્તિ કે પ્રવૃત્તિને મહાત્માઓ પોતે પોષે, ઉત્તેજે ત્યારે તો એ કરુણતા અનેકગણી વધી જાય છે એમાં શંકા નથી. અખાના શબ્દોમાં કહીએ તો એવા મહાત્માઓ બીજું બધું ભલે હરે પણ ‘ધોખો’ નથી હરી શકતા.

નિત્યાનંદજીએ બતાવેલી અસાધારણ શક્તિનો ઉલ્લેખ યોગગ્રંથોમાં કરાયેલો છે. એ ઉલ્લેખ પ્રમાણે મહાપુરુષો પોતાના દર્શન, સ્પર્શન, સંભાષણ અને સંકલ્પ દ્વારા બીજાની સુષુપ્ત શક્તિને જગાડી શકે છે ને જાગેલી શક્તિને આગળ વધારે છે.

ગુરુ તોતાપુરીએ શ્રી રામકૃષ્ણ પરમહંસની બે ભ્રમરો વચ્ચે કાચનો ટુકડો દબાવીને એમને સમાધિદશાની અનુભૂતિ કરાવેલી એ વાત બહુ જાણીતી છે. ભ્રમરો વચ્ચે નજર સ્થિર કરવાનો સંદેશ પણ યોગની સાધનામાં બહુ મહત્વનો છે. એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે, કે મહાપુરષો કે યોગી-મહાત્માઓ આપણા જીવનવિકાસમાં આપણને મદદ કરશે, માર્ગ બતાવશે કે પ્રેરણા પાશે-પરંતુ એની ભૂમિકા અથવા જરૂરી સાધના તો આપણે જ કરવી રહેશે. સાચી ખંત, લગન તથા ઉત્સાહપૂર્વક સાધના કરનાર જ લાંબા સમયે કાંઈક નક્કર મેળવી શકે છે. આમ હોવાથી સાધકોએ બધો આધાર બીજા પર ન રાખવો જોઈએ. પહેલાં આત્મકૃપા મેળવીએ તો પછી મહાપુરુષની કૃપા, ગુરુકૃપા અને આખરે ઈશ્વરકૃપા આપોઆપ મળી રહેશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭. દીવો ક્યારે કરશો ?

ઉત્તરાખંડના પુરાણ પ્રસિદ્ધ દેવભૂમિના મહિમાથી ખેંચાઈને દર વરસે કેટલાય માણસો એ ભૂમિની યાત્રાએ આવે છે. એમાં કેટલાક જિજ્ઞાસુ હોય છે, કેટલાક પર્યટનપ્રેમી, કેટલાક ધર્મશ્રદ્ધાથી સંપન્ન આત્માઓ, તો કેટલાક જીવનની શ્રેય સાધનાના સાધકો. ઉનાળાની ઋતુ શરૂ થાય છે એટલે અસંખ્ય યાત્રીઓ એ દેવભૂમિના દર્શન માટે નીકળી પડે છે.

એમાં કોઈ કોઈ વૈરાગી અને ઈશ્વરપ્રેમી પુરુષો પણ આવતા હોય છે. એમને જોઈને આપણને આનંદ થાય છે અને ઘડી બે ઘડી એમનો સમાગમ કરવાનું મન પણ થઈ જાય છે. એવો સમાગમ ભારે લાભકારક સાબિત થાય છે, અથવા તો એમાંથી જીવનને ઉપયોગી પ્રેરક સામગ્રી મળી રહે છે.

એવા એક સુખદ સમાગમની આજે સ્મૃતિ થઈ આવે છે. એ સમાગમ છે બહારથી એક સામાન્ય જેવા દેખાતા મહાપુરુષનો. એમનું અસલ નામ શું હતું તે તો કોઈ ન જાણે, પરંતુ એ બાબાજીના ટૂંકા નામે ઓળખાતા. બહારથી જોતાં એમનું સ્વરૂપ સાવ સામાન્ય હતું, પણ એમની અંદરનો આત્મા ઘણો મહાન હતો. એની ખાતરી એમના સમાગમમાં આવનારને થયા વિના રહેતી નહિ. બદરીનાથની યાત્રા દરમિયાન પરિચય થવાથી એ મને મળવા ઋષિકેશ મારા સ્થાન પર આવ્યા ત્યારે મેં એમને પૂછ્યું, ‘આ ભૂમિ તમને કેવી લાગી ?’

‘ઘણી જ સરસ,’ એમણે ઉત્તર આપ્યો, ‘હું હવે કાયમને માટે અહીં રહી જવા માગું છું. ઘેર પાછો નથી જવાનો, મારો વૈરાગ્ય પાકો છે.’

‘તમારા જીવનમાં વૈરાગ્ય થવાનું કારણ ?’ મારાથી પૂછ્યા વિના ના રહેવાયું.

એમણે ગંભીરતાથી કહેવા માંડ્યું, ‘કારણ સાવ સાધારણ છે.’

‘સાધારણ ?’

‘હા. સાધારણ જ કહી શકાય. છતાં પણ એણે મારા જીવનમાં ક્રાંતિ કરી નાખી છે.’

‘તમારા ગુરુ ?’

‘મારા ગુરૂ તરીકે મેં એક છોકરીને માની છે.’

‘છોકરીને ?’

‘હા. કેમ ? છોકરીને ગુરુ ના માની શકાય ? જે આપણા જીવનમાંથી મોહરૂપી અંધકાર દૂર કરીને પ્રકાશ પાથરે તે ગુરૂ. હું તો એમ જ માનું છું. જુઓ સાંભળો :

‘હું એક મોટો વકીલ હતો અને બહુ જ બુદ્ધિશાળી મનાતો. એકવાર એક અટપટા કેસના કાગળો લઈને હું ઘેર જતો હતો ત્યારે શેરીના નાકા પરના મકાનમાંથી અવાજ સંભળાયો : ‘પિતાજી, દીવો કરોને ! અંધારૂં થઈ ગયું છે. દીવો ક્યારે કરશો ?’

અવાજ સાંભળીને હું ઊભો રહ્યો. બહાર બધે અંધારું થઈ ગયું છે, તેની મને ખબર હતી. ત્યાં તો છોકરી ફરી બોલી, ‘પિતાજી, દીવો કરોને ! દીવો ક્યારે કરશો ?’

એ શબ્દોના ઉત્તરરૂપે પિતાએ દીવો કર્યો. એ જોઈને હું આગળ વધ્યો. પરંતુ મારા અંતરમાં તોફાન મચી રહ્યું. મને થયું કે મારા જીવનમાં પણ અંધારું છે. અત્યાર સુધી સંસારના નશ્વર પદાર્થો પાછળ દોટ મૂકીને મેં કુડકપટ કરવામાં અને અસત્ય તથા અનીતિનો આધાર લેવામાં બાકી નથી રાખ્યું.

સાઠ વરસ થયા એટલે જીવનનો સંધ્યાકાળ શરૂ થયો ગણાય. હજી ક્યાં લગી કાવાદાવા કર્યા કરીશ ? હવે તો મારે ચેતવું જોઈએ ને જીવનમાં જ્ઞાનનો, નિર્મળતાનો કે પરમાત્માના પ્રેમનો પ્રકાશ કરવો જોઈએ.

છોકરીના શબ્દોએ એવી રીતે મારા જીવનમાં ક્રાંતિ કરી. મારો આત્મા જાગી ઊઠ્યો. મને થયું કે બાકીનું જીવન સત્કર્મમાં, ઈશ્વરસ્મરણમાં ને શાંતિમાં વીતાવવું જોઈએ. કાળ ક્યારે આવશે એની કોને ખબર છે ? ઘર તથા ધનની વ્યવસ્થા કરીને થોડા વખતમાં તો આ પ્રદેશમાં રહેવાની ઈચ્છાથી મેં ઘરનો ત્યાગ કર્યો. એ છોકરી મારા જીવનને જગાડવાનું કામ કરી ગઈ.'

એમની વાત સાંભળીને મને આનંદ થયો. પ્રસંગ ગમે તેટલો સાધારણ હોય પણ તે માણસના જીવનને ક્યાં પલટાવી નાખશે તે વિશે કશું જ ના કહી શકાય.

બાબાજી સંન્યાસી ન હતા છતાં આદર્શ ત્યાગી હતા. ગંગા તટ પર રહીને વરસો સુધી એમણે જપતપમાં મન પરોવ્યું, લોકોની શાંત સેવા કરી, ને છેલ્લાં વરસોને સાચી રીતે જીવ્યાના સંતોષ સાથે શરીર છોડી દીધું. અંધારું તો સૌના અંતરમાં છે, પરંતુ એવી રીતે દીવો કોણ કરે છે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૮. અમેરિકન છોકરી

ભક્ત કવિ નિષ્કુળાનંદે કહ્યું છે કે 'ત્યાગ ન ટકે રે વૈરાગ વિના' એ વાત સાચી છે. એમના જ શબ્દોમાં કહીએ તો

'વેશ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂર જી
ઉપર વેશ અચ્છો બન્યો, માંહે મોહ ભરપૂર જી.'

એવી દશા મોટાભાગના વૈરાગી, ત્યાગી કે સંન્યાસીઓની હોય છે. બીજા સાધકોના સંબંધમાં પણ સામાન્ય રીતે એવું જ બનતું હોય છે.

એને લીધે એમના જીવનની સાર્થકતા નથી થઈ શકતી. ત્યાગ, સંન્યાસ અથવા તો એકાંતિક જીવન આકર્ષક છે, પરંતુ એની પાછળ વૈરાગ્યનું પીઠબળ હોવું જોઈએ. તો જ તે ફળી શકે. વૈરાગ્યના પૂરતા પીઠબળ વિનાના પુરુષોએ ત્યાગ કે સંન્યાસને માટે ઉતાવળ કરવાની જરૂર નથી. એવી ખોટી ઉતાવળ કરવાને બદલે જરૂરી યોગ્યતા તૈયાર કરવાના મહત્વના કામમાં તેમણે લાગી જવાની જરૂર છે.

એવી જ એક અધકચરી યોગ્યતાવાળા જિજ્ઞાસુ અમેરીકન ભાઈ ત્રણેક વરસ પહેલાં ઋષિકેશમાં રહેવા આવેલા. એમને મારો પરિચય થવાથી એ મારી પાસે અવારનવાર આવવા માંડ્યા. એ અતિશય શ્રીમંત હતા. શોખને લીધે રેશમી ભગવી કફની પહેરતા તથા દાઢી રાખતા, અને તત્વજ્ઞાન તથા યોગની સાધનામાં રસ લેતા. દેશમાં વિચરણ કરીને એ અનેક જ્ઞાત-અજ્ઞાત સંતપુરુષોનો સમાગમ કરી ચૂક્યા હતા.

એક દિવસ રાતે તેમણે મને પ્રશ્ન કર્યો : 'ભારતમાં કોઈ ઊંચી કોટિના શક્તિ સંપન્ન મહાત્માઓ છે કે નહિ ?'

મેં કહ્યું, 'કેમ નથી ? જેના દિલમાં એવા મહાત્માઓને મળવાની લગન હોય છે તેને એવા મહાત્માઓ પણ મળી રહે છે.'

થોડીવાર સુધી શાંત રહીને એ ફરી બોલ્યા, 'મારો વિચાર કોઈ યોગ્ય ગુરુ પાસેથી સંન્યાસ લેવાનો છે. હું ભગની કફની પહેરું છું, પણ મેં હજી વિધિપૂર્વકનો સંન્યાસ નથી લીધો.'

મેં કહ્યું, 'સંન્યાસ કોઈ લેવાની વસ્તુ નથી. એ કાંઈ કોઈને આપી નથી શકાતો. એ તો અંતરમાંથી આપોઆપ જ ઊગી નીકળે છે. સંન્યાસ કોઈ સોદો કે વ્યાપાર નથી પરંતુ જીવનવિકાસની અંતરંગ અવસ્થા છે. છતાં પણ જો વિધિપૂર્વક સંન્યાસ લેવાની ઈચ્છા હોય તો તમારે એવો સંન્યાસ ના લેવો એવી મારી સલાહ છે !'

'કારણ ?'

'કારણ કે તમારા હ્રદયમાં તે માટેનો જરૂરી વૈરાગ્ય નથી.'

'મારા હ્રદયમાં ઊંડો વૈરાગ્ય છે.'

'બિલકુલ નહિ. તમારા હ્રદયમાં શું છે તે કહી બતાવું ? તેમાં એક પચ્ચીસેક વરસની અમેરીકન છોકરી છે. તમને તેના પર પ્રેમ છે છતાં તમે તેને છોડીને આવ્યા છો. એ છોકરી માંદી પડી છે ને હાલ ન્યૂયોર્કની હોસ્પીટલમાં છે.'

પેલા અમેરીકન ભાઈ ચમક્યા ને પૂછવા લાગ્યા, 'તમે આ બધું કેવી રીતે જાણ્યું ?'

'કેવી રીતે જાણ્યું એ પ્રશ્ન અલગ છે. પરંતુ મારી વાત સાચી છે કે નહિ તે કહો.'

'સાચી છે.'

'બસ ત્યારે.'

બીજે દિવસે તે ભાઈ એક નાનું સરખું આલ્બમ લઈ આવી પહોંચ્યા. તેમાં પેલી અમેરીકન છોકરીના ફોટા હતા.

એક ફોટામાં તે બહેને સરસ શીર્ષાસન કરેલું. બીજામાં હલાસન, ત્રીજામાં પદ્માસન અને ચોથામાં પશ્ચિમોત્તાનાસન કરેલું. થોડા બીજા સામાન્ય ફોટાઓ પણ હતા.

મેં કહ્યું, 'આટલી બધી સારી કે સંસ્કારી છોકરી છે છતાં તેને મૂકીને અહીં આવતા રહ્યા છો ને હવે સંન્યાસ લેવાની ઈચ્છા રાખો છો ? ન્યૂયોર્ક જઈને એને અપનાવો ને શાંતિ આપો. જ્યાં સુધી એ છોકરી માટેની લાલસા કે વાસના તમારા દિલમાં ભરેલી છે ત્યાં સુધી બહારનો સંન્યાસ લેશો તો પણ સફળ નહિ થાય. તમારા ત્યાગને તમે શોભાવી નહિ શકો.'

એમણે કહ્યું, 'મારે સંન્યાસ નથી લેવો પરંતુ આશીર્વાદ લેવા છે. તે છોકરી વહેલી તકે સારી થઈ જાય એવો આશીર્વાદ આપો.'

'ઈશ્વર તેને સારી કરી દેશે. પહેલા અંદરનો ત્યાગ તૈયાર કરો. અંદરનો ત્યાગ એટલે કામના કે વાસનાઓનો ત્યાગ. પછી બહારનો ત્યાગ તો આપોઆપ આવી જશે.'

એમના મનનું સમાધાન થયું.

☼ ☼ ☼ ☼ ☼

## ૯. પવિત્રતાનું પારખું

'સત્યનો હંમેશા વિજય થાય છે' એ ઉપનિષદ વચન આજેય એટલું સાચું છે. પરંતુ એની સાથે એ પણ એટલું જ સાચું છે કે સત્યને માર્ગે ચાલનારનું કામ સદાને માટે સરળ નથી હોતું.

એ માર્ગ અનેક ભયસ્થાનોથી ભરેલો અને મુસીબતોથી મઢેલો હોવાથી એના પર ચાલનારની કસોટી કરનારો નીવડે છે. એનો આશ્રય લેનારને જુદાં જુદાં પ્રલોભનોનો સામનો કરવો પડે છે. નિંદા તથા ટીકા સહન કરવી પડે છે, અને પ્રતિકૂળતા તથા ચિંતાને વધાવી લેવી પડે છે. સત્યનો માર્ગ અતિ ઉપકારક અને આશીર્વાદરૂપ છે, પરંતુ સંકટરૂપી કંટકથી રહિત નથી.

એ માર્ગ તલવારની ધાર જેવો છે. મજબૂત મનોબળ ધરાવતા બહાદુર માનવીઓ તે માર્ગે ધીરજ, ખંત અને ઉત્સાહથી આગળ વધી, છેવટે સફળ થાય છે.

એ અનુભવબોલનું સ્મરણ કરાવતી એક સત્યઘટના મારા મનના ચક્ષુઓ સમક્ષ હાજર થાય છે. જે વ્યક્તિના જીવનમાં એ ઘટના બની છે, તે નામાંકિત નથી; છતાં એની જીવનકથા આપણા અંતરમાં આદર ઉપજાવે છે એથી એનું આલેખન અહીં કરું છું.

સાબરકાંઠા જિલ્લામાં મોડાસા તાલુકો છે, અને તેમાં બાયલ નામક નાનું ગામ છે. મોડાસા અથવા હિંમતનગરથી મોટર માર્ગે ત્યાં જઈ શકાય છે.

આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં ત્યાં એક વિધવા સ્ત્રી રહેતી હતી. એને સાધુસંતોની સંગત અને સેવામાં ઘણી પ્રીતિ હતી. ગામમાં કોઈ સાધુ આવતા તો એ એમના દર્શને જતી, સદ્દુપદેશ સાંભળતી અને ભિક્ષા પણ કરાવતી. શક્ય એટલી સેવા પણ કરતી.

એના જીવનમાં કોઈ જાતનું સાંસારિક સુખ નહોતું રહ્યું અને પૂર્વ સંસ્કારો ઘણાં પ્રબળ હોવાથી એનું મન સંતસમાગમમાં ઊંડું સુખ અનુભવતું. સંતપુરુષો પ્રત્યેનો પ્રેમ તથા એમના સમાગમનો ભાવ કોઈ અસાધારણ આત્મામાં જ હોય છે.

એ દૃષ્ટિએ જોતાં તે સ્ત્રીનો આત્મા અસાધારણ હતો. એ વખતે ઉચ્ચ કોટિના સાધનાપરાયણ સંતપુરુષો તીર્થાટન કરવાને નીકળતા, અને વચ્ચે આવતા ગામોમાં ઈચ્છાનુસાર થોડો કે વધારે વખત રહેતા. એમાં કોઈ સંતો ભારે પ્રતાપી પણ દેખાતા હતા.

એકવાર દૈવયોગે એવા જ એક પરમ પ્રતાપી સંતપુરુષ ફરતા ફરતા એ ગામમાં આવી પહોંચ્યા. ગામના ભાવિક લોકો એમના દર્શનથી આનંદ પામ્યા. પેલી વિધવા સ્ત્રી પણ એમની પાસે પહોંચી ગઈ.

એમના દર્શન તથા ઉપદેશથી એને લાગ્યું કે મહાત્મા પુરષ ઊંચી અવસ્થાએ પહોંચેલા છે. આવા પુરુષના સમાગમનું સૌભાગ્ય જેને તેને અને જ્યારે ત્યારે નથી મળતું. એમની સેવા કરવામાં આવે તો જીવન ધન્ય બની જાય તેવું હતું.

મન મૂકીને એ સ્ત્રીએ તે મહાત્માની સેવા કરવા માંડી. મહાત્મા પુરુષને પણ ગામનું શાંત વાતાવરણ ગમી ગયું એટલે તે ત્યાં લાંબા વખત સુધી રહ્યા.

પરંતુ 'ગામ હોય ત્યાં ઢેડવાડો હોય' તે કહેવત પ્રમાણે ગામમાં અમુક અશુભ તત્વો રહેતા. એમણે પેલી સંતપ્રેમી સ્ત્રીની નિંદા કરવા માંડી. મહાત્મા પુરુષના તથા સ્ત્રીના સંબંધો ખરાબ છે એવું ઉઘાડે છોગે બોલાવા લાગ્યું.

પેલી સેવાભાવી સ્ત્રીને આ સાંભળીને ઘણું દુઃખ થયું. પોતે કેટલી બધી પવિત્રતાથી એ સંતપુરુષની સેવા કરતી અને સંતપુરુષ કેટલા પવિત્ર હતા એની તેને ખબર હતી, એટલે લોકોની નિંદા સાંભળીને તેને ભારે દુઃખ થયું. છતાં લોકોને મોઢે ગળણું બંધાય છે ?

અમુક માણસોએ એ સ્ત્રીને કહ્યું, 'ગમે તેવા મોટા મહાત્મા હોય તો પણ સંગદોષ તો એમને પણ લાગે. જૈમિની, પરાશર અને વિશ્વામિત્ર જેવા પણ સ્ત્રીની મોહિનીથી નથી બચ્યા, તો બીજા આજકાલના સામાન્ય સંતોનું તો કહેવું જ શું ? છતાંય તમને કોઈ જાતનો સંગદોષ ન લાગ્યો હોય ને તમે પવિત્ર જ હો તો ઉકળતા તેલની કડાઈમાં હાથ બોળી તમારી પવિત્રતાનું પારખું આપો, નહિ તો ગામમાં તમારી ફજેતી થશે.

લોકોને પેલી બાઈએ સમજાવી જોયા પણ તેઓ ન માન્યા. આખરે બીજો કોઈ ઉપાય ન દેખાતા, એ વિધવા નારી પોતાની પવિત્રતાનું પારખું બતાવવા તત્પર થઈ ગઈ. એ અભણ હતી, છતાં એને ઈશ્વરની કૃપામાં અને સત્યના વિજયમાં શ્રદ્ધા હતી.

નક્કી કરેલા દિવસે ગામ લોકો એકઠા થયા. તેલની કડાઈ ઉકાળવામાં આવી. પેલી સ્ત્રી પોતાની પવિત્રતાનું પારખું બતાવવા તૈયાર થઈ, અને લોકો એ પ્રયોગનું પરિણામ જાણવાને અત્યંત આતુર બની ગયા. ઉકળતા તેલની કડાઈ પાસે આવી સ્ત્રીએ પ્રાર્થના કરી :

'હે પ્રભુ ! મારો અને સંતપુરુષનો સંબંધ કેટલો પવિત્ર છે એ તો આપ જાણો છો. તમે તો સર્વજ્ઞ અને અંતર્યામી છો. માનવીનું જાણ્યે-અજાણ્યે થયેલું કોઈ પણ કરમ તમારાથી છૂપું નથી રહેતું, તો આજે મારી રક્ષા કરજો. તમારા વગર મારે બીજા કોઈનોય આધાર નથી રહ્યો.'

આમ બોલી, એ સ્ત્રીએ ઉકળતી તેલની કડાઈમાં હાથ બોળી દીધા ! ગામ લોકો એ દૃશ્યને ઉત્સુકતા, આશ્ચર્ય અને કુતૂહલથી જોઈ રહ્યા.

એ સન્નારીને ઉકળતા તેલની કશી જ અસર ન થઈ. જાણે પોતે ઠંડા પાણીમાં હાથ બોળ્યા હોય એવું તેને લાગવા માંડ્યું.

જે ઈશ્વરને એના જીવનની ગતિવિધિની ખબર હતી, અને જે એની પવિત્રતાથી સંપૂર્ણ પરિચિત હતા તે ઈશ્વરે એની રક્ષા કરી. તે સર્વસમર્થ ઈશ્વર માટે ઠંડાને ગરમ કરવાનું તથા ગરમને ઠંડું કરવાનું મુશ્કેલ નથી. પોતાના શરણાગત માનવી તથા ભક્ત માટે એ ગમે તે કરી શકે છે.

એકઠાં થયેલા માણસો તો પેલી સ્ત્રીએ ઉકળતા તેલમાં હાથ બોળ્યા તે જોઈ આભા બની ગયા ! જે સ્ત્રીને એ શંકાની નજરે જોતા હતા તે એમની કસોટીમાંથી પાર ઊતરી અને અણીશુદ્ધ પવિત્ર ઠરી. લોકોના અંતરમાં એને માટે આદરભાવ પેદા થયો. એમણે એ સ્ત્રીના નામનો જયજયકાર કર્યો. સંકુચિત દિલના, ટૂંકી દૃષ્ટિના નિંદાખોરો મુંગા થઈ ગયા.

પવિત્રતાની કસોટી લેનારા ગામના આગેવાનોએ સૌના વતી એ સન્નારીની ક્ષમા યાચી અને તેની આનાકાની છતાં અત્યંત આગ્રહપૂર્વક એની કદરરૂપે તે સ્ત્રીને ૧૦૦ વીઘાં જમીન અર્પણ કરી.

પેલા સંતપુરુષ તો થોડાક વખત પછી ગામમાંથી વિદાય થયા અને એ સ્ત્રીએ પણ સમય પર પોતાનું શરીર છોડી દીધું, ત્યારે ગામ લોકોએ તેની સ્મૃતિમાં એક દહેરી બાંધી. બાયલ ગામમાં આજે પણ એ દહેરીના દર્શન થઈ શકે છે. એ સ્ત્રીને અર્પણ કરવામાં આવેલી જમીનનો ઉપભોગ એના વંશજો આજે પણ કરી રહ્યા છે.

આ જીવનકથા કોઈ વિરક્ત એકાંતવાસી ત્યાગી પુરુષની નથી; પરંતુ સમાજ વચ્ચે જીવનારી ને શ્વાસ લેનારી એક સામાન્ય સ્ત્રીની છે. અને એટલા માટે જ તે વધારે પ્રેરક બની રહે છે. એમાંથી આપણે સત્યને વળગી રહેવાનું તથા એને માટે જરૂર પડ્યે હસતે મુખે જરૂરી ભોગ આપવાનું શીખીએ તો પણ ઘણું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. સેવાવ્રતી સંત

ગંગાતટે આવેલા ઉત્તરાખંડના સુંદર સુપ્રસિદ્ધ તીર્થસ્થાન હૃષિકેશની યાત્રા કરનાર યાત્રી બાબા કાલી કમલીવાલાની સંસ્થાની મુલાકાત લે છે ત્યારે સંસ્થાના મુખ્ય મકાનમાં બાબા કાલી કમલીવાલા સ્વામીશ્રી વિશુદ્ધાનંદજીની પ્રતિમાનું દર્શન કરે છે. બાબા કાલી કમલીવાલા લોકસેવાના મહાન સાચા ભેખધારી હતા. એમણે સમગ્ર જીવન જનતા જનાદર્નની સેવામાં ગાળેલું. દીનદુઃખી, અનાથ અપંગ ને સાધુસંતોમાં એ ઈશ્વરનું દર્શન કરતા. એમને ઈશ્વરની પ્રત્યક્ષ પ્રતિમારૂપ માનતા. એમને મદદ કરવા, સુખશાંતિ આપવા બધું જ કરી છૂટતા.

એ વખતે હૃષિકેશની ભૂમિ લગભગ જંગલથી વીંટળાયેલી હતી. જંગલમાં હિંસક પશુઓ વાસ કરતા. એવા પશુઓનો સામનો પ્રવાસીને ધોળે દિવસે પણ કરવો પડતો.

સાચા સંતસાધુઓને કોઈ જાતનો ભય ના હોય એટલે એવા એકાંત ઘોર પ્રદેશમાં ગંગાના સાનિધ્યનો આનંદ લેતાં એ તપ કરતા. કેટલાક સિદ્ધાવસ્થાએ પહોંચેલા તો કેટલાક એ અવસ્થાની અનુભૂતિ માટે સંસારના સઘળા વિષયો અને રસોમાંથી મનને પાછું વાળીને પ્રામાણિકપણે પરમાત્માનું ધ્યાન ધરનારા કે સાધના કરનારા સાચા સાધકો હતા. મોટેભાગે ફળફૂલ ને કંદમૂળ ખાઈને એ નિર્વાહ કરતા. કેટલાક આસપાસની પર્વતીય વસતિમાંથી ભિક્ષા લાવતા.

એવી પરિસ્થિતિમાં બાબા કાલી કમલીવાલાએ એ પવિત્ર ભૂમિમાં પગ મૂક્યા. પહેલેથી જ એમનું મન સંતમહાત્માઓ પ્રત્યેના પ્રેમભાવથી ભરેલું હતું. આથી એમને થયું કે આવા એકાંતવાસી સાધનાપરાયણ સંતોની સેવા કરવી જોઈએ. એમની સેવા પણ એક જાતની મહાન સાધના જ છે ને.

આજુબાજુ રહેતી જનતાની પાસેથી લોટ તથા બીજી સામગ્રી લેવાનું કામ એમણે શરૂ કર્યું. એમાંથી એ રસોઈ બનાવતા અને અરણ્યમાં આવેલા સાધુઓના આશ્રમોમાં ઉત્સાહપૂર્વક ફરીને ભિક્ષા પહોંચાડતા.

સ્નેહ, સેવા અને સમર્પણભાવમાંથી શરૂ થયેલી એ પવિત્ર પ્રવૃત્તિ નિયમિત રીતે ચાલુ જ રહી. હૃષિકેશની મુલાકાતે આવતા ભાવિક ધર્મપ્રેમીઓ પર એણે ખૂબ જ ઘેરી અસર કરી. એટલે એમાંથી જનતાનો સહકાર મળ્યો.

વખતના વીતવા સાથે સારું એવું ફંડ થયું. મકાન થયું, ને સાધુસંતોની સાથે ગરીબ, અપંગ, અનાથ, દીનદુઃખી, વિદ્યાર્થી, વિધવાઓ વગેરેની સેવાસુશ્રુષા ઘણા મોટા પાયા પર થવા માંડી. એ પ્રવૃત્તિ પાછળનું સંકલ્પબીજ ઘણું પ્રાણવાન, પવિત્ર ને પ્રબળ હતું. એની પાછળ કોઈ અંગત સ્વાર્થ, લાલસા કે કામના ન હતી.

એમાંથી ઊગેલો અંકુર વખત જતાં વિશાળ વૃક્ષમાં પરિણમ્યો. સેવાનું એ વિશાળ વટવૃક્ષ અનેકનાં તન-મન-અંતરને માટે આરામદાયક ને આશીર્વાદરૂપ થઈ પડ્યું.

કાલી કમલીવાલાનો ઉદ્દેશ પોતાના જીવનને ચંદનની જેમ પરાર્થે ઘસી નાખવાનો ને બીજાને સુવાસ પહોંચાડવાનો હતો. પોતે સંકટ સહીને, તપીને કે વ્યથા ભોગવીને પણ બીજાને સુખી કરવાનો, આનંદ આપવાનો એમનો ઉદ્દેશ હતો. એ ઉદ્દેશની પૂર્તિ માટે એમણે આજીવન પરિશ્રમ કર્યો.

એમણે ઊભી કરેલી સેવાની વિશાળ સંસ્થા તે જ બાબા કાલી કમલીવાલાની સંસ્થા. ભારતમાં જ નહિ, પરંતુ ભારતની બહાર પણ આવી સંસ્થાનો જોટો જડવો મુશ્કેલ છે.

કેટલાક લોકો માને છે તેમ એ સંસ્થા એકલી સાધુઓને ભિક્ષા આપનારી સંસ્થા નથી. એના તરફથી બીજી ઘણી પ્રવૃત્તિઓ ચાલે છે. સાધુઓને, પાઠશાળામાં ભણતા સાધન વગરના વિદ્યાર્થીઓને, વિધવાઓને ને બીજા અછતવાળા લોકોને રોજ લોટ, દાળ, અનાજ, મસાલા આપવામાં આવે છે. સાથે સાથે સંસ્થા ઔષધાલય, પુસ્તકાલય, ગૌશાળા, પરબ, સત્સંગભવન, સંસ્કૃત વિદ્યાલય અને આત્મવિજ્ઞાન ભવનની પ્રવૃત્તિઓ પણ ચલાવે છે. ૧૬૦ જેટલા સંતો ને ૧૨૫ જેટલા કુષ્ઠ રોગીઓને પંદર પંદર દિવસની ખાદ્યસામગ્રી એક સાથે આપવાનો પ્રબંધ પણ કરવામાં આવ્યો છે. લોટ જેવી સામગ્રીનો લાભ રોજ લેનારાં સ્ત્રી-પુરુષોની સંખ્યા ૨૫૦ થી ૬૦૦ સુધીની હોય છે ને રોજના ૮૦૦ થી ૧૦૦૦ સાધુઓ તૈયાર રસોઈ લેતા હોય છે. યાત્રાના દિવસો દરમ્યાન એમની સંખ્યા સ્વાભાવિક જ વધી જાય છે.

હૃષિકેશની લક્ષ્મણઝુલાની જગ્યામાં ગંગા પાર કરવા માટે પહેલાં દોરડાંનો કાચો પૂલ હતો. પૂલની નીચેનો પ્રવાહ અત્યંત ઊંડો ને વેગવાળો હોવાથી મુસાફરોને ઘણી મુશ્કેલી પડતી.

બાબા કાલી કમલીવાલા તો લોકોની મુશ્કેલીઓના નિવારણમાં જ આનંદ માનનારા. એમનાથી એ મુશ્કેલી કેવી રીતે જોઈ શકાય ? એમણે એમનો ઉપાય કરવાનો સંકલ્પ કર્યો. ઈશ્વરે એમની પાસે શેઠ સૂરજમલ ઝુનઝુનવાલાને નિમિત્ત બનાવવા માટે મોકલી આપ્યા. એમણે બાબાને ધન પ્રદાન કરવાની ઈચ્છા બતાવી.

બાબાએ કહ્યું : 'ધનને લઈને હું શું કરીશ ? હું તો સંન્યાસી છું. એટલે વ્યક્તિગત ધનસંગ્રહ ના કરી શકું. તમારી ઈચ્છા ધનનો સદુપયોગ કરવાની જ હોય તો આ પૂલને પાકો કરી દો. આથી લોકોનું ભલું થશે. લોકસેવાના આ ઉત્તમ યજ્ઞમાં તમે આહુતિ આપો.'

અને એમના આદેશાનુસાર સૂરજમલ શેઠે એ પૂલને ઠેકાણે આજનો સુંદર પાકો પૂલ બનાવી દીધો. એ પૂલ પરથી પસાર થતા પ્રવાસીઓને ખબર પણ નહિ હોય કે એ કાલી કમલીવાલાના સેવાભાવનું પ્રત્યક્ષ પ્રાણવાન પ્રતીક છે.

સેવાક્ષેત્રે એ મહાપુરુષનો એક બીજો સુંદર ફાળો પણ જાણવા જેવો છે. એ વખતે બદરીનાથની યાત્રા ઘણી કઠિન કહેવાતી. ધર્મભાવનાવાળાં સ્ત્રી-પુરુષો ખૂબ ખૂબ વિપત્તિઓ વેઠીને એ વિકટ યાત્રા પૂરી કરતા. એ વખતે આજના જેવી મોટરો તો ત્યાં દોડતી જ નહિ. માર્ગમાં પૂરતી ધર્મશાળાઓનો પણ અભાવ હતો.

બાબાએ ઈ.સ. ૧૮૮૦માં બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી તથા જમનોત્રીની યાત્રા કરીને એ માર્ગની મુશ્કેલીઓનો અનુભવ કર્યો. આથી એમનું પરગજુ હૃદય કકળી ઉઠ્યું. એ માર્ગની મુસીબતોને ઓછી કરવાનો એમણે નિર્ણય કર્યો. એ સંકલ્પને સાકાર સ્વરૂપ આપવા એમણે સહારનપુર, મેરઠ, દિલ્હી ને કલકત્તા જેવા શહેરોનો પ્રવાસ કરી, લોકલાગણીને જાગ્રત કરી.

ત્યાંના સેવાભાવી સંતોનો સંપર્ક સાધ્યો. એ સંપર્કના પરિણામે એમની ભાવના ફળીભૂત થઈ. બદરી, કેદાર, ગંગોત્રી ને જનમોત્રીના માર્ગમાં એમણે ઠેકઠેકાણે નેવું જેટલી ધર્મશાળાઓ, પરબો, ઔષધાલયો,

પુસ્તકાલયો, સદાવ્રતો, અન્નક્ષેત્રો, સાધુકુટિરો તેમજ મુસાફરોને મદદરૂપ થાય એવી બીજી પ્રવૃત્તિઓનું નિર્માણ કર્યું. એના સફળ સંચાલન માટે વ્યવસ્થા કરી.

ઉત્તરાખંડના એ ચારે ધામની યાત્રા દરમ્યાન એ મહાપુરુષની સેવાવૃત્તિનો પરિચય આપતી કેટલીય પ્રવૃત્તિઓને જોઈને આજે પણ આપણા અંતરમાં એમને માટે આદરભાવ ઉત્પન્ન થાય છે.

ઉત્તરાખંડ સિવાય હરિદ્વાર, ઋષિકેશ, રામનગર, કનખલ, કલકત્તા, કુરુક્ષેત્ર ને પ્રયાગરાજ જેવા સ્થળોમાંય એમની સેવાસંસ્થાઓ વિસ્તરવા માંડી.

એમનો જન્મ પંજાબના ગુજરાનવાલા જિલ્લાના જલાલપુર ગામમાં ઈ.સ. ૧૮૩૧માં એક વૈશ્ય કુટુંબમાં થયેલો. એમનું મૂળ નામ બિસાવાસિંહ હતું. નાની ઉંમરથી જ એમનામાં વૈરાગ્યવૃત્તિના અંકુરો ઉગવા માંડેલા. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી પણ એ વૃત્તિ કાયમ રહી. એના પરિણામરૂપે છેક બત્રીસ વરસની ઉંમરે પત્ની, પુત્ર તેમજ કુટુંબીજનોને એમણે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે મારા જીવનનો બાકીનો સમય હું લોકસેવામાં વિતાવવા માગું છું. એમનો દૃઢ નિશ્ચય આખરે વિજયી નીવડ્યો.

તપોનિધિ મહારાજ પાસેથી એમણે સંન્યાસની દીક્ષા લીધી. એ પછી એમનું નામ વિશુદ્ધાનંદ પડ્યું. પરંતુ એ મોટે ભાગે કાળી કામળી પહેરતા હોવાથી બાબા કાલી કમલીવાલાના સાંકેતિક નામે ઓળખાવા માંડ્યા. મીરાંની પેઠે એમને પણ કદાચ થયું હશે કે 'ઓઢું હું કાળો કામળો, દૂજો ડાઘ ના લાગે કો'ય.'

જેમ કૃષ્ણપ્રેમમાં ડૂબેલી મીરાંને સંસારનો કોઈ ડાઘ ના લાગ્યો તેમ લોકસેવાની લગનવાળા વિશુદ્ધાનંદ પણ સેવા કરતાં કરતાં દુનિયાના ભાતભાતના ડાઘથી દૂર રહ્યા. સેવા કરતાં કરતાં જેમ કેટલાક સેવાને ભૂલીને મેવામાં પડી જાય છે તેમ વિશુદ્ધાનંદજી પદ, પ્રતિષ્ઠા, પૈસા કે મદના મેવામાં ન પડ્યા. એમણે આજીવન સેવામાં જ મેવાની મીઠાશ માણી. જે સેવાધર્મને અત્યંત ગહન, સૂક્ષ્મ, જટિલ ને યોગીઓની પણ સમજમાં ન આવે એવો અસાધારણ કહ્યો છે, અને જે માર્ગે કોઈ વિરલ, પ્રમાણિક, જાગ્રત, વિશુદ્ધ પ્રકૃતિના, અનુકંપા ભરેલા સંતો જ સફળતાપૂર્વક આગળ વધી શકે છે, તે માર્ગે એમણે સ્વસ્થતા સાથે સફર કરી.

જેમનું હૃદય બીજાને સુખી કરવા સંવેદનશીલ બને છે, જે સદાય સમર્પણભાવના સેવે છે, એની સેવા ગમે તે ક્ષેત્રમાં હોય તો પણ સમાજને માટે આશીર્વાદરૂપ છે. એવા મહાપુરુષો માનવજાતિની મહામૂલી મૂડી છે. સમાજની સૂરત પણ આવા સમાજઘડવૈયાઓ ફેરવી શકે છે.

જીવનની છેલ્લી ક્ષણ સુધી અવિરત સેવા કરનાર કાલી કમલીવાલા, પોતાને સેવક, સેવાવ્રતના ભેખધારી કે કર્મયોગી કહેવડાવવામાં ગૌરવ નહોતા માનતા. એવા ઉપનામથી એ દૂર જ રહેતા.

કોઈ એમને કહેતું કે તમે ભારે મહત્વની સેવા કરી રહ્યા છો, તો એ ઉત્તર આપતા કે, 'તમે શું ભાન ભૂલીને મને માનરૂપી મદિરા પાવા માંડ્યા ? સેવા કોણ કરે છે ? ગાડા નીચે કૂતરું ચાલે એટલે એણે સેવા કરી ? હું તો ઈશ્વરના હાથનું હથિયાર છું, નિમિત્ત છું. જે કરાવે છે તે કર્યે જાઉં છું. આથી વધારે કશું જ નહિ...'

આજે એ વિરક્ત લોકોપકારી સદેહે હયાત નથી, પણ એમણે સ્થાપેલી સંસ્થા અને એનાં કાર્યો દ્વારા અમર છે. એમના યશશરીરને વૃદ્ધાવસ્થાયે નથી ને મૃત્યુયે નથી. આજે તો સાધનો વધ્યાં છે, પણ વરસો

પહેલાંની પરિસ્થિતિ આજના જેટલી અનુકૂળ ન હતી ત્યારે એમને જે પરિશ્રમ કરવો પડ્યો ને વિપત્તિ વેઠવી પડી એનો સાંગોપાંગ, કડીબદ્ધ, પ્રમાણભૂત ઈતિહાસ તો એમના પાસે જ રહી ગયો. આપણી પાસે તો એની ઝલક માત્ર છે.

છતાં પણ શૂન્યમાંથી એક વિરાટ સેવાસંસ્થાનું સર્જન કરનાર, એ સંતપુરુષને માટે આપણને માન તો થાય છે જ. એમનું જીવન પેલા કહેલા કવિત જેવું જ હતું -

'જનની જણ તો ભક્ત જણ, કાં દાતા, કાં શૂર,
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર !'

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧. યોગવિદ્યાનો અદભુત પ્રસંગ

ઉત્તર પ્રદેશમાં આવેલા ગોરખપુરના ગોરખનાથ મંદિરમાં બાબા ગોરખનાથજીની ચિત્તાકર્ષક પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ છે. એનાં દર્શન કરતાં નાથ સંપ્રદાયના યોગીઓ મછંદરનાથ, ગોરખનાથ, ચર્પટનાથ, ગહિનીનાથ જેવા મહાપુરુષોના જીવનના પ્રેરણાદાયક પ્રસંગોનો ઈતિહાસ આંખ સામે ખડો થઈ જાય છે.

નાથ સંપ્રદાયનો વિચાર કરતી વખતે યોગસાધના માટે કહેવાયેલું એક સૂત્ર યાદ આવી જાય છે. જેનો અર્થ નીચે મુજબ છે :

'યોગના અગ્નિથી પ્રદીપ્ત થયેલા શરીરવાળા યોગીને મૃત્યુનો ભય રહેતો નથી, વૃદ્ધાવસ્થા સતાવતી નથી, કોઈ પ્રકારનો રોગ એને થતો નથી. આવો યોગી મૃત્યુંજય અને અખંડ યૌવનવાળો હોય છે.'

નાથ સંપ્રદાયના યોગીઓ પણ ઈન્દ્રિયો તથા મન પર કાબૂ મેળવી, પરમાત્માનો સાક્ષાત્કાર સાધી, પરમ શાંતિ, મુક્તિ મેળવવામાં તો માનતા, પરંતુ પોતાની સૂક્ષ્મ અને સ્થૂળ પ્રકૃત્તિને પલટાવી, એને દિવ્ય બનાવવામાં પણ રસ લેતા. આવા બેવડા રસને પરિણામે થયેલી ચોક્કસ સાધનાથી મછંદરનાથ ને ગોરખનાથ જેવા મહાયોગીઓ આત્મવિકાસના ઉચ્ચતમ શિખરે પહોંચી, નરમાંથી નારાયણ બની ગયા હતા. વિકાસના આ સર્વોચ્ચ શિખરે પહોંચવામાં આસન, પ્રાણાયમ, ષટક્રિયા અને ખેચરી મુદ્રા જેવી બીજી મુદ્રાઓને ખાસ મહત્વ અપાતું.

નાથ સંપ્રદાયમાં આજે પહેલાંના જેવા પ્રતાપી પુરુષો ભાગ્યે જ જોવા મળે છે, પણ એ સંપ્રદાયના સાચા પ્રતિનિધિ જેવા એક આદર્શ યોગીપુરુષ છેલ્લી સદીમાં થઈ ગયા.

એ પ્રતાપી મહાપુરુષ તે ગોરખપુરના ગોરખમંદિરના મહંત ગંભીરનાથજી. એકાંત અને શાંત સ્થાનોમાં વર્ષો સુધી રહીને, અનેક પ્રકારની અટપટી ગુરુગમ્ય સાધનાઓ કરી તેઓ સિદ્ધાવસ્થાએ પહોંચી ચૂક્યા હતા. જીવનના ઉત્તરાર્ધમાં એ મહાન યોગીપુરુષ ગોરખનાથ મંદિરમાં રહેતા. ઘણા ભક્તો, જિજ્ઞાસુઓ અને દર્શનાર્થીઓ એમના સત્સંગનો લાભ લઈ શાંતિ મેળવતા. આવા મહાપુરુષનો એક પાવન પ્રસંગ અહીં વર્ણવેલો છે.

ગોરખપુરમાં રહેતા એક શ્રદ્ધાળુ શ્રીમંત ભક્તે એક દિવસ બાબા ગંભીરનાથજીને વંદન કરીને કહ્યું : 'બાબા, મારા મનને મારા યુવાન પુત્રની માંદગીની ચિંતા અસ્વસ્થ કરી રહી છે. ઈંગ્લાંડમાં રહેતા એ પુત્રની માંદગીનો પત્ર મને ઘણા દિવસો પહેલાં મળેલો. ત્યારે એ ખૂબ બિમાર હતો. હમણાં એના કોઈ જાતના સમાચાર નથી. યોગીઓ પોતાની દૂરદર્શન અને શ્રવણની શક્તિથી બધી વાતો જાણી શકે છે એવી મને શ્રદ્ધા છે. આપ કૃપા કરો અને મારા પુત્ર સંબંધી કાંઈક જણાવો તો મને શાંતિ મળે.'

યોગી ગંભીરનાથજી સિદ્ધિથી થતા ચમત્કારોનું જાહેર પ્રદર્શન કરવામાં માનતા નહોતા-છતાં ભક્તની ચિંતા-દુઃખ ઓછું કરવાના હેતુથી તેઓ દ્રવી ગયા. ભક્તને બેસવાનું કહી, પોતાના સાધનાખંડમાં જઈને પદ્માસન વાળી બેસી ગયા.

થોડીવારે બહાર આવી, પેલા ભક્તને સંબોધી એમણે કહ્યું : 'તમારા પુત્રની બિમારી દૂર થઈ છે અને તે સ્ટીમરમાં ભારત પાછો ફરી રહ્યો છે. થોડા દિવસોમાં તમને એનો મેળાપ થશે.'

યોગીપુરુષના એ શબ્દોથી પેલા ગૃહસ્થને સંતોષ થયો અને એનું મન શાંત થઈ ગયું. એકાદ અઠવાડિયામાં એ ભક્તનો પુત્ર ઘેર આવી પહોંચ્યો.

એને સાજો-સારો જોઈ આ શ્રીમંત ભક્તને બાબા ગંભીરનાથજીની અજબ શક્તિનો ખ્યાલ આવ્યો અને એમના પ્રત્યે અસાધારણ આદરભાવ પેદા થયો.

બીજે દિવસે બાબાને દર્શને જતી વખતે એણે ઈંગ્લાંડથી આવેલા પુત્રને પણ સાથે આવવા કહ્યું પણ એણે પોતાની ઈચ્છા બતાવી નહિ. આમ છતાં પિતાના વધુ પડતા આગ્રહને વશ થઈ એમની સાથે જવા એ તૈયાર થયો.

ગોરખનાથના મંદિરના પ્રાંગણમાં બીરાજેલા મહાયોગી ગંભીરનાથને જોઈ, પેલા યુવાનને આશ્ચર્ય થયું. એમને ભારે પ્રેમપૂર્વક વંદન કરી એણે પિતાને કહ્યું : 'આ મહાત્માને તો મેં જોયા છે.'

'તું એમને ક્યાંથી જુએ ? અત્યારે તો તું પહેલી વાર અહીં આવે છે !' પિતાને નવાઈ લાગી.

'અઠવાડિયા પહેલાં, સ્ટીમરમાં હું ભારત આવતો હતો ત્યારે, એક દિવસ સાંજે અમે મળ્યા હતા. એમનું સ્વરૂપ આવું જ શાંત અને તેજસ્વી હતું. મારી સાથે વાતચીત કરી, તેઓ ક્યાં ચાલ્યા ગયા તેની મને ખબર પડી નહીં.'

પુત્રના નિવેદનથી પેલા ગૃહસ્થને અઠવાડિયા પહેલાંનો પ્રસંગ યાદ આવી ગયો. હવે એને ખાત્રી થઈ ગઈ, કે ગંભીરનાથજીએ તે દિવસે સાધનાખંડમાં પ્રવેશીને આ છોકરાની મુલાકાત લીધી હશે.

'આશ્ચર્ય પામવાની જરૂર નથી.' યોગીશ્રીએ ખુલાસો કર્યો. 'તમારા પુત્રની વાત સાચી છે. હું એને સ્ટીમર પર મળ્યો હતો ને તેની તબિયતના ખબર-અંતર પણ પૂછ્યા હતા.' અને બાબાએ પેલા યુવક સામે જોઈને સ્મિત કર્યું.

પિતા-પુત્રની જિજ્ઞાસાવૃત્તિ સંતોષવા ગંભીરનાથજીએ વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું : 'યોગની અમુક પ્રકારની ક્રિયા-સાધનાઓ એવી હોય છે જેથી સાધક પોતાના સ્થૂળ અને સૂક્ષ્મ શરીર ઉપર સંપૂર્ણ કાબૂ મેળવી શકે છે. અને સૂક્ષ્મદેહ કે સ્થૂલ શરીર દ્વારા જ ગમે તેટલા દૂરના સ્થળે પહોંચી જઈ ત્યાંની વસ્તુ કે વ્યક્તિના સંબંધમાં માહિતી મેળવી શકે છે. '

પોતાની ઈચ્છાનુસાર ગતિ કરવાની એ વિદ્યા નાથ સંપ્રદાયનાં યોગીઓને હસ્તગત હતી. એ વિદ્યાનો ઉપયોગ કરી તે મહાપુરુષો ભારે આશ્ચર્ય પમાડે તેવા કાર્યો કરી શકતા. આજની હાલત તો 'સાપ ગયા અને લીસોટા રહ્યા' જેવી કરુણ હોવા છતાં ભારત હજુ આવા સમર્થ-પ્રાતઃસ્મરણીય યોગીઓથી રહિત નથી. હજુ અમુક સ્થાનોમાં આવા યોગીઓ વસે છે.

પૂજ્ય શ્રી ગંભીરનાથજીની મુલાકાત પછી પેલા શ્રીમંત ભક્તનો પુત્ર પણ બાબાનો શિષ્ય બની ગયો.

એ મહાપુરુષ ચમત્કાર, વિશેષ શક્તિ કે સિદ્ધિને જીવનનું ધ્યેય નહોતા માનતા. ચમત્કારના સામુહિક અથવા જાહેર પ્રદર્શનમાં પણ તેઓ રુચિ રાખતા નહીં.

સાધકો તેમજ સંતપુરુષોને પણ તેઓ 'ચમત્કારના ચક્કર'માં પડી, જીવનના મૂળ હેતુને ભૂલી ન જવાનો ઉપદેશ આપતા. છતાં, શ્રદ્ધા-ભક્તિસંપન્ન શિષ્યો તથા ભક્તોને સહાયક બનવાના આવા પાવન પ્રસંગો એમના જીવનમાં સહજ રીતે બન્યા કરતાં.

ગોરખપુરની જ નહિ, પણ સમસ્ત ભારતની ભૂમિને પવિત્ર કરનાર આવા મહાયોગીને આપણા સદાય વંદન હજો !

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨. આધેડ વયની સ્ત્રી

મૃત્યુ પછી જીવનનું કોઈ અસ્તિત્વ રહે છે ખરું ? સંસ્કૃતિની શરૂઆતના કાળમાં સમજુ માનવના મનનશીલ મનને એ સમસ્યા સતાવતી હશે, પણ હવે અસંખ્ય વરસોથી એનો સંતોષકારક ઉકેલ આવી ગયો છે.

મનનશીલ માનવે શોધી કાઢ્યું છે ને સુનિશ્ચિત કર્યું છે કે મૃત્યુ પછી પણ જીવન રહે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં માનવમનના એ નિશ્ચયને પ્રકટ કરતા પેલા પ્રસિદ્ધ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે 'મનુષ્યો જેવી રીતે જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરીને નવા વસ્ત્રોને ધારણ કરે છે તેવી રીતે જીર્ણ શરીરનો પરિત્યાગ કરી જીવાત્મા બીજા નવા શરીરમાં પ્રવેશ કરે છે.'

મૃત્યુ પછીના જીવનમાં માનવા માટે મહત્વના કારણો ત્રણ છે. એક તો કર્મના નિયમનું કારણ, બીજું જીવનના ધ્યેયનું કારણ અને ત્રીજું પ્રત્યક્ષ પ્રમાણ અથવા અનુભવોનું કારણ.

કર્મના નિયમમાં દુનિયાના મોટા ભાગના કે સઘળા સુસંસ્કૃત ધર્મો વિશ્વાસ ધરાવે છે. કર્મ અવશ્ય ફળે છે, અને સારા કર્મોનું સારું ફળ અને ખરાબ કર્મોનું ખરાબ ફળ જરૂર મળે છે-એ નિયમ લગભગ સર્વસંમત જેવો છે. અને એમાં હિંદુ ધર્મ, જરથુસ્ત ધર્મ, ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ તથા બૌદ્ધ ધર્મ પણ માને છે. એ નિયમમાં વિશ્વાસ રાખનાર સહેજે જાણે છે, કે સારાં-નરસાં બધા જ કર્મોનું ફળ એક જન્મમાં કે એક જીવનમાં નથી મળતું. તો પછી જે શુભાશુભ કર્મફળો બાકી છે તેમને ભોગવતા પહેલાં જો વર્તમાન શરીર છૂટી જાય કે સમાપ્ત થાય તો એનો અર્થ એવો ન જ થઈ શકે કે જીવનનો અંત આવ્યો. એ કર્મફળોના ઉપભોગ માટે બીજા શરીર કે જીવનને ધારણ કરવું જ પડે. ત્યાં સુધી ધારણ કરવું પડે જ્યાં સુધી એ શુભાશુભ કર્મફળોના ઉપભોગનો અંત આવે.

એવી રીતે કર્મના નિયમમાં માનનારે જન્માંતરમાં, પુનર્જન્મમાં અથવા જીવનની પરંપરા કે પુનરાવૃત્તિમાં જરૂર માનવું પડે છે.

પુનર્જન્મમાં કે જીવનની પુનરાવૃત્તિમાં વિશ્વાસ પ્રેરનારું બીજું મહત્વનું કારણ જીવનના ધ્યેયનું છે. આ જીવન સાવ નિરર્થક અથવા ધ્યેયરહીત તો ન જ હોઈ શકે.

એના ધ્યેય પ્રતિ એ ચોક્કસ રીતે પ્રયાણ કરી રહ્યું છે. ન્યુટને જોયું કે ઝાડ પરથી પડનારું ફળ ઉપરની દિશામાં નહિ, પણ નીચેની દિશામાં ગતિ કરે છે. ન્યુટને એના પરથી ગુરૂત્વાકર્ષણનો સિદ્ધાંત શોધી કાઢ્યો.

ફળ પૃથ્વી પર પડે છે ને પૃથ્વીના આકર્ષણનો અનુભવ કરે છે, કારણ કે એની મૂળ માતા પૃથ્વી છે. એ પૃથ્વીમાંથી પેદા થયું. એવી રીતે ગુરૂત્વાકર્ષણના નોંધપાત્ર નિયમાનુસાર જીવ સદાયે પોતાના મૂળભૂત શિવતત્વમાં પ્રતિષ્ઠિત થવા કે મળી જવા ઝંખે છે ને પ્રવૃત્તિ તથા પ્રગતિ કરે છે.

જીવન દ્વારા સચ્ચિદાનંદ સ્વરૂપના સ્વાનુભવની અને એમાં પ્રતિષ્ઠિત થવાની કે મળી જવાની એ પ્રવૃત્તિ ચાલુ જ રહે છે, અને એની પૂર્ણાહુતિ ન થાય ત્યાં સુધી જીવનની સમાપ્તિ થતી નથી. એ રીતે વિચારતા જીવનની પુનરાવૃત્તિનો વિશ્વાસ સહજ બને છે.

ત્રીજી વાત પ્રત્યક્ષ પ્રમાણની છે. હિંદમાં પ્રાચીન અર્વાચીન કાળમાં એવા પ્રતાપી સ્ત્રી-પુરુષો થઈ ગયા છે જેમણે સાધનાપરાયણ જીવન જીવી પોતાના પૂર્વજન્મોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તથા બીજાના પૂર્વજન્મો વિશે પણ પ્રકાશ ધર્યો છે.

નારદજી, જડભરત, ભગવાન કૃષ્ણ, બુદ્ધ ને મહાવીરના જીવન એના ઉત્તમ ઉદાહરણરૂપ છે. અર્વાચીન કાળમાં પણ ભારતનાં ને ભારતની બહાર પોતાની પૂર્વજન્મની સ્મૃતિવાળા કેટલાક આત્માઓ જન્મે છે.

તેમના કહ્યા પ્રમાણેની તેમના પૂર્વજન્મની વિગતોની ચકાસણી થાય છે, ને એ બધી ચકાસણી સાચી ઠરે છે. એ આત્માઓ આત્મિક વિકાસના બીજા પાસાંઓની દૃષ્ટિએ સાવ સાધારણ હોય છે તો ય પૂર્વજન્મના અસાધારણ જ્ઞાનથી સંપન્ન હોય છે. એમના સંસર્ગમાં આવનાર આશ્ચર્યનો અનુભવ કરે છે. છતાં એમની પૂર્વજન્મની સ્મૃતિ સાચી હોય છે એ હકીકત અવારનવાર પુરવાર થઈ ચૂકી છે.

ખ્રિસ્તી ધર્મ તથા ઈસ્લામ ધર્મ 'ડે ઓફ જજમેન્ટ' અને 'કયામત'ના દિવસમાં માને છે. એ પ્રમાણે મૃત્યુ પછી કબરમાં સૂતેલા જીવોને ઈશ્વર એક નિશ્ચિત દિવસે ઊઠાડે છે, ને એમના કર્મોના હિસાબ સંભળાવે છે.

પરંતુ પ્રશ્ન એ થાય છે કે ઈશ્વર બધો હિસાબ સંભળાવીને બેસી રહે છે, કે એથી આગળ વધીને એ જીવોને કર્મના શુભાશુભ ફળો ભોગવવા બાધ્ય કરે છે ? ઈશ્વર જો એવી રીતે બાધ્ય કરતા હોય, ને કરે જ, તો કર્મફળના ભોગ માટે શરીર તો જોઈએ જ.

ઈશ્વર કબરમાં સૂતેલાઓને એમના કર્મોનો હિસાબ સંભળાવવા જગાડે છે એ માન્યતામાં પુનર્જન્મનો સિદ્ધાંત સમાયેલો છે. પરંતુ હિંદુ ધર્મે એ સિદ્ધાંતને વધારે વાસ્તવિક ને વિશાળ રૂપ આપ્યું છે. એ દૃષ્ટિએ જોતાં હિંદુધર્મની આગળ એ ધર્મો ઘણા સાધારણ તથા પછાત લાગે છે. હિંદુ ધર્મે પોતાના સુંદર સદગ્રંથો દ્વારા પુનર્જન્મ-પૂર્વજન્મના સિદ્ધાંતોનું અત્યંત સુંદર, હૃદયંગમ તેમજ તર્કબદ્ધ રીતે પ્રતિપાદન કરી બતાવ્યું છે. એ સંબંધી આટલો નિર્દેશ પૂરતો થઈ પડશે.

છતાંય મૃત્યુ પછી બધા જ સંજોગોમાં તરત જ બીજા સ્થૂળ શરીરની પ્રાપ્તિ થાય છે એવો નિયમ નથી સ્થાપી શકાતો. મૃત્યુ પછી જીવાત્મા કેટલીક વાર તરત જ બીજા શરીરમાં પ્રવેશ કરે છે તો કેટલીક વાર અધૂરી રહેલી આકાંક્ષાઓ કે વાસનાઓના ઉપભોગ માટે આવશ્યકતાનુસાર સૂક્ષ્મ શરીર ધારણ કરીને તેમાં પણ શ્વાસ લે છે. એને લિંગ શરીર કહેવામાં આવે છે. એ વ્યવસ્થા કરી લેવાની શક્તિ કે સ્વતંત્રતા એનામાં નથી હોતી. એ વ્યવસ્થા પરમાત્માની જન્મ ને મરણની વ્યવસ્થા કરનારી પરમ શક્તિ કરતી હોય છે. સુક્ષ્મ શરીરના એ કામચલાઉ કાળચક્રમાં શ્વાસ લેનારા જીવો સારા અને નરસા અથવા સાધારણ અને અસાધારણ બંને જાતના હોય છે. કોઈવાર એમનો આશ્ચર્યકારક પરિચય થઈ જાય છે. એવા જ એક સૂક્ષ્મ શરીરધારી સાધારણ જીવાત્માના પરિચય વિશે કહી બતાવું.

એ ઘટના આજથી આશરે સાતેક વરસ પહેલાં બનેલી છે.

એ વખતે શિયાળામાં હું મુંબઈ હતો ત્યારે વાલકેશ્વર પર આવેલા એક સેનેટોરિયમમાં રહેવા ગયેલો.

સેનેટોરિયમનું સ્થાન ઘણું શાંત, સ્વચ્છ તથા સુંદર હતું એટલે મને ગમી ગયું. ત્યાંથી સમુદ્રના વિશાળ સ્વરૂપનું દર્શન થતું હોવાથી એની સુંદરતામાં વધારો થતો.

એ સેનેટોરિયમમાં પ્રવેશ કર્યા પછીની પહેલી જ રાતે હું મારા ઓરડામાં પલંગ પર બેસીને પ્રાર્થના કરતો હતો ત્યાં જ કોઈક સ્ત્રીની અજાણી આકૃતિ મારી આગળ આવીને ઊભી રહી.

બારીમાંથી બહારના રસ્તા પરની બત્તીનો સાધારણ પ્રકાશ આવતો. તેને લીધે ઓરડામાં થોડોક ઉજાસ હતો. એ ઉજાસમાં હું એને જોઈ શક્યો.

એ સ્ત્રીની ઉંમર લગભગ ૩૦-૩૫ વરસની હશે. એની મુખાકૃતિ આકર્ષક, શાંત અને ગૌર હતી. એણે ગુલાબી રંગની સુંદર સાડી પહેરેલી. મારી સામેના અંધકારમાંથી ઊપસી આવીને એ મારી તરફ નજર માંડીને ઊભી હતી.

મને થયું કે આ વળી કોણ છે ?

આજ પહેલાં મેં એવી બીજી કેટલીય આકૃતિઓ જોઈ હતી એટલે એને જોઈને મને નવાઈ ના લાગી, છતાં પણ એની આકસ્મિક હાજરીથી એક પ્રકારની અસાધારણ લાગણી તો થઈ આવી જ.

ત્યાં તો એ સ્ત્રી પોતાનો હાથ ઊંચો કરી, પલંગ તરફ આંગળી કરી મૃદુ છતાં મીઠા સ્વરે કહેવા માંડી : 'તમે જે પલંગ પર બેઠા છો તે પલંગ-આ પલંગ-મારો છે !'

મને કાંઈ સમજ ના પડી.

મેં પૂછ્યું : 'એટલે ?'

'એટલે તમે ના સમજ્યા ? બે વરસ પહેલાં સુવાવડમાં આ પલંગ પર જ મારું મરણ થયેલું.'

'એમ ?'

'હા. તમને ખબર નહિ હોય, પરંતુ આ પલંગ મને ખૂબ જ પ્રિય હતો, અને આ ઓરડો પણ. આ સામેના આકર્ષક અરીસામાં હું આખો વખત મારું મોઢું જોયા કરતી. મારું મરણ બહુ જ કરુણ રીતે થયેલું. ત્યારથી હું અહીં જ રહું છું ને ફરું છું.'

મને એ સ્ત્રીની વાત સાંભળીને જરા નવાઈ લાગી. મેં પૂછ્યું : 'તમે અહીં રહીને શું કરો છો ?'

'આ જગ્યામાં કોઈ રહેવા આવે તો માંદા પાડું છું.' તે ધીરેથી બોલી : 'સારા કે ખરાબની ચર્ચામાં નહિ પડું, પરંતુ એથી મને એક પ્રકારનો ઊંડો સંતોષ મળે છે.'

'બીજાને માંદા પાડવામાં સંતોષ ? એ સંતોષ ભારે વિચિત્ર કહેવાય.'

'છતાંય એ એક હકીકત છે. અહીં એક વાત કહી દઉં-મારી વાતમાં વિશ્વાસ રાખજો કે હું બીજાને માંદા પાડીશ પણ તમને માંદા નહિ પાડું.'

એ સ્ત્રીના શબ્દોમાં એક જાતની ઘેરી કરુણતા હતી. એ હજુ મારી સામે જ ઊભી હતી. મારે માટે એ અનુભવ અત્યંત વિલક્ષણ હતો.

મેં કુતૂહલથી પ્રેરાઈને પ્રશ્ન પૂછ્યો : 'આવું જીવન તમને ગમે છે ?'

'શરૂઆતમાં નહોતું ગમતું.' એણે ઉત્તર આપ્યો, 'પરંતુ જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ આવા જીવનથી હું ટેવાઈ ગઈ. હવે તો આ જીવનથી ટેવાઈ ગઈ છું-એટલું જ નહિ, આ જીવન મને ગમે છે.'

'આ યોનિમાં આવ્યા પછી તમને કોઈ વિશેષ શક્તિ મળી છે ખરી ?'

'એવી ઉલ્લેખનીય વિશેષ શક્તિ તો બીજી કોઈયે નથી મળી, છતાં અમારા શરીરમાં પૃથ્વી તત્વ ન હોવાથી અમે અમારી શક્તિની મર્યાદામાં રહીને ઈચ્છાનુસાર ગતિ કરી શકીએ છીએ, દૂરની વસ્તુઓ અને ઘટનાઓ જોઈ શકીએ છીએ. આ યોનિમાં અમને પૂર્ણ શાંતિ તો નથી જ, પરંતુ થોડો ઘણો આનંદ તો છે જ.'

'તમે આ સેનેટોરિયમમાં આવવાના છો તેની મને ખબર હતી, તમે આવ્યા તેનીયે મને ખબર હતી, એટલા માટે જ હું આજે અમુલખ અવસર જાણીને તમારું દર્શન કરવા આવી પહોંચી. હવે હું તમારી વિદાય લઉં છું.'

એટલું કહીને એ સ્ત્રી આજુબાજુના વાતાવરણમાં મળી જઈ અદૃશ્ય થઈ ગઈ. એ પછી બીજી કોઈયે વાર મને એ સ્ત્રીની ઝાંખી થઈ નહોતી.

પાછળથી તપાસ કરતાં ખબર પડી, બે વર્ષ પહેલાં એ જ ઓરડામાં એ જ પલંગ પર એક સ્ત્રીનું સુવાવડ દરમ્યાન મૃત્યુ થયેલું.

એક બીજી આશ્ચર્યકારક હકીકત એ હતી કે મારી સાથે સેનેટોરિયમના એ બ્લોકમાં રહેતાં બધાં સ્ત્રીપુરુષો વારાફરતી માંદાં પડેલા.

મૃત્યુ પછીના બીજા જીવનના આવા અનુભવો ઘણાને થતા હોય છે. કેટલાકને એ અનુભવોમાં આનંદ આવે છે તો કેટલાક એવા સુક્ષ્મ શરીરધારી સામાન્ય જીવો સાથે સંબંધ બાંધવામાં ગૌરવ માને છે. એવા માનવોએ એક વાત યાદ રાખવા જેવી છે કે શક્તિ હોય તો એનો ઉપયોગ મલિન, હલકા, સાધારણ જીવોની સાથે સંબંધ સ્થાપિત કરવાને બદલે તેને ઉત્તમ કોટિના દૈવી આત્માઓ, સંતો અને સંતોના સ્વામી પરમાત્માની સાથે સંબંધ બાંધવા માટે વાપરવામાં આવે એ જ ઉત્તમ અને હિતાવહ છે.

જીવનનું સાચું કલ્યાણ એમાં જ રહેલું છે. માણસ જેવા સંકલ્પ સેવે છે, જેવી યોજનાઓ ઘડે છે, તથા જે પ્રકારનો પુરુષાર્થ કરે છે, તેવો જ બને છે એ કથન ખોટું નથી જ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩. ચોપાટી પર થયેલ અજબ પ્રયોગો

ભારતમાં વૈરાગી સાધુઓની પરંપરા પ્રાચીન કાળથી ચાલી આવે છે. સમય એવો પણ હતો જ્યારે યોગીપુરુષોના આવિર્ભાવથી ઉજ્જવલ બનેલી એ પરંપરાના સાધુઓ સાંસારિક વિષયો ને મહત્વકાંક્ષાથી ઉદાસીન બની, સિદ્ધિ તથા આત્મશાંતિ મેળવતા; તેમજ કોઈ પણ જાતના ઉહાપોહ વગર પોતાની મર્યાદામાં રહી, ધર્માચરણની પ્રેરણા પાઈ, સમાજનું શ્રેય કરતા.

ત્યારે સાધુઓમાં ગુરુપરંપરાનું મહત્વ બહુ મોટું હતું. ગુરુનો અંગિકાર કર્યા વગર, આત્મવિકાસની સાધનામાં આગળ વધવાનું અને ઉત્તરોત્તર પ્રગતિ કરી, એની સફળતા મેળવવી એ અશક્ય હોવાની માત્ર માન્યતા નહિ, શ્રદ્ધા હતી. સંત કબીરે પણ ગાયું છે કે 'ગુરૂ બિન કૌન બતાવે બાટ ..!'

કબીર સાહેબની આ ભજનપંક્તિ એમના પોતાના જીવનમાં વણાઈ ગઈ હતી. ગુરુકૃપાથી સાધક શિષ્યો તેવી આત્મસાધનામાં સફળ થઈ શકતા.

આવા સિદ્ધ ગુરુ સાથેની સાધુમંડળીઓ ઘણી વાર તીર્થયાત્રાએ અથવા પર્યટને પણ નીકળતી, ત્યારે સાધારણ જનસમુહને એના દર્શનનો લાભ મળતો. તેઓ સદ્દપદેશ સાંભળી આશીર્વાદ પણ મેળવતા. સંતપુરુષોની આવી મંડળીઓ કોઈ મંદિરમાં, ધર્મશાળામાં અથવા ખુલ્લા મેદાનમાં પડાવ નાખતી.

આવી મંડળીઓમાં ઘણીવાર અધિકારી સિદ્ધપુરુષો પણ આવતા. કોઈવાર પ્રતાપી તપસ્વી મહાપુરુષો પણ આવી મંડળીની શોભારૂપ બનતા. આમ છતાં, એમાં સહુથી વધુ આકર્ષણ તો એમના ગુરુનું જ રહેતું. એ સદગુરુ ખરેખર તપસ્વી, સંયમી, જ્ઞાની, ભક્તિશાળી તથા પ્રતાપી રહેતા. એમની સાથે સંભાષણ કરવું, એમના સાધનામય જ્યોતિર્મય જીવનનો પરિચય કેળવવો, એ પણ જીવનનો એક લહાવો મનાતો. આવા અમુક ગુરુઓ તો પોતાના સદગુરુઓની પ્રતાપી પ્રાચીન પરંપરાને ટકાવી રાખનારા તેમજ અસાધારણ યોગ્યતાવાળા હતા.

એવા એક લોકોત્તર શક્તિસંપન્ન સદગુરુનું આજે સ્મરણ થઈ આવે છે, અને માત્ર કૌપીનધારી, પાતળી ગૌર તથા તેજસ્વી મુખમુદ્રાવાળી આકૃતિ મારી દૃષ્ટિ આગળ ખડી થઈ જાય છે. એમની શાંત તથા પ્રદીપ્ત આંખ અને એમના સુમધુર સ્મિતવાળા હોઠ લઈને એ મારા મનઃચક્ષુ સમક્ષ ઊભી રહે છે અને વર્ષો પહેલાંના પૃષ્ઠોને ઉથલાવી એક નાનકડી ગૌરવભરી કથા કહે છે.

એ કથા ઈ.સ. ૧૯૩૬-૩૭ની છે. ત્યારે મુંબઈમાં આવી જ એક વૈરાગી સાધુઓની મંડળીએ ચોપાટીના દરિયાની રેતીના વિશાળ પટમાં પડાવ નાખ્યો હતો. મુંબઈની ત્યારની ધર્મપરાયણ અને સંતપ્રેમી પચરંગી પ્રજા સાધુઓના દર્શન-સમાગમ માટે જવા લાગી.

એ વખતે મારી ઉમર બહુ નાની હોવા છતાં, સંતપુરુષો પ્રત્યેના પ્રેમ તથા આકર્ષણથી પ્રેરાઈને હું પણ એ સાધુ મંડળીની મુલાકાતે જતો. એ મંડળીના ગુરુ નાની વયના હોવા છતાં શાંત તેજસ્વી અને પ્રતાપી હતા.

એ સાધુઓને એક દિવસ પાણીની જરૂર પડતા, ચોપાટી પરના એક મકાનમાં બે-ત્રણ સાધુ પાણી લેવા ગયા. મકાનમાં રહેનારાઓએ પાણી તો ના આપ્યું પણ ગમે તેવા શબ્દો બોલી, અપમાન કરી કાઢી મૂક્યા.

આ સાધુઓ પાછા ફર્યા અને ગુરુદેવને બધી હકીકત કહી બતાવી. ગુરૂએ શાંતિથી કહ્યું, 'આજથી તમે ક્યાંય પાણી લેવા ના જતા. આ રેતીમાં ગમે ત્યાં ઊંડો ખાડો ખોદો, એટલે એમાંથી પાણી નીકળશે.'

'પણ એ પાણી તો ખારું હશે ને ?' શિષ્યોએ શંકા કરી. 'એવું ખારું પાણી તો દરિયામાં પણ છે. એવું ખારું પાણી કાંઈ પીવાના અને રસોઈ કરવાના કામમાં થોડું આવશે ?'

આ સાંભળી ગુરુએ જરાક હસી, સંપૂર્ણ સ્વસ્થતાથી જવાબ આપ્યો, 'મારા વચનમાં વિશ્વાસ રાખો, અને મારી આજ્ઞા પ્રમાણે કરો. તે પાણી ખારું નહિ પણ મીઠું જ હશે. એ પીવાના તથા રસોઈના કામમાં પણ આવશે. ઈશ્વર પર શ્રદ્ધા રાખી કામ શરૂ કરો.'

સાધુઓએ ગુરુની સૂચના પ્રમાણે ખાડો ખોદ્યો, અને એમના આશ્ચર્યની વચ્ચે એમાંથી સ્વચ્છ તથા મીઠું પાણી નીકળ્યું. ગુરુને પણ તેથી સંતોષ થયો કે પાણી માટે હવે કોઈને ત્યાં જવું નહિ પડે.

પછી તો આ ચમત્કારની વાત સાધુમંડળી તથા દર્શનાર્થે આવતા લોકોમાં વહેતી થઈ, એટલે માનવસમુદાય ઉમટી પડ્યો.

અમુક લોકોએ આ ખાડાથી થોડે દૂર દરિયાની રેતીમાં બીજા ખાડા પણ ખોદાવી જોયા. પણ કોઈ ખાડામાંથી મીઠું પાણી ના નીકળ્યું, ત્યારે સાધુઓના ગુરુ પ્રત્યે એમની શ્રદ્ધા વધી ગઈ.

એ શ્રદ્ધાને વધુ દૃઢ બનાવે તેવી એક બીજી ઘટના પણ એ જ સાધુમંડળીના વસવાટ દરમ્યાન બનવા પામી હતી.

એક દિવસ સાધુઓને માલપૂઆ ખાવાનો વિચાર થયો, પણ ઘી વગર એ શી રીતે બની શકે ? એમણે પોતાની મુશ્કેલી ગુરુદેવને જણાવી, તો જરાક હસીને ગુરુ બોલ્યા 'એમાં શું ? તમારે માલપુઆ ખાવા સાથે કામ છે ને ? ખાડામાંથી પાણી લઈ એનાથી બનાવી લ્યો ને ! એ ઘી જ છે ! પછી આપણી પાસે ઘી આવે ત્યારે સાગરદેવને, વપરાયું હોય તેટલું, ઘી અર્પણ કરી દેજો.'

સાધુઓએ ગુરુવચનમાં વિશ્વાસ રાખી, પાણીની મદદથી માલપુઆ બનાવ્યા. આ વાત લોકોએ જાણી ત્યારે તેઓ હર્ષઘેલા થઈ ગયા. હવે તો સાધુઓને સેવા અને મેવા બેઉ મળવા લાગ્યા.

મોટી સંખ્યામાં બનાવાયેલા એ માલપૂઆનો પ્રસાદ ઘણા લોકોને અપાયો હતો. આવો પ્રસાદ પામી લોકો ધન્યતાનો અનુભવ કરવા લાગ્યા.

લોકો સાથે વાતો કરતા મંડળીના મહંતે કહ્યું, 'સાધુજીવનનું રહસ્ય લોકોત્તર શક્તિ કે સિદ્ધિમાં નથી રહ્યું, સાધુ જીવન તો પવિત્રતાનું, ઈશ્વરપ્રેમનું ને સેવાનું જીવન છે. શક્તિ તો પ્રભુકૃપાથી આપોઆપ આવી જાય છે. પરંતુ સાચા સાધુ, તે શક્તિનું સ્વાર્થી હેતુથી પ્રેરાઈને પ્રદર્શન નથી કરતા. મહત્વ પણ નથી આપતા, અને તેમાં જ આત્મવિકાસની સાધનાનું સર્વકાંઈ સમાયેલું છે એવું પણ નથી સમજતા. સાચી શક્તિ સ્વભાવને સુધારવામાં, મન તથા ઈન્દ્રિયોને વશ કરવામાં તથા ઈશ્વરને ઓળખવામાં રહેલી છે, એનું ધ્યાન રાખવું જોઈએ.'

એકાદ માસ જેટલો લાંબો વખત રહીને એ મંડળી વિદાય થઈ ત્યારે ઘણા લોકોની આંખો પ્રેમ ને ભક્તિભાવથી ભીની થઈ હતી.

હજુ આજેય એ ગુરૂદેવની શાંત, નિર્વિકાર મૂર્તિનું દર્શન કરીને, હૃદય એમના પ્રત્યેના ઊંડા આદરભાવથી ભરાઈ જાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪. અદભૂત મહાપુરુષ

દક્ષિણેશ્વરનું નામ કોણે નથી સાંભળ્યું ?

ભારતની અંદર જ નહિ, ભારતની બહારના દેશોમાં પણ એ નામ જાણીતું છે. પરદેશીઓ એનાં દર્શને આવે છે.

એની સાથે કેવળ ભારતની જ નહિ, પરંતુ સંસારની મહાન આધ્યાત્મિક વિભૂતિ શ્રી રામકૃષ્ણ પરમહંસનું નામ સંકળાયેલું છે. એ મહાપુરુષે ત્યાં રહીને પોતાના જીવનની સાધના તથા મહામૂલ્યવાન લીલા કરેલી.

કલકત્તાના ગંગાતટવર્તી શાંત અને એકાંત સ્થાનમાં એમની સ્મૃતિઓ આજે પણ વિદ્યમાન છે. એમની દીર્ઘકાળની તપશ્ચર્યા તથા આરાધનાનાં પરમાણુ ત્યાંના વાતાવરણમાં ફરી રહ્યાં હોય તથા પ્રેરણાની સામગ્રી ધરી રહ્યા હોય એવું જ લાગ્યા કરે છે. એને લીધે દર્શનાર્થીને ઊંડી શાંતિ મળે છે. જાણે પોતે આ દુનિયાની કોઈ નવી-દૈવી દુનિયામાં પ્રવેશ કર્યો હોય એવો પણ અનુભવ થાય છે.

સર્વપ્રથમ ઈ.સ. ૧૯૪૫માં મેં એ સુંદર સ્થળની મુલાકાત લીધી ને ત્યાં થોડો વખત હું રહ્યો ત્યારે મારું હૃદય ઈશ્વરભક્તિથી તથા રામકૃષ્ણ પરમહંસદેવ માટેના પ્રેમથી ભરપૂર હતું. મનમાં એવી ઈચ્છા હતી કે મને શ્રી રામકૃષ્ણ પરમહંસનું દર્શન થાય તેમજ તેમના તરફથી નવો અનુભવ મળે તો સારું.

એ દિવસોમાં મારો દિવસ અને રાતનો સમય પ્રાર્થના તથા ધ્યાનમાં જ પૂરો થતો. મારા અંતરમાં શાંતિ માટે જે ઝંખના અને આતુરતા હતી તેનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી.

એ એકાંત, સુંદર, શાંત સ્થળમાં સુક્ષ્મરૂપે ભળી ગયેલા રામકૃષ્ણદેવના જીવનપ્રસંગો મારા સ્મૃતિપટ પર અને મારી આંખ આગળ સજીવ બની રમવા માંડ્યા.

એ દિવસોમાં એક અજબ બનાવ બન્યો. દક્ષિણેશ્વરમાં પંચવટી પાસેના ઓટલા પર હું બેસતો ત્યાં મને એક વિચિત્ર પ્રકારના મહાત્માપુરુષનું દર્શન થયું. એમણે લાલ રંગના વસ્ત્રો પહેરેલાં. એ કાંઈ પણ બોલ્યા વગર પંચવટીના વિસ્તારમાં આંટા મારતા અને થોડી થોડી વારે મારી સામે પ્રેમપૂર્વક જોઈ બેસી રહેતા. જ્યારે જોઈએ ત્યારે એમની આંખમાંથી અશ્રુધારા ટપક્યા કરતી.

ઈશ્વરીય પ્રેમભાવમાં ડુબેલા એ મહાપુરુષ ખરેખર દર્શનીય ને અનોખા હતા. એક વાર મનમાં વિચાર થયો-ઈશ્વરદર્શન માટે અકસીર ઉપાય કયો તે બાબત એ મહાપુરુષને પૂછી જોઉં. તેમણે મારા વિચારને જાણી લઈ, મારી પાસે આવી પોતાની આંસુ-નીતરતી આંખ દેખાડી. એમ કરી એમણે સૂચવ્યું કે ‘આવો પ્રેમ હોય તો ઈશ્વરદર્શન થઈ શકે.’

મને એ સૂચનથી સંતોષ થયો.

એમની આંખમાંથી અખંડ આંસુ નીકળતાં ને એમના મુખમાંથી ‘મા’ ‘મા’ નો એકધારો ધ્વનિ બહાર પડતો.

એ કોણ હશે ? કોઈ ભક્ત હશે ? સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચેલા કૃતાર્થ મહાપુરુષ હશે ? આત્મભાવમાં આસીન યોગી હશે, કે રામકૃષ્ણ પરમહંસ પોતે હશે ? એ ગમે તે હોય, પરમ પ્રેરણાદાયક હતા એમાં શંકા નહીં.

ત્રણચાર દિવસ પછી એ, આવેલા તેવી જ આકસ્મિક રીતે, દેખાતા બંધ થયા. એ ક્યાં ઉપડી ગયા તેની ખબર જ ન પડી-છતાં એમની આકૃતિ સ્મૃતિપટ પર કાયમ અંકિત થઈ ગઈ. વરસો વીતી ગયાં છતાં એ છાપ એવી જ અમર છે ને રહેશે.

એ અશ્રુઝરતી, અલૌકિક પ્રેમભરી આકૃતિ જાણે શ્રી રામકૃષ્ણદેવના શબ્દોમાં સંદેશ આપી રહી છે : ‘સંસારમાં પોતાના કોઈ પ્રિયજનનું મરણ થાય છે તો તેના શોકમાં માણસ ઘણાં આંસુ સારે છે. કોઈ પ્રિયજનનો વિયોગ થતાં કે ધંધામાં નુકશાન જતાં અથવા એવી જ કોઈ ભૌતિક, આધિભૌતિક આપત્તિ આવતાં એવી પોક મૂકીને રડવા માંડે છે કે એ રૂદનથી આંસુના ઘડા ભરાઈ જાય. પરંતુ ઈશ્વર માટે એવી રીતે કોણ રડે છે ? અરે, એક પણ આંસુ કોણ સારે છે ? એને માટેનો પવિત્ર ને સાચો પ્રેમ કોનામાં છે ? પછી ઈશ્વર કેવી રીતે મળે ?’

ગીતામાં ઈશ્વર પ્રાપ્તિના ઉપાયોની ચર્ચા કરતાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે, ‘હે અર્જુન, આખું જગત જેના આશ્રયે રહે છે ને જે આ સૃષ્ટિમાં વ્યાપક છે તે પરમાત્મા ભક્તિ દ્વારા મળી શકે છે.’

એ શ્લોક પણ એ મહાપુરુષની ચર્ચા કરતાં યાદ આવે છે. દક્ષિણેશ્વરના એ મહાપુરુષને મારાં અત્યંત પ્રેમ તથા ભાવપૂર્વક વારંવાર વંદન છે. એ મહાપુરુષ અજોડ ભક્તિ અથવા પ્રખર પ્રેમના મૂર્તિમંત સ્વરૂપ જેવા હતા. એવા મહાપુરુષોને મુખ ખોલવાની જરૂર નથી હોતી. ખાસ નોંધપાત્ર વસ્તુ તો એ હોય છે, કે જે હેતુ શાસ્ત્રાધ્યયનથી, પ્રવચનોથી સરે તે જીવનવિકાસની પ્રેરણાનો હેતુ એમના દર્શન માત્રથી જ સરી રહે છે. એમની વાણી નથી બોલતી, પણ એમનો વ્યવહાર બોલે છે. એવા પુરુષો ગમે ત્યાં અને ગમે તેવા રૂપરંગમાં રહેતા હોય તો પણ જે દેશમાં રહેતા હોય તે દેશ અને આખા જગતના ખજાનારૂપ છે. કોઈ પણ પ્રજા એવા સિદ્ધ તપસ્વી મહાપુરુષો માટે ગૌરવ લઈ શકે છે. આંખ ઉઘાડી હોય તો એમનામાંથી પ્રેરણા પામીને આગળ વધે છે.

ભારતની પુણ્યભૂમિમાં આજેય એવા અજ્ઞાત, ઈશ્વરપ્રેમી મહાપુરુષો ક્યાં અને કેટલા હશે તે કોણ કહી શકે ? પરંતુ તે છે એ આ દેશનું ઓછું સદભાગ્ય તો નથી જ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫. અવધુત મહાપુરુષનો અનુગ્રહ

પુરાણ પ્રસિદ્ધ હિમાલયની દેવભૂમિમાં હજુ પણ સિદ્ધાવસ્થાએ પહોંચેલા મહાપુરુષો-સંતો વસે છે કે યુગપ્રભાવે એમનો પણ લોપ થયો છે ? એવો પ્રશ્ન એ ભૂમિમાં આવનારા, આવવા માગનારા, જીજ્ઞાસુઓ કરતા હોય છે.

આ સવાલના પૂર્વાધનો જવાબ એ છે કે અનેક જાતના મહાત્માઓ હિમાલયમાં છે-પણ સાચા અર્થમાં જેને સાધુ-સંતમહાત્મા કહી શકાય એવા તો ભાગ્યે જ અને ખરા જીજ્ઞાસુઓને જ મળે છે. સાધુઓના મુખ્ય ત્રણ પ્રકાર છે. એક તદ્દન સામાન્ય વેશધારી સાધુઓ, જે એક યા બીજા કારણે ઘર છોડી બાવા બની ગયા હોય છે. એમનું જીવન ધ્યેયહીન હોય છે. કોઈ સાધનાત્મક પ્રવૃત્તિ તેઓ કરતા નથી. આત્મિક ઉન્નતિની એમને પડી નથી. અનેક વ્યસનોના તેઓ શિકાર બન્યા હોય છે. બહારના દેખાવ પરથી જ તમે તેને સાધુ કહી શકો, પણ અંદરખાને એમનામાં આદર્શ માનવીનાં લક્ષણો પણ હોતાં નથી.

બીજો પ્રકાર વિદ્વાન વર્ગના સાધુઓનો છે. આ મહાપુરુષો અધ્યયન તથા અધ્યાપનમાં રત રહે છે. જીવ, જગત અને ઈશ્વરના ચિંતનમાં તેમજ તેની ચર્ચા-વિચારણામાં સમય પસાર કરતા હોય છે. આવા સાધુઓ જીવનના ધ્યેય પ્રત્યે વધુ જાગ્રત તેમજ સક્રિય હોય છે. મુખ્યત્વે શાંકર વેદાંતને જ તેઓ અગત્ય આપે છે. આ સાધુસંતોમાં ઘણા તો મહાપંડિત અને વિચક્ષણ વિચારકો પણ હોય છે.

ત્રીજો અને પ્રમાણમાં ઘણો નાનો પ્રકાર સાધક શ્રેણીના સાધુઓનો છે. તેઓ સર્વોત્તમ આધ્યાત્મિક વિકાસમાં માને છે. પોતાની શક્તિ-સમજ પ્રમાણે આગળ વધવાનો પ્રયાસ ચાલુ રાખે છે. વિવેક તથા વૈરાગ્યનો પાયો મજબૂત રાખી, જપ અને ધ્યાનયોગની સાધના ચાલુ રાખી, પ્રભુની પૂર્ણ કૃપાના અનુભવ માટે અભ્યાસ આગળ વધારે છે. એમના સમાગમમાં આવનારને સદુપદેશથી આધ્યાત્મિક જીવન માટે પ્રેરણા આપે છે.

સાધુઓના આ ત્રીજા મહત્વના પ્રકારમાંથી સિદ્ધોનો ચોથો પ્રકાર આપોઆપ ઊભો થાય છે, અને સાધક કોટિના સંત-યોગીઓ કરતાંય આવા મહાત્માઓ વિરલ હોય છે.

સાધનામાં આવતાં પ્રલોભનો તેમજ ભયસ્થાનો પાર કરી, સિદ્ધિઓને ગૌણ સમજી, હિંમત તથા ખંતથી આગળ વધનારા સાધકો બહુ ઓછા હોય છે.

મોટા ભાગના સાધકો તો અધવચ્ચે જ અટકી જાય છે-અંતિમ ધ્યેયે પહોંચી શકતા નથી. આમ હોવાથી મોટા ભાગના જીજ્ઞાસુઓ જેમની ઈચ્છા રાખે છે, અને જેવા મહાત્માના દર્શન માટે કુતૂહલ સેવે છે એવી સિદ્ધાવસ્થાએ પહોંચેલા મહાપુરુષો તો હિમાલય ખુંદી વળો તોયે ભાગ્યે જ મળે છે.

કદાચ મળતા પણ નથી. આ સંબંધમાં સંત તુલસીદાસે રામાયણમાં જે અનુભવપૂર્ણ ઉદગારો કાઢ્યા છે તે અહીં ટાંકીએ : ‘બિન હરિકૃપા મિલત નહીં સંતા.’ એટલે કે પ્રભુની કૃપા ના થાય ત્યાં સુધી સાચા સંતોનું મિલન થઈ શકતું નથી.

છતાં એથી નિરાશ થવાની જરૂર નથી. હિમાલયની પુણ્યભૂમિમાં આજે પણ સાચા સંતોના દર્શનનો લાભ ખરી જીજ્ઞાસા ધરાવનારને મળે છે. સાચા દિલથી શોધવામાં આવે તો જરૂર ઈશ્વરકૃપા થતાં સંતદર્શન થાય છે. એ માટેની એક સત્યઘટના અહીં રજુ કરું છું.

ગુજરાતના એક ભાઈ હરિદ્વાર થઈને ઋષિકેશ આવેલા. અહીંનું કુદરતી સૌંદર્ય ખૂબ ગમી જતાં, ધર્મશાળાની એક ખોલીમાં રહી સાધના કરવા લાગ્યા. ઋષિકેશમાં એ વખતે પ્રતાપી મહાપુરુષો રહેતા. એ ભાઈએ તેમનો સત્સંગ કર્યો છતાં અસાધારણ શક્તિશાળી અવધુતને મળવાની આકાંક્ષા તો અતૃપ્ત જ રહી.

બે વર્ષના ઋષિકેશવાસ પછી ઈચ્છા પૂર્ણ ન થઈ તેથી શ્રદ્ધા ડગવા માંડી. એમને થયું, ઘોર કલિકાળના પ્રભાવે સાચા મહાપુરુષોનો લોપ થઈ ગયો લાગે છે, અથવા એ જંગલની ગુફામાં ચાલ્યા ગયા છે.

એ દરમ્યાન, દરેક વર્ષની જેમ, મહાશિવરાત્રીએ ઋષિકેશથી બે ગાઉ દૂર ગંગામાં આવેલા તીર્થસ્થાન વીરભદ્રમાં મોટો ઉત્સવ હતો. ત્યાં જવા એ ભાઈ પગપાળા ચાલી નીકળ્યા. પરંતુ દોઢેક ગાઉ જતાં સુધીમાં વાદળા ચઢી આવ્યાં અને વરસાદ પડવા લાગ્યો.

પેલા ભાઈ મૂંઝાયા. વીરભદ્ર તો જવું જોઈએ. પણ એ ભાઈની મુસીબતમાં એક બીજો વધારો થયો. એ ભૂલા પડ્યા હતા. આવા ઘોર જંગલમાં જવું પણ ક્યાં ?

એટલામાં તો થોડેક છેટે વૃક્ષોની પાછળથી ધુમાડાના ગોટા નીકળતા દેખાયા. વૃક્ષોની ઘટા પાછળ જઈને જોયું તો એક ધૂણી સળગતી હતી, અને દેહ પર ભસ્મ ચોળેલા, ફકત લંગોટ ધારી, મોટી જટાવાળા મહાત્મા પદ્માસન વાળી ધ્યાનમાં બેઠા હતા. નવાઈની વાત એ હતી કે મહાત્મા બેઠા હતા તે અને ધૂણીની આજુબાજુની જગ્યા સાવ કોરી હતી. મુશળધાર વરસાદ પડતો હતો, છતાં સાધુની કાયા અને ધૂણી સુધ્ધાં સૂકી હતી. પેલા ભાઈ આ જોઈ સ્તબ્ધ થઈ ગયા. એમણે જટાધારી સાધુને સાષ્ટાંગ પ્રણામ કર્યાં, એટલે સાધુએ સ્મિત કરતાં કહ્યું : 'આ ધૂણી પાસે આવી જા, એટલે વરસાદ તને ભીંજવી નહીં શકે. તારે વીરભદ્ર જવું છે. પણ મારી ઈચ્છાથી તું રસ્તો ભૂલી અહીં આવ્યો છે. મારી ઈચ્છા વગર મને કોઈ જોઈ શકતું નથી.'

'તમે કોણ છો ?'

'હું અવધુત છું અને ઈચ્છાનુસાર વિચરણ કરી શકું છું. તારામાં વ્યાપેલી અશ્રદ્ધાનો અંત લાવવા તથા તને મદદ કરવા મેં તને દર્શન આપ્યું છે. લે, આ પ્રસાદ ખા એટલે તારો થાક ઊતરી જશે.'

અવધુતે આપેલ ફળ ખાતાં પેલા ભાઈને શાંતિ વળી, એટલે એમણે પૂછ્યું : 'અમારા જેવા અવધુતનું દર્શન તું શા માટે ચાહતો હતો ?'

'મારે નવેસરથી દીક્ષા લેવી છે.'

'દીક્ષા શા માટે ? મારું દર્શન થયું એટલે દીક્ષા મળી ગઈ. તું હવે સહેલાઈથી પ્રગતિ કરી શકીશ. હું આપું તે મંત્રજાપ કરતો રહેજે.'

મહાત્મા પુરુષે મંત્ર આપીને ઉમેર્યું, 'તારે વીરભદ્ર જવું છે ને ?'

'ખાસ ઈચ્છા તો હવે નથી ...'

'છતાં નીકળ્યો છે તો જઈ આવ. તને માર્ગ મળી જશે. હું જાઉં છું.'

ગુજરાતી ભાઈએ માથું નમાવી પ્રણામ કર્યા. એટલે અવધુતે એને માથે હાથ મૂક્યો. એ હાથ એટલો બધો શીતળ હતો કે એ ભાઈ આશ્ચર્ય પામી ગયા. ઊંચું માથું કરીને જોયું તો મહાત્મા અદૃશ્ય થઈ ગયા હતા.

ફકત ધૂણી સળગતી હતી. એના અધિષ્ઠાતા દેવ ત્યાં નહોતા. ધૂણીની રાખ એ ભાઈએ કપડાંમાં બાંધી લીધી, અને વરસાદ બંધ થઈ જતાં ચાલી નીકળ્યા. વીરભદ્રનો માર્ગ એની મેળે જ મળી ગયો. અવધુતની કૃપાથી એમની કાયાપલટ થઈ ગઈ.

એ અનુભવને યાદ કરીને ભાઈ કહેતા : 'હિમાલયમાં આજેય સમર્થ મહાપુરુષો છે. પણ તે કુતૂહલથી નહિ, સાચી જીજ્ઞાસા હોય તો જ મળે છે. સાચી ભૂખ અને લગન વગર આવા પુરુષોનાં દર્શન થતાં નથી. આજે આવી જીજ્ઞાસા કોનામાં છે ? છે તેને એ મળે છે-નિરાશ થવું પડતું નથી.'

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. મોટાની મુલાકાત

'મારા ગુરુ ધુનીવાલા દાદા નામે ઓળખાતા. તે એક સમર્થ અથવા સિદ્ધ પુરુષ હતા. તે મધ્ય પ્રદેશમાં રહેતા. મારો બધો ઘાટ તેમણે જ ઘડેલો. એમણે મારી ભયંકર કસોટી કરેલી અને પછી મારા પર પોતાની કૃપા વરસાવેલી. એમની કૃપા જ મારું સર્વકાંઈ છે. એમની આજ્ઞા હતી કે લોકોને સાધનામાર્ગે વાળવા માટે આશ્રમ બાંધજે અને દક્ષિણવાહિની નદીને કાંઠે બાંધજે. એમની આજ્ઞા પ્રમાણે મેં આજ સુધી ત્રણ આશ્રમ બાંધ્યા છે. એક અહીં સુરતમાં, એક નડિયાદમાં અને એક દક્ષિણમાં કાવેરી તટ પર કુંભકોણમમાં. એ બધા જ આશ્રમો દક્ષિણવાહિની નદીને કિનારે, ગામથી દૂર જંગલમાં અથવા તો સ્મશાનમાં છે. વસ્તીની સાથે એને કાંઈ સંબંધ જ નહિ. આશ્રમમાં હું ગમે તેવા માણસોને ભેગા નથી કરતો. જેમને સાધના કરીને આગળ વધવું હોય તેમને જ સ્થાન આપું છું. અહીં રહીને માણસ શાંતિપૂર્વક સાધના કરે ને જીવનમાં સાચી રીતે જીવવાનું બળ મેળવે એ જ મારો ઉદ્દેશ છે. તમે આ સ્થળમાં આવ્યા એથી મને ઘણો આનંદ થયો.'

મોટાએ એવા ઉદગારો દ્વારા પોતાના આંતરભાવોની અભિવ્યક્તિ કરી. ભક્તોમાં એ હરિઓમ મહારાજ તથા મોટા એવા બંને નામે ઓળખાય છે. એમનો આશ્રમ સુરતથી છ માઈલ જેટલે દૂર તાપીને પેલે કિનારે છે. અમે આશ્રમના એમના નિવાસસ્થાને પહોંચ્યા એટલે બારીમાંથી મને જોઈને એમણે 'આવો પ્રભુ, પધારો' કહીને મીઠી, મધુરી, સરળ, નિખાલસ ને નમ્રતાભરી ભાષામાં મારો સત્કાર કર્યો.

પથારીમાં સૂતાં સૂતાં એમણે કહ્યું, 'કરોડમાંનો મણકો ખસી ગયો છે. એટલે બેસતા તકલીફ પડે છે. માટે આડો પડ્યો છું. ડોક્ટરો ઓપરેશન કરવાનું કહે છે, પણ મેં તો ઈશ્વર પર છોડી દીધું છે. એ જ બધું ઠીક કરી દેશે.'

મોટાની ઈશ્વરપરાયણતા, નમ્રતા તથા ગુરુભક્તિ ઘણી ભારે હતી. તેમણે કહ્યું, 'ગુરુ મહારાજે કદી પણ કાયર થવાનું નથી શીખવ્યું. કાયરતા મારા સ્વભાવમાં છે જ નહિ. ગુરુ ગમે તેવી આજ્ઞા કરે તો તેનું પાલન કરવા તૈયાર થઈ જવાનું. એક વાર ગુરુએ કસોટી કરવા માટે આજ્ઞા કરી કે સાગરમાં કૂદી પડો અને અમે સાગરમાં કૂદી પડ્યા. જેણે આજ્ઞા કરી એણે જ અમારી રક્ષા કરી.'

'શંકરાચાર્યના જીવનમાં પણ એવો પ્રસંગ આવે છે ને !' મારા સ્મરણપટ પર શંકરાચાર્ય હાજર થયા.

'એ પ્રસંગ કહી બતાવો પ્રભુ !' મોટા બોલ્યા, 'તમારે મોઢેથી કાંઈક સંભળાવો. હું ભણેલો નથી.'

મોટાની નમ્રતા બહુ ઊંચી કોટિની હતી. મેં કહ્યું, 'જે સાચું ભણવાનું છે તે તો તમે ભણી લીધું છે. બીજા ભણતરની શી વિસાત છે ?'

'ના, ના પ્રભુ સંભળાવો.'

'શંકરાચાર્ય નર્મદામાં સ્નાન કરતા કરતા સામે કાંઠે ચાલ્યા ગયા ને ત્યાંથી પોતાના શિષ્યો પાસે કપડાં માગ્યા. નદીમાં પડવાની કોઈની હિંમત ન ચાલી તેથી બધા એકમેકની સામે જોવા લાગ્યા. આખરે એક શ્રદ્ધાળુ શિષ્યે કપડાં લઈને નદીમાં ચાલવા માંડ્યું. તેણે એક પગલું ભર્યું ત્યાં તો પાણીમાં સુંદર કમળ થઈ ગયું. એમ પ્રત્યેક પગલે કમળની સૃષ્ટિ થતી ગઈ ને તેના પર પગ મૂકીને તે શંકરાચાર્ય પાસે આવી

પહોંચ્યો. શંકરાચાર્યે તેની શ્રદ્ધાભક્તિ જોઈને તેને શાબાશી આપી, અને તેના પગની નીચે પદ્મો પ્રકટેલા તેથી તેનું નામ પાદપદ્માચાર્ય પાડ્યું. શ્રદ્ધાનો મહિમા એવો અજબ છે.'

'વાહ, પ્રભુ વાહ !'

થોડીક બીજી વાતો થયા પછી મોટાએ અમને આશ્રમ બતાવવાની વ્યવસ્થા કરી.

આશ્રમનું વાતાવરણ શાંત અને સુંદર હતું. બાજુમાં તાપી નદીનો પ્રવાહ વહી રહ્યો હતો. એને લીધે આશ્રમની શોભામાં વધારો થતો. આશ્રમ એકંદરે નાનો છે પરંતુ એણે ઉપાડેલું કામ અવનવું અને મોટું છે. દેશમાં આશ્રમો તો અનેક છે, પરંતુ આ આશ્રમ એ દૃષ્ટિએ જોતાં વિલક્ષણ લાગે તેવો છે. અહીં કોઈ પ્રકારની બીજી બાહ્ય પ્રવૃતિ થતી નથી, પણ આત્મવિકાસની સાધના તરફ જ સાધકોનું ધ્યાન દોરવામાં આવે છે. સાધકો અથવા તો એકાંતપ્રેમીઓને રહેવા માટે અહીં અલગ ઓરડાની વ્યવસ્થા છે. એ ઓરડાઓમાં બાથરૂમ, સંડાસની સ્વતંત્ર વ્યવસ્થા છે તથા હીંચકા પણ રાખવામાં આવ્યા છે. આગળથી નામ નોંધાવી, મંજૂરી મેળવીને કોઈપણ સ્ત્રીપુરુષ એ ઓરડામાં સાત, ચૌદ કે એકવીસ દિવસને માટે રહી શકે છે. તે દરમિયાન સંપૂર્ણ એકાંતવાસ સેવવાનો હોય છે. ઓરડાઓ તદ્દન બંધ જ રાખવામાં આવે છે. તે બારીમાં ભોજનની થાળી તથા નિયત સમયે ચા કે દૂધ મૂકવામાં આવે છે. એકાંતવાસી પોતાના કપડાં પણ ત્યાં જ રાખે છે. જે રોજ રોજ ધોવા માટે લઈ જવાય છે. રોજ સવારે ચાર વાગે ઊઠવાનું તથા રાતે આઠ વાગે સૂવાનું ફરજિયાત મનાય છે. મંગળવારે સવારે નવા એકાંતવાસીઓ દાખલ થાય છે ત્યારે મોટા એમની આગળ પ્રવચન કરે છે. એમની વાણીનો લાભ વ્યવસ્થિત રીતે ત્યારે જ મળી શકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. હરેકૃષ્ણ મંદિરની મુલાકાત

'પુના જવાનું થાય તો ઈન્દીરાને તથા દિલીપકુમાર રોયને-દાદાજીને જરૂર મળજો. તમને મળીને એમને આનંદ થશે. પહેલાં તો લગભગ દર વરસે એ મસુરી આવતાં ને અમારી પાસે થોડા દિવસ રહી જતાં, પણ છેલ્લાં ત્રણેક વરસથી નથી આવ્યાં. પુનામાં એ હરેકૃષ્ણ મંદિરમાં રહે છે.'

એ ઉદગાર હતા ઈન્દિરાદેવીની માતાના. મસુરીની મોટામાં મોટી હોટેલ-સેવોય હોટલના માલિક સ્વર્ગસ્થ કિરપારામની સેવાભાવી ભક્તિભાવયુક્ત પત્નીના. ગયે વરસે એ અમને પોતાની હોટલમાં લઈ ગયા ત્યારે એ ઉદગારો એમના મુખમાંથી નીકળી પડ્યા.

એ ઉદગારોમાં જેમ માતાસહજ સ્નેહ ટપકતો'તો તેમ એક પ્રકારનો ઊંડો આદરભાવ પણ દેખાતો હતો. ઉદગારોના ઉત્તરરૂપે હું એમને શું કહું ? મેં એમને એક પ્રકારનું આશ્વાસન આપ્યું કે પુના જવાનું થશે ને ઈશ્વરેચ્છાથી સંયોગ ઊભો થશે તો એમને જરૂર મળીશ. એમને મળીને મને પણ આનંદ થશે.

મારા ઉત્તરથી એમને સંતોષ થયો.

એ પોતે વિવેકી, સંસ્કારી, ધાર્મિક અને ભક્તિપરાયણ હતાં. મસુરીમાં લાયબ્રેરી બજારમાં બંધાયેલા નવા લક્ષ્મીનારાયણ મંદિરની રચનામાં એમણે અને એમના પતિએ ખૂબ જ રસ લીધેલો. એ સારો રસ લેતાં ત્યાં અવારનવાર મારાં પ્રવચનો ગોઠવતાં, અને મારી પાસે પ્રસંગોપાત આવ્યા કરતા.

એવી સંસ્કારી અને માયાળુ માતાને પોતાની કૃષ્ણપ્રેમી પુત્રીને માટે પ્રેમ હોય એ સ્વાભાવિક હતું. એ ઈન્દિરાદેવીનાં સાવકી માતા હોવા છતાં એને માટે ખાસ મમતા રાખતાં. એ મમતાથી પ્રેરાઈને એમણે મને પેલી ભલામણ કરેલી.

આમ તો મારે ગયા વરસે પણ પુના આવવાનું થયેલું પરંતુ હરેકૃષ્ણ મંદિરની મુલાકાત લેવાનો અવસર નહોતો આવ્યો. આ વરસે ફરી વાર પુના રહેવાનું થયું ત્યારે એ યોગ અણધારી રીતે આવી ગયો. અલબત્ત મારા આંતરમનમાં ત્યાં જવાનો વિચાર તો હતો જ, પરંતુ એનો અમલ અણધાર્યો જ થઈ ગયો.

એ દિવસ સોમવાર તા. ૧૯-૨-૬૮નો હતો. પુનામાં એ દિવસે સાંજે પર્વતી વિસ્તાર તરફ ફરતાં હરેકૃષ્ણ મંદિરની વાત નીકળતાં અમે મોટરને એ તરફ લઈ લેવાની સૂચના કરી.

થોડી જ વારમાં અમે એ મંદિરના સુંદર, શાંત, વિશાળ મકાન પાસે આવી પહોંચ્યા. મકાનના પ્રાંગણનો નાનો સરખો બગીચો જોઈને અમને આનંદ થયો.

હરેકૃષ્ણ મંદિર એક સુંદર મકાન છે. એનો આકાર કોઈ મંદિર જેવો નથી. એને પરંપરાગત મંદિર જેવું શિખર પણ નથી. એના મુખ્ય પ્રવેશખંડ કે હોલમાં જ મંદિર છે. ત્યાં રાધાકૃષ્ણની પ્રમાણમાં નાની છતાં નયનાભિરામ પ્રતિમાઓ છે.

નીચેનાં ભાગમાં એક બાજુ શ્રી અરવિંદ ને બીજી બાજુ મીરાંની છબીઓ છે. દીવાલો પર ક્રાઈસ્ટ ને ચૈતન્ય મહાપ્રભુ જેવા સંતોનાં ચિત્રો છે. સામે રાધાકૃષ્ણ પાસે દેવીની પ્રતિમા પણ મૂકેલી છે. આખુંય સ્થાન સુંદર, શાંત, પ્રેરણાત્મક અને આલ્હાદક છે.

અમે હોલમાં પ્રવેશ્યાં એ જ વખતે એક બેને મંદિરની પ્રતિમાઓનું આવરણ દૂર કર્યું.

થોડાક વખત લગી અમે એ વાતાવરણનો લાભ લેતાં ઊભાં રહ્યાં. પછી ઈન્દિરાદેવીને અનુકૂળતા હોય તો મળવા માટે સૂચના મોકલાવી.

ચાર-પાંચ મિનિટમાં તો ઈન્દિરાદેવી આવી પહોંચ્યા.

એમણે સૌથી પહેલાં રાધાકૃષ્ણને પ્રણામ કર્યાં ને પછી અમને.

મેં પણ એમને પ્રેમથી પ્રણામ કર્યાં અને એમને એમની માતાનો સંદેશ તથા મારો પરિચય આપ્યો.

એ સાંભળી એ અત્યંત પ્રસન્ન થઈને બોલ્યા : ‘અહીં પણ થોડોક લાભ આપો. અમારા કૃષ્ણને પણ જ્ઞાનની જરૂર છે.’

‘એ તો પરમ જ્ઞાની છે. એમનું જ્ઞાન કદીયે નથી ખૂટતું અને હું લાભ આપવા માટે નથી આવ્યો, લાભ લેવા માટે આવ્યો છું.’

‘તો પણ તમારે લાભ તો આપવો જોઈએ. થોડી વાર વધારે રોકાઈ જાવ. હમણાં સાડા સાતથી સાડા આઠ સુધી કીર્તન થશે. કીર્તન પહેલાં તો રોજ થતું-પરંતુ હવે એકાંતરે ને રવિવારે સવારે સાડા નવ વાગ્યે થાય છે.’

‘પરંતુ આજે મારાથી એનો લાભ નહિ લઈ શકાય. આજે રાતે મારું પ્રવચન છે એટલે ફરી કોઈ વાર.’

‘ફરી ક્યારે આવશો ?’

‘કાલે તો મુંબઈ જઈ રહ્યો છું. વરસમાં એક વાર આ બાજુ આવવાનું બની શકે છે એટલે હવે તો બીજે વરસે ઈશ્વરેચ્છા હોય તો બને.’

આ સાંભળી ઈન્દિરાદેવીનાં મુખ પર થોડીક ગમગીની ફરી વળી.

એમનામાં જે નમ્રતા, મધુરતા તથા પ્રેમભાવ ટપકતો’તો તે એમના અસાધારણ અંતરની પ્રતીતિરૂપ હતો.

એમને ભક્તિનો ભાર નહોતો લાગ્યો, ભક્તિ એમની અંદર ઊતરીને પચી ગઈ હતી. એમને જોતાં અને એમની સાથે વાતચીત કરતા એ સ્પષ્ટ જણાઈ આવ્યું.

ઈન્દિરાદેવી ખરેખર દેવી હતા. પ્રેમ અને ભક્તિથી ભરપૂર દેવી, સંસારના વિશાળ સરોવરમાં ખીલેલી કોઈક અલિપ્ત ઈન્દિરા યા કમલિની.

ભગવાન કૃષ્ણની કૃપાની વાત નીકળી ત્યારે મને એક ઘટનાનું સ્મરણ થયું. મેં કહ્યું, ‘ભક્તના જીવનમાં બધું એની ઈચ્છાનુસાર, એની પરમ અથવા અસીમ કૃપાના પરિણામે થતું હોય છે એ સાચું છે.

હું એવો કોઈ મોટો ભક્ત નથી, છતાં એના અનુગ્રહના એવા અનુભવો અવારનવાર થયા કરે છે. સાચું કહું તો આખું જીવન અને એમાં જે કાંઈ છે તે બધું જ એના અનુગ્રહરૂપ જ છે.

એ બાબતમાં એક ઘટના કહું. મસુરીમાં મારા નિત્ય પ્રવચનોનો પ્રારંભ નહોતો થયો ત્યારે મારું એક જાહેર પ્રવચન ચિત્રશાળામાં રાખવામાં આવેલું. તે દિવસે જનમાષ્ટમી હતી. ચિત્રશાળાના ગુરુજીએ મસુરીના મોટા મોટા પ્રતિષ્ઠિત સ્ત્રી-પુરુષોને આમંત્રેલા. માણસો સારી સંખ્યામાં એકઠા થયેલા.

ગુરુજીએ સ્ટેજ પાછળ દીવાલ પર એમના જ હાથથી દોરેલું ભગવાન કૃષ્ણનું સરસ ચિત્ર રાખેલું અને એને તાજી ગુલાબની માળા પહેરાવેલી.

પ્રવચન પૂરું થયું ને કૃષ્ણ ભગવાનની ધૂન પણ પૂરી થઈ એટલે એક અદભુત ઘટના બની. ગુલાબની માળામાંથી એક ગુલાબનું ફુલ મારા માથા પર પડીને સ્ટેજ પર સૌના દેખતા અટકી પડ્યું. એ જોઈ બધાંને નવાઈ લાગી. મને થયું કે ભગવાને મને આશીર્વાદ આપ્યા.

એ પછી બીજે વરસે મસુરીમાં ગાંધી નિવાસ સોસાયટીમાં મારા નિત્ય પ્રવચનોની પૂર્ણાહુતિ થઈ ત્યારે ગુરુજીએ એવી જ રીતે ભગવાન કૃષ્ણનો એ જ ફોટો મારી પાછળની દિવાલ પર ટીંગાડેલો. તેની તાજી માળામાંથી એવી જ રીતે પાછું એક ફુલ મારા માથા પર પડ્યું. ભગવાન કૃષ્ણે એ રીતે કહી બતાવ્યું, 'હું તમારા આ સેવાકાર્યથી સંતુષ્ટ છું.'

એ પ્રસંગ મને હંમેશા યાદ આવે છે અને થાય છે કે એની કૃપા વિના કાંઈ જ નથી થઈ શકતું.'

એટલામાં તો બહાર ફરવા નીકળેલા દાદાજી દિલીપકુમાર રોય આવી ગયા.

ઈન્દિરાદેવીએ એમને મારો પરિચય કરાવ્યો ત્યારે પીળાં વસ્ત્રોમાં સજ્જ કોઈ તપસ્વી જેવા દેખાતા દાદાજી આનંદ પામ્યા ને બોલ્યા, 'આપણે મસુરીમાં ગયેલાં ત્યારે તે મળેલાં ?'

'ના. મા એમને છેલ્લાં ચાર વરસથી જ જાણે છે ને હમણાં હમણાં આપણે મસુરી ગયાં નથી.'

એ બંને બંગાળીમાં બોલતાં હતા.

દિલીપકુમારે પૂછ્યું : 'આજે આપણે ત્યાં કાંઈ સંભળાવશે ખરા ?'

ઈન્દિરાદેવીએ ના કહીને કારણ કહી બતાવ્યું.

'તો પાછા ક્યારે આવશો ?'

'પાછા આવવાનું તો હવે ઈશ્વરેચ્છા હોય તો બીજે વરસે જ બને.'

દિલીપકુમારને જાણે એ જરા પણ ન ગમ્યું. એમણે ને ઈન્દિરાબેને કહ્યું કે પ્રવચનમાં મોડા જજો પરંતુ એવું કરવું શક્ય ન હતું.

મારા પર એ બંનેનો પ્રેમ, સદભાવ, વિવેક અને એમની નમ્રતાની છાપ ભારે પડી. એ દૈવી આત્માઓને જોઈ મને ઘણો જ આનંદ થયો.

પછી તો ઈન્દિરાદેવીએ અમારી સાથે ફરી અમને મકાનની ચારે તરફની સુંદર જગ્યા બતાવી. ત્યાં ઠેકઠેકાણે હનુમાનજી, સાંઈબાબા તથા દેવીની મનહર મૂર્તિઓ હતી. એને લીધે સ્થાન આકર્ષક લાગતું.

ઈન્દિરાદેવી બહાર વિદાય આપવા આવ્યાં ત્યારે માતાજીની ઓળખાણ આપતાં મેં જણાવ્યું : 'આ મારા માતાજી છે ને મારી સાથે જ રહે છે.'

એ માતાજી પાસે આવીને ભાવમય બનીને બોલી ઊઠ્યાં : 'હું પણ તમારી છોકરી છું.'

ઈન્દિરાદેવી ને દિલીપકુમાર રોયનો એ ટૂંકો મેળાપ ખરેખર ચિરસ્મરણીય બની રહ્યો. એમના સુખદ સહવાસમાં વધારે વખત રહેવાનું સૌભાગ્ય સાંપડ્યું હોત તો સારું થાત; એવો યોગ આવકારદાયક અને આનંદદાયક થઈ પડત. સત્પુરુષોનો સમાગમ ઈશ્વરની કૃપા વિના નથી થઈ શકતો, ને થાય છે ત્યારે આનંદ આપનાર થાય છે.

ઈન્દિરાદેવીએ અરવિંદ આશ્રમમાં દિલીપકુમાર રોયને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા ત્યારે એ હકીકત આશ્રમ માટે નવી થઈ પડી. એ વાત શ્રી અરવિંદ પાસે પહોંચી ત્યારે એમણે કહ્યું : 'ગુરુનો સંબંધ પોતાના

હૃદયની ભાવનાનુસાર ગમે તેની સાથે સ્થાપી શકાય છે. અહીં રહેનારે મને જ ગુરુ કરવો જોઈએ એવું નથી.' એ ઉદગારોમાં શ્રી અરવિંદની હૃદયની વિશાળતાનું દર્શન થાય છે.

ઈન્દિરાદેવીના અંતરાત્માએ અનુભવેલો એ ગુરુભાવ પાછળનાં વરસોમાં કાયમ રહ્યો અને આજે પણ એવો જ અડગ-અક્ષય છે.

ધન્ય એ ગુરુ ને ધન્ય એ શિષ્યા ! આત્મિક માર્ગમાં રસ લેનારે એમનું દર્શન કરવું બહુ પ્રેરક થઈ પડશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૮. સિદ્ધ મહાત્મા કૃષ્ણાશ્રમજી

ભગવતી ભાગીરથીનો કલકલ નાદ કરતો સુંદર પ્રશાંત પ્રવાહ વરસોથી વહી રહ્યો છે. એની આજુબાજુ એકાંત અરણ્ય ને આકાશને અડવાની હરિફાઈ કરતા ઊંચાઊંચા હિમાચ્છાદિત પર્વતો છે. એ અસાધારણ આનંદદાયક દૃશ્યને જોતાંવેંત જ એમ થાય છે કે અહીં રહી જઈએ ને થોડો વખત તપશ્ચર્યા કરીને આત્માનુભવથી જીવનને કૃતાર્થ કરીએ.

જે સુંદર પ્રદેશ મનને એવી રીતે પ્રથમ દર્શને જ મુગ્ધ કરે છે તથા સર્વોત્તમ આધ્યાત્મિક જીવનની ઉદાત્ત ભાવનાઓથી ભરે છે તે ઉત્તરાખંડના ગંગોત્રી પ્રદેશનો પુણ્ય પ્રવાસ દર વરસે હજારો પ્રવાસીઓ કરે છે. અને એ પવિત્ર પુરાણ પ્રસિદ્ધ પ્રદેશનાં સુખદ સંસ્મરણો લઈને પાછા ફરે છે.

હિમાલયના એ ગંગોત્રી ધામમાં ભગવતી ભાગીરથીને સામે કિનારે, એક નાની સરખી કુટિરમાં એક મહાપુરુષ બેઠેલા છે. હિમાલયની ઋષિમુનિસેવિત ભૂમિમાં વસનારા એ મહાપ્રતાપી મહાત્માઓમાંના એકને જોવા હોય તો આવો એમનું દર્શન કરીએ.

એમણે ગંગોત્રીના અતિશય ઠંડા વાતાવરણમાં વસવા છતાં પોતાના શરીર પર એકેય વસ્ત્ર નથી વીંટ્યું. એ તદ્દન દિગંબર દશામાં શરીરને ટટ્ટાર યાને સીધું રાખી, પદ્માસન વાળીને બેઠા છે. એમના શરીરની ચામડી ખૂબ જ કાળી છતાં કાંતિવાળી છે. એમની આંખ તેજસ્વી, શાંત અને મોટી છે તથા એમના મસ્તક પર જટા છે.

એ કેવળ પરાળ  પર બેઠા છે. દર્શનાર્થીઓ આવે છે ને જાય છે પરંતુ એ એવા જ અચળ રહે છે. કલાકો લગી પદ્માસન પર બેસી રહે છે. વરસોથી એ મૌનવ્રત રાખતા હોવાથી કોઈની સાથે વાતચીત નથી કરતા. તો પણ કોઈ જિજ્ઞાસુ કોઈ પ્રશ્ન પૂછે તો જમીન પર આંગળીની મદદથી લખીને એ પ્રશ્નોના ઉત્તર પૂરા પાડે છે. એ ઉત્તરો ઘણા મુદ્દાસર અને સારવાહી હોય છે. જુઓને, એક જીજ્ઞાસુએ આસપાસની શાંતિનો ભંગ કરીને એમને હિંમતપૂર્વક પ્રશ્ન પૂછ્યો : 'મહારાજ, જીવનકા ધ્યેય ક્યા હૈ ?'

એમણે આંગળીથી જમીન પર લખી સ્મિતપૂર્વક તરત ઉત્તર આપ્યો, 'અપને કો પહેચાનના.'

જીજ્ઞાસુના મનનું સમાધાન થઈ ગયું. સ્વરૂપનો સાક્ષાત્કાર સચ્ચિદાનંદરૂપ પરમાત્માનું દર્શન અથવા આત્માનુભવ એ જ જીવનનું ધ્યેય છે એની એને ખાતરી થઈ.

કોઈક વાર એ મહાપુરુષની ઈચ્છા હોય અથવા એમને પ્રેરણા થાય તો એ વગર પૂછ્યે પણ વાત કરે છે. એક તાજેતરનું જ ઉદાહરણ આપું. ઉત્તર પ્રદેશના એક ધનાઢ્ય, લબ્ધપ્રતિષ્ઠિત પુરુષ ગંગોત્રીની યાત્રાએ ગયા. એમણે એ મહાપુરુષની મુલાકાત લીધી પરંતુ એમની સાથે જે સ્ત્રી હતી તે એમની પોતાની સ્ત્રી ન હતી.

એમની પોતાની પત્નીનું તો મૃત્યુ થયેલું અને એ પછી ઘરબાર વગરની અને બુરે રસ્તે ચઢી ગયેલી સાધારણ જાતિની એ સ્ત્રીને એમણે કુટુંબીજનોની અનિચ્છાએ ઉપરવટ જઈને પોતાની સ્ત્રી તરીકે ઘરમાં રાખેલી.

એની સાથે એમણે વિધિપૂર્વક લગ્ન નહોતું કર્યું તો પણ બહારના બીજો લોકો એવું જ માનતા કે એ એમની પત્ની છે. ગંગોત્રીમાં એ સ્ત્રીને લઈને એ પેલા પ્રાતઃસ્મરણીય મહાત્મા પુરુષના દર્શન માટે ગયા ત્યારે, પોતાના વ્યક્તિગત જીવનની એ હકીકત એમણે જાહેર ના કરી તો પણ, એ મહાત્મા પુરુષે એમના મનના ભાવોને માપી લઈને પોતાની લાક્ષણિક ઢબે લખી બતાવીને કહ્યું, 'ઈસ સ્ત્રીકો ઘરમેં રખ્ખી હૈ સો અચ્છા કિયા હૈ. એક દુર્દશાગ્રસ્ત નારીકા ઉદ્ધાર હુઆ. પરંતુ ઉસે છોડના નહિ ઔર દુઃખી ભી નહિ કરના, ઉસકા બરાબર ધ્યાન રખના.'

શ્રીમંતના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એમને થયું કે આ મહાપુરુષને મારી સાથેના આ સ્ત્રીના સંબંધની ગુપ્ત વાતની ખબર ક્યાંથી પડી ?

એમને ખાતરી થઈ કે આ મહાપુરુષની શક્તિ ઘણી અસાધારણ છે, એટલે જ એ મારા જીવનને જાણી શક્યા છે.

એ પોતે સંતોમાં શ્રદ્ધા રાખતા ન હોવા છતાં, એ મહાપુરુષ માટે એમના મનમાં માન પેદા થયું. અને પછી તો એ મહાપુરુષના ભક્ત બની ગયા.

એમણે એમની સ્મૃતિને સાચવી રાખવા માટે, એમની આનાકાની છતાં, ઉપરાઉપરી એમના ફોટા લીધા. એમના વધુ ને વધુ સમાગમની ઈચ્છાથી પ્રેરાઈને ગંગોત્રીનો પોતાનો મુકામ લંબાવ્યો.

ગંગોત્રીના પુણ્યપ્રદેશમાં હિમાચ્છાદિત પર્વતમાળાથી વીંટળાયેલા એકાંત, શાંત આશ્રમમાં વર્ષોથી રહેતા તથા પોતાના દર્શનમાત્રથી જ લોકોને માટે પ્રેરક થનારા એ મહાપુરુષ કોણ છે તે જાણો છો ? એમનું નામ મહાત્મા કૃષ્ણાશ્રમજી છે.

એમને જોતાં કે એમની પાસે બેસતાવેંત હૃદય એક પ્રકારની ઊંડી શાંતિ, સાત્વિકતા ને પ્રસન્નતાનો અનુભવ કરે છે, ને લાગે છે કે પ્રાચીન કાળના કોઈ વાલ્મિકી, વશિષ્ઠ કે વિશ્વામિત્ર જેવા મહાત્મા પુરુષ પાસે આપણે આવી પહોંચ્યા છીએ. એ સનાતન શાંતિમાં સ્નાન કરતા બેઠા હોય છે. એ મહાત્માને કોઈ પ્રકારનાં પ્રવચન કરવાની યા ભાષણ આપવાની આવશ્યકતા નથી હોતી. એમનું જીવન જ શાસ્ત્ર અથવા પ્રવચનરૂપ હોય છે.

એમની હાજરી જ અવની માટે આશીર્વાદરૂપ હોય છે. તેઓ પોતાના આદર્શ જ્યોતિર્મય જીવન દ્વારા જ કેટલાયના જીવનમાં ક્રાંતિ કરે છે, પ્રેરણા ધરે છે ને પ્રકાશ ભરે છે.

વિશ્વસ્ત સૂત્રોના આધાર પણ જાણી શકાયું છે કે કૃષ્ણાશ્રમનું વય અત્યારે એકસો બે વરસનું છે. છતાં પણ એમનું શરીર સ્વસ્થ અથવા સુદૃઢ છે. અને એમનો નિયમ અબાધિત રીતે ચાલુ રહે છે. એ આત્મિક રીતે આટલી બધી ઊંચી અવસ્થાએ પહોંચેલા હોવા છતાં, પોતાના માટો ભાગનાં કામો પોતાની મેળે જ કરી લે છે.

હમણાં ગયા ઓક્ટોબર મહિનામાં જ એક ભાઈ એમના દર્શને ગયેલા. એક દિવસ વહેલી સવારે એ એમની પાસે ગયા તો એમણે એક અજબ દૃશ્ય જોયું. દિગંબર સ્વરૂપના કૃષ્ણાશ્રમજી ભગવતી ભાગીરથીમાં સ્નાન કરીને બે હાથમાં પાણી ભરેલી બે ડોલ લઈને પોતાની કુટિર તરફ આવી રહેલાં. કેટલું સુંદર તથા

કરુણ દર્શન ! એ જોઈને પેલા ભાઈ દોડીને એમની પાસે પહોંચ્યા અને એમના હાથમાંથી ડોલ લેવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ પ્રયાસ સફળ ના થયો.

કૃષ્ણાશ્રમજી ડોલને ઊઠાવીને શાંતિપૂર્વક આશ્રમમાં આવ્યા અને પછી પરાળ પર પદ્માસન લગાવીને બેસી ગયા. જમીન પર લખીને એમણે કહી બતાવ્યું, 'અપના કામ જહાં તક હો શકે અપને હાથ સે કરના અચ્છા. ઉસમેં આનંદ, આઝાદી ઔર સુખ હૈ.'

ગંગોત્રીમાં જ રહેતા કૃષ્ણાશ્રમજીના ભક્ત સ્વામી સુંદરાનંદજી કહે છે કે કૃષ્ણાશ્રમજીનો એ રોજનો ક્રમ છે. ગંગામાંથી (ગંગોત્રીમાં એનું નામ ભાગીરથી છે) એ રોજ પોતાના હાથે જ પાણી ભરી લઈ આવે છે.

સુંદરાનંદજી મહાત્મા કૃષ્ણાશ્રમના જીવનની એક બીજી કથા કહી બતાવે છે.

એક વાર કુટિરનો પાછળનો પહાડ તૂટી પડવાથી કુટિરને નુકશાન થયું. કૃષ્ણાશ્રમજી ભયંકર રીતે ઘાયલ થયા. એમના શિરમાં ને મુખમાં કાંટા તથા જંગલી લાકડીઓ પેસી ગઈ. એમના જખમમાંથી લોહી નીકળવા લાગ્યું અને એ બેશુદ્ધ જેવા બની ગયા.

સ્વામી સુંદરાનંદજીએ તે અતિ દુઃખદ દૃશ્યને જોયું ત્યારે એમનું કાળજું કંપવા લાગ્યું. કૃષ્ણાશ્રમજીએ એમને પોતાના શિર, મુખ અને શરીરમાંથી કાંટા ને લાકડીઓ કાઢવાની સૂચના કરી. એમણે ડોક્ટરને બોલાવવાની સાફ ના પાડી. સુંદરાનંદે રડતા હૃદયે એ સૂચનાનો અમલ કર્યો. એમણે કૃષ્ણાશ્રમના શરીરને સાફ કર્યું.

એ કામ ખૂબ જ વ્યથાજનક-પીડાકારક હતું તો પણ એ મહાત્મા પુરુષ દેહભાવથી પર થયેલા હોવાથી એ દરમ્યાન એકદમ શાંત રહ્યા. આંખો બંધ રાખીને એ સમાધિ દશામાં લીન બની ગયા. દેહભાવથી પર જઈને દેહની અસરોથી ઉપરવટ જઈ આત્મભાવમાં આસીન થવાનો એ પ્રસંગ યાદ કરીને સ્વામી સુંદરાનંદજી આજે પણ ગદ્ ગદ્ બની જાય છે.

હિમાલયની ભૂમિમાં છેલ્લાં પચાસ વરસોના ગાળામાં ત્રણ ખ્યાતનામ મહાપુરુષો થઈ ગયા. એક તો ઋષિકેશના સુપ્રસિદ્ધ સ્વામી શિવાનંદજી, બીજા ઉત્તરકાશીના સ્વામી તપોવનજી ને ત્રીજા ગંગોત્રીના મહાત્મા કૃષ્ણાશ્રમજી.

ત્રણે દક્ષિણ ભારતમાં જન્મેલા અને આત્મોન્નતિ માટે હિમાલયમાં આવેલા. એમાંથી કૃષ્ણાશ્રમજી એકદમ વિલક્ષણ નીકળ્યા. એમનું મન ગંગોત્રીના ઠંડા પ્રદેશમાં લાગી ગયું અને એ ત્યાં રહીને યોગની સાધના કરવા માંડ્યા. પહેલાં એ દંડી સંન્યાસી હતા. પરંતુ પાછળથી દંડ તથા વસ્ત્રોનો ત્યાગ કરીને દિગંબર રૂપે રહેવા માંડ્યા.

ઠંડા પવનની લહરી જ્યાં ચામડીને ચીરી નાખે છે ને જ્યાં સામાન્ય માણસને માટે લાંબુ રહેવાનું મુશ્કેલ છે, એવા ગંગોત્રીના તપઃપૂત પ્રદેશમાં શરીરની બાહ્ય ક્રાંતિ કરીને અને એમાં સર્વસ્વ માનીને એ બેસી ન રહ્યા, પણ મન તેમજ અંદરની અગત્યની ક્રાંતિને સુધારવા મૌનધારણ કરીને સાધનામાં લાગી ગયા. 'નર કરણી કરે તો નર કા નારાયણ હોય' એ ઉક્તિ અનુસાર તે નરમાંથી નારાયણ બનવા તલપાપડ થયા. દ્રઢ સંકલ્પ, ઉત્સાહ, ત્યાગ તથા નિરંતર પુરુષાર્થના પરિણામે થોડા વખતમાં તો એમને ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિ થઈ. એમને શાંતિ મળી.

પંડિત મદનમોહન માલવીયાજી એમને ઘણો આગ્રહ કરી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં વરસો પહેલાં લઈ આવેલા. એથી બહારની દુનિયાને એમની મોટા પ્રમાણમાં જાણ થઈ.

મોદીનગરવાળા ગુજરલાલ મોદી એમને ચારેક વરસ પહેલાં મોદીનગરમાં મંદિરના ઉદઘાટન પ્રસંગે લાવેલા. કૃષ્ણાશ્રમજી કહે છે, 'મોદી યહાં આકે અનશન કરને કો તૈયાર હુઆ થા ઈસલિયે મૈંને ઉનકે સાથ જાને કી બાત માન લી.'

શિયાળામાં એ ઉત્તરકાશીમાં અથવા ગંગોત્રીની બાજુમાં ધરાલી પાસે આવીને વાસ કરે છે.

કૃષ્ણાશ્રમજી વરસો સુધી ગંગોત્રીમાં એકલા જ રહ્યા, પરંતુ એક દિવસ એમની પાસે એક સ્ત્રી આવી પહોંચી. એના રૂપમાં એમનું શેષ રહેલું પ્રારબ્ધ આવ્યું અથવા ઈશ્વરની ઈચ્છા આવી એમ કહીએ તો ચાલે. એ સ્ત્રી ગંગોત્રીની બાજુના એક ગામની એક પરણેલી સ્ત્રી હતી. ઘરમાં ક્લેશ હોવાથી એ ગંગામાં પડવા નીકળી પડેલી, પરંતુ ભાગ્ય તેને ગંગોત્રી ખેંચી લાવ્યું.

એણે કૃષ્ણાશ્રમજીને આશ્રય આપવા પ્રાર્થના કરી. મહાત્મા પુરુષે કરુણાથી પ્રેરાઈને એને પોતાની પાસે રહેવાની રજા આપી અને બાજુમાં એક જુદી કુટિર કરી આપી.

ત્યારથી એ સ્ત્રી એમની સેવામાં રહે છે. એનું નામ એમણે ભગવત સ્વરૂપ પાડ્યું છે. ભગવત સ્વરૂપ ભારે વિવેકી ને સેવાભાવી છે. એને સંસ્કૃતનું સારું જ્ઞાન થયું છે. દર્શનાર્થીઓને આવકારવાનું કામ એ જ કરે છે. ભગવા વસ્ત્રધારી એ ભગવત સ્વરૂપનો વિકાસ થયો છે.

કૃષ્ણાશ્રમજી અગ્નિને ઉધઈ ન લાગે તેમ એના એ જ રહ્યા છે. કેટલાક સંકુચિત ને દ્વેષી સાધુઓએ એ ઘટના પછી એમની વિરુદ્ધ પ્રચાર કરવાનું અને એમની નિંદા કરવાનું ચાલુ કર્યું પણ એમના પર એની ખરાબ અસર ન થઈ. એ તો પોતાને ત્યાં આવતા સાધુઓનો સત્કાર તથા સાધુઓની સેવા કરતા જ રહ્યા.

કૃષ્ણાશ્રમજી આટલા મહાન હોવા છતાંય એમનો કોઈ મઠ નથી, તથા એમની સાથે નાનું કે મોટું સિદ્ધ મંડળ નથી. ભારતીય પ્રાચીન પરંપરાના પ્રતિનિધિ જેવા એ સમર્થ સંત શિશુ જેવી શુચિતા અને સરળતાથી જીવી રહ્યા છે. પ્રાચીન પરંપરાના અથવા જૂની પેઢીના મહાન સંતો એક પછી એક વિદાય થતા જ જાય છે. દેહાધ્યાસ અથવા દેહબંધનથી મુક્તિ મેળવીને આત્માની અનેરી દુનિયામાં શ્વાસ લેતા કૃષ્ણાશ્રમજી આપણી વચ્ચે છે ત્યાં સુધી એમના દર્શનનો લાભ લઈશું તો એ આપણે માટે આશીર્વાદરૂપ થશે. કૃષ્ણાશ્રમજી ભારતની વિરલ અસાધારણ સંતવિભૂતિઓમાંના એક છે. હિમાલયમાં મહાન સંતપુરુષોને મળવા માગનારા પ્રવાસીઓને એમનું દર્શન અવશ્ય કરવા જેવું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. કર્મનું ફળ અવશ્ય મળે જ છે

સંત તુલસીદાસે રામાયણમાં રઘુકુળ માટે લખ્યું છે કે

'રઘુકુળ રીતિ સદા ચલી આઈ,

પ્રાણ જાય, અરૂ વચન ન જાઈ.'

રઘુકુળમાં જન્મનારા મહાપુરુષોની વિશેષતા તથા સત્યપ્રિયતા કેવી હતી એ તેમાં દર્શાવાયું છે. રઘુકુળ માટે સાચું આ વિધાન બીજા પુરુષો માટે પણ એટલું જ સાચું ઠરે છે.

ગમે તેટલું સહન કરવું પડે-ગમે તેવો ભોગ આપવો પડે તો પણ પોતાનું વચન તે પાળે છે. પ્રાણાંતેય એ વચનનો ત્યાગ નથી કરતા. જો કે આજે આવા પુરુષો મળવા બહુ વિરલ છે. છતાં તેનો છેક અભાવ તો નથી જ.

એથી ઊલટું, એવા માણસોની સંખ્યા પણ આ યુગમાં ઘણી મોટી છે, જે બોલે છે તે પાળતા નથી. વચન અને પ્રતિજ્ઞા તોડવા માટે જ હોય છે-એવી તેમની માન્યતા હોય છે.

આવા માનવીનું તથા એની સાથે સંકળાયેલી ઘટનાનું મને અહીં સ્મરણ થઈ આવે છે, જે રજુ કરું છું.

ઋષિકેશમાં એક વેપારીની મોટી પેઢી ચાલતી. તેઓ દાણાનો વેપાર કરતા. એ વખતે સને ૧૯૪૯માં ઋષિકેશથી બદરીનાથ જતાં માર્ગે દેવપ્રયાગમાં મારો આશ્રમ હતો. અહીં એ વેપારી ઘણી વાર આવતાં. એક વાર દેવપ્રયાગના એક ભાઈ સાથે ઋષિકેશમાં એ વેપારી ભાઈને ત્યાં મારે રોકાવાનું થયું.

રાતે ભોજનકાર્યથી પરવાર્યા બાદ થોડાક સત્સંગ પછી એ વેપારી ભાઈએ મને પૂછ્યું, 'તમારે રોજ કેટલા દૂધની જરૂર પડે છે ?'

'પોણો શેર.' એમ કહીને મેં સામે પ્રશ્ન કર્યો, 'આપે શા માટે પૂછવું પડ્યું ?'

'હું તમારી સેવા કરવા માગું છું.' એમણે કહ્યું, 'કાલે તમે દેવપ્રયાગ જાવ એટલે રોજ પોણો શેર દૂધ તમને મળ્યા કરશે. એનાં નાણાં હું આપી દઈશ.'

'પણ તમારે આમ શા માટે કરવું જોઈએ ? એ કષ્ટ હું તમને નહિ આપું.' મેં કહ્યું.

'એમાં કષ્ટ જેવું કંઈ નથી. મારી એ ફરજ છે.'

'પણ ઈશ્વર મારું ચલાવે છે.'

'જેને ચરણે તમે સમગ્ર જીવન અર્પણ કરી દીધું છે એ તો ચલાવે જ ને ? પણ કૃપા કરી મને આપની સેવાનો અવસર આપો.' એમણે હાથ જોડ્યા.

મેં એમની માગણીનો સ્વીકાર કર્યો એટલે તે બોલ્યા, 'મારી એક બીજી પ્રાર્થના છે. આપની આવશ્યકતાનું અનાજ દેવપ્રયાગની દુકાનમાંથી મારા નામે લેતા રહેજો. દિવાળી સુધી તો આ પ્રાર્થના આપે સ્વીકારવી જ પડશે.'

'તમે વધારે પડતી માગણી કરો છો.'

તે હસીને બોલ્યા, 'એમાં વધુ પડતું કાંઈ નથી. ભક્તદાવે હું મારી ફરજ સમજીને જ કહું છું. જરાય સંકોચ રાખ્યા વગર મારી આ પ્રાર્થના પણ આપે સ્વીકારવી જ પડશે.'

લાચાર બની મેં એમની તે માગણી પણ સ્વીકારી. એમના મુખ પર અકથ્ય આનંદ ફરી વળ્યો અને પ્રાર્થના સ્વીકાર્યા બદલ મારો આભાર માન્યો.

બીજે દિવસે હું દેવપ્રયાગ ગયો અને પેલા વેપારી ભાઈના કહેવા મુજબ દૂધ તથા બીજી ખાદ્યસામગ્રી લેવાનો આરંભ કરી દીધો.

*

આ વાતને ત્રણેક માસ વીતી ગયા, પણ પેલા વેપારી ભાઈ દેખાયા જ નહિ, બે-ત્રણ વખતે દેવપ્રયાગ આવી ગયા છતાં મને મુલાકાત ન થઈ.

હવે તો દૂધવાળો ને અનાજની દુકાનવાળો પણ બીલની મારી પાસે ઉઘરાણી કરવા લાગ્યા. છેવટે લાચાર બની ઋષિકેશના પેલા વેપારીને મેં એક પંડા સાથે જરૂરી સૂચના મોકલી આપી.

પંડાએ ઋષિકેશ જઈ બધી વાત કરી તો એ વેપારી ભાઈએ મુખ મરડીને કહ્યું, 'મેં એવા કોઈ મહાત્માજીને મારા તરફથી દૂધ અથવા અનાજ લેવાનું કહ્યું જ નથી. મારે એવું શા માટે કહેવું પડે ? એ ખોટું બોલે છે.'

'એ ખોટું બોલે એવા તો નથી.' પંડાજીએ કહી દીધું, 'એમને હું બરાબર જાણું છું. એ શા માટે ખોટું બોલે ? ખોટું તો તમે બોલો છે અને વચન આપી ફરી જાવ છો !'

પેલા વેપારીએ સાફ ઈન્કાર કરી દીધો, 'મેં એવું વચન આપ્યું નથી. અનાજ કે દૂધની કોઈ વાત જ મારી સાથે નથી થઈ. ઈશ્વરના સોગંદ ખાઈને કહું છું મેં કશું કહ્યું નથી.'

હવે પંડાજીએ સ્પષ્ટ સંભળાવી દીધું, 'તમે ઈશ્વરના ખોટા સોગંદ શા માટે ખાવ છો ? નાણાં ન ચૂકવવા હોય તો ના પાડી દો, પણ આવું જુઠાણું ન ચલાવો.'

અને જે ઠીક લાગ્યું તે સારી પેઠે સંભળાવીને પંડાજી પાછા મારી પાસે દેવપ્રયાગ આવ્યા. બધી વાત સાંભળીને મને ઊંડો આઘાત લાગ્યો. માનવજાત આટલી હદ સુધી જૂઠું બોલી શકે છે એની તો મને કલ્પના નહોતી. મારા જીવનનો આ અજબ અનુભવ હતો. થોડી મુશ્કેલીઓ બાદ એ નાણાં ચુકવાઈ ગયા.

*

ઘટનાને દોઢેક વરસ વીત્યા બાદ હું ઋષિકેશ આવ્યો ત્યારે જાણવા મળ્યું કે વચનભંજક વેપારી ભાઈની હાલત કફોડી થઈ હતી. ભાગીદારે દગો દીધાથી ધંધામાં એને ભારે ખોટ ગઈ હતી. દુકાનો બંધ થઈ ગઈ હતી. આજીવિકા માટે પણ મુશ્કેલ હાલત હતી. કુદરતે જ એને કર્મનો બદલો આપ્યો. કુદરતનો એના પર કોપ ઉતર્યો હોય તેમ એ પશ્ચાતાપથી બળી રહ્યા હતા.

એમની આવી દશા માટે મને સહાનુભૂતિ થઈ. કોઈ વાર જતાં-આવતાં તે મળી જતા તો એના ચહેરા પર શરમ અને સંકોચની શ્યામતા છવાઈ જતી. પરંતુ ભૂતકાળની ઘટના સંબંધી હું એમને કશું કહેતો નહીં. એ પણ કાંઈ બોલતા નહીં.

પરંતુ એક દિવસ એમના દિલના ડંખની વેદનાએ માઝા મૂકી ને મારી પાસે આવીને મોટેથી રડવા માંડ્યા. મેં આશ્વાસન આપ્યું. એ બોલ્યા, 'મારે આપના આશીર્વાદ જોઈએ-તે વગર મારું દુઃખ નહીં ટળે.'

'મારા તો તમને આશીર્વાદ જ છે-પણ સારા કર્મ કરી પ્રભુના આશીષ મેળવો.'

'મેં આપને બહુ દુઃખી કર્યા ખરું ? આવો વર્તાવ મારે નહોતો કરવો જોઈતો ...!' એ વધુ ન બોલી શક્યા. એમની આંખોમાંથી આંસુની ધાર ચાલી.

'જાવ, સુખી થાવ. પણ કર્મફળથી માનવીને કોઈ બચાવી શકે તેમ નથી, માટે શુભ કાર્યો કરો.'

અને તે ચાલ્યા ગયા. બે વર્ષ બાદ હરદ્વારના બજારમાં એ વેપારી ભાઈ મળી ગયા. એમણે ઘીની નાનકડી દુકાન કરી હતી ને હાલત સુધારા પર હતી. આજે પણ એ હરદ્વારમાં જ છે.

કર્મનું ફળ મળે જ છે. વહેલું યા મોડું. એ માટે મતભેદ હોઈ શકે-પણ મળે છે એ તો નિર્વિવાદ છે. કોઈ વાર કર્મફળ આ જન્મમાં-થોડા જ સમયમાં મળી જાય છે.

પેલા વેપારી ભાઈને 'દાનત તેવી બરકત' પ્રમાણે જલ્દી ફળ મળી ગયું. બીજાને કદાચ થોડું મોડું મળતું હોય. માણસ આંખ ઉઘાડી રાખે તો આવા ઘણા કિસ્સા જોવા-જાણવા મળી આવે અને જીવનસુધારણા માટે એ ઘણું બળ મેળવી શકે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૦. અજ્ઞાત સંતપુરુષો

આપણી આ સૃષ્ટિ કેટલી બધી વિરાટ ને વિશાળ છે, તેની પૂરેપૂરી ખબર કોને પડી શકે તેમ છે ? વિજ્ઞાન તેનો તાગ મેળવવા પ્રયત્નો કરે છે અને આવા પ્રયત્નોમાં એ પોતાની રીતે સફળતા પણ મેળવી રહ્યું છે. પરંતુ એ પ્રયત્નો મોટે ભાગે સ્થુલ છે અને બહારની દુનિયાની માહિતી પૂરી પાડે છે. પરંતુ એના દ્વારા અંદરની સુક્ષ્મ દુનિયાની માહિતી નથી મળી શકતી. આપણી આ ભૌતિક દુનિયામાં સમર્થ સંતમહાત્માઓની એક બીજી સુક્ષ્મ દુનિયા છે. એનો અનુભવ આધ્યાત્મિક સાધના દ્વારા જ થઈ શકે.

સાધનાના માર્ગમાં એ અંદરની દુનિયાનો પરિચય થતાં કોઈ કોઈ વાર એવા આશ્ચર્યકારક અનેરા અનુભવો થાય છે-જે આપણને વિચાર કરતા કરી મૂકે છે અને એવી સુક્ષ્મ દુનિયાના અસ્તિત્વમાં આપણા વિશ્વાસને દૃઢ કરે છે.

એ બાબતમાં મને પોતાને થયેલો એક અનુભવ કહી બતાવું. અનુભવ આશરે સાતેક વરસ પહેલાંનો છે.

એ વખતે હું સરોડા ગામમાં થોડા દિવસ રહેવા ગયેલો. મારી પ્રણાલી મુજબ ત્યાં રોજ સાંજના એક કલાક ગીતાનો સત્સંગ ચાલતો અને ગામનાં ભાવિક સ્ત્રીપુરુષો સારા પ્રમાણમાં આવતા.

એક વાર મધરાત પછી મારા રોજના ક્રમ મુજબ હું ધ્યાનમાં બેઠો ત્યારે થોડા વખતમાં મારું મન એકદમ શાંત થયું ને મારું બધું બાહ્ય ભાન જતું રહ્યું-કહો કે મને સમાધિ થઈ ગઈ.

એ દશામાં મેં જોયું તો ઘરનાં મારી સામેના બંધ બારણાં અચાનક ઉઘડી ગયા. તેમાં પ્રકાશ છવાઈ ગયો અને બીજી ક્ષણે ત્યાંથી બે સંતપુરુષો અંદર આવ્યા.

હું બેઠેલો તે જ ખાટલા પર બેસી રહી વિચારવા લાગ્યો, ‘આ મહાત્માઓ વળી કોણ હશે ?’ એ બેમાંથી એકની ઉંમર તો ઘણી નાની હતી, લગભગ દશથી બાર વરસની અને બીજા વૃદ્ધ અને પ્રજ્ઞાચક્ષુ હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો હોવાની ખાતરી થઈ, કારણ એમણે એ સંપ્રદાયના સંતો પહેરે છે તેવાં લાલ રંગના ધોતીયાં પહેરેલાં, ઉપવસ્ત્ર ઓઢેલાં ને માથે ફેંટા બાંધેલા.

મારી અજાયબીની પરવા ન કરતાં એ મારી આગળ આવીને બેસી ગયા. મેં એમને ભારે આદર તથા પ્રેમથી પ્રણામ કર્યા એટલે પેલા મોટા સંતે કહ્યું : ‘અમે આકાશમાર્ગે ગઢડા જઈએ છીએ. રસ્તામાં આ ગામ આવ્યું. તમે અહીં રહો છો એની જાણ હોવાથી, તમને મળવા અમે આવી પહોંચ્યા. તમે રોજ રાતે ગીતા-પ્રવચન કરો છો તે ઘણું સારું છે. પ્રવચનમાં બીજા સાથે સ્વામીનારાયણ સંપ્રદાયનાં માણસો પણ આવે છે તે જોઈ આનંદ થાય છે.’

એ મહાપુરુષોને મળી, એમની વાતો સાંભળીને મને ઘણો આનંદ થયો. એમની સાથે વધારે વાત કરવાની ઈચ્છા તો હતી, પણ એ માટે અવકાશ ના રહ્યો. એમણે તરત કહ્યું : ‘હવે અમે જઈએ છીએ. આકાશમાર્ગે ગઢડા જઈ સવાર પડતાં પહેલાં અમારે પાછા ફરવાનું છે.’

એટલું કહી બેઉ સંતો ઊભા થયા.

બારણામાં ફરી પાછો પ્રકાશ થયો. પ્રકાશમાંથી તેઓ બહાર નીકળ્યા. હું પણ એમની પાછળ બહાર આવ્યો. જોતજોતામાં એ અદૃશ્ય થઈ ગયા.

મારી આંખ ઉઘડી ત્યારે એ અનુભવનો અસાધારણ અવર્ણનીય આનંદ મારા અંતરમાં કાયમ હતો. એ અદભુત સંતપુરુષોની અમીમયી આકૃતિ મારી આંખ આગળ રમી રહેલી.

એ સમર્થ સંતપુરુષો કોણ હશે ? ગીતાજીના બીજા અધ્યાયમાં લખ્યા મુજબ દુનિયાના બીજા લોકો રાતે અચેત બની ઊંઘતા હતા ત્યારે એમને ઊંઘ ન હતી. કોણ જાણે કયું વિશેષ પ્રકારનું કાર્ય કરવા, કોનું કલ્યાણ સાધવા, એ સ્વામીનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થસ્થાન ગઢડા તરફ જઈ રહેલા.

એ ગમે તે હોય તો પણ એમનું દર્શન આનંદદાયક હતું, એમાં કોઈ શંકા નથી. એમના અજબ અનુભવ અથવા સમાગમ પરથી મને લાગ્યું કે આ દેશમાં એવા કેટલાય મહાપુરુષો છે જે સુક્ષ્મ રીતે સર્વસાધારણ લોકોથી અજાણ રીતે વિચરણ કરે છે અને પોતાનું જીવનકાર્ય કરતા રહે છે. એમનું દર્શન એમના અનુગ્રહના ફળરૂપે કોઈક ધન્ય ક્ષણે થતું હોય છે, પરંતુ થાય ત્યારે ભારે આશીર્વાદરૂપ ઠરે છે.

એ અજ્ઞાત સંતપુરુષો ગમે તે હોય તો પણ તેમના ચરણે મારા પ્રેમપૂર્વક પ્રણામ છે. તેમની સ્મૃતિ સદાયને માટે પ્રેરણાત્મક છે.

☼ ☼ ☼ ☼ ☼



## ૨૧. સાધુનું અગ્નિસ્નાન

હિમાલયના ઉત્તરાખંડનું પવિત્ર સ્થળ દેવપ્રયાગ. બદરીનાથ અને કેદારનાથની યાત્રા કરનારને એનો પરિચય હશે જ. વર્ષો પહેલાં મારા એકાંતવાસ દરમ્યાન હું અહીં રહેતો. એક સાંજે મારા આશ્રમના ચોકમાં શાંતિપૂર્વક બેઠો હતો ત્યારે એક દાઢીધારી અને ભવ્ય મુખમુદ્રાવાળા સાધુ મારી પાસે આવી પહોંચ્યા.

મેં એમનો સત્કાર કરી પરિચય પૂછ્યો તો એમણે કહ્યું, 'મારું નામ યજ્ઞદેવ. હું અયોધ્યા તરફના એક મઠનો મહંત છું.'

'તમે દેવપ્રયાગ રહેવા આવ્યા છો ?'

'ના, રહેવા નથી આવ્યો. બદરીનાથની યાત્રા કરવા નીકળ્યો છું. અહીં અલકનંદા તથા ભાગીરથીનો પવિત્ર સંગમ થાય છે અને આ પર્વતમાળાનું અદભુત દૃશ્ય જોઈ મારું હૃદય પ્રસન્ન થયું એટલે મેં અહીં થોડાક દિવસ રહેવાનો નિર્ણય કર્યો છે.'

'તમે ક્યાં ઊતર્યા છો ?' મેં પૂછ્યું.

'ભાગીરથીના કાંઠે આવેલા વૈરાગી સાધુના આશ્રમમાં. એ સ્થળ પણ ઘણું એકાંત અને સુંદર છે. વળી બધી જાતની અનુકૂળતા હોવાથી મને ખૂબ ગમી ગયું છે.' એમણે કહ્યું.

'તમારી સાધના તો બરાબર ચાલતી હશે ને ?'

'હા. સાધના તો ચાલુ જ છે.' એમણે જરા અટકીને કહ્યું, 'પણ મારી સાધના થોડીક જુદી છે.'

'જુદી એટલે ?'

'યજ્ઞ સાધના. મને યજ્ઞમાં વધુ રસ છે. ભારતના જુદા જુદા ભાગોમાં મેં આજ સુધી ઘણા યજ્ઞો કર્યા છે. એ જ રીતે આ સ્થળે પણ યજ્ઞ કરવાનો વિચાર છે.'

'યજ્ઞથી તમને કાંઈ લાભ થાય છે ?'

'હા, તેથી માનસિક શાંતિ મળે છે ને ઈષ્ટકૃપાનો અનુભવ પણ થાય છે.'

અને બીજી થોડી વાતો કરી એ મહાત્મા પુરુષ વિદાય થયા. બીજી વાર આવ્યા ત્યારે એમણે કહ્યું, 'બદરીનાથ જવાનો વિચાર મેં માંડી વાળ્યો છે. અહીં થોડા વધુ દિવસો રહી જાઉં એવી પ્રેરણા મળે છે.'

અને બદરીનાથ જવાને બદલે તેઓ દેવપ્રયાગમાં જ રહી ગયા. થોડા દિવસો પછી એમણે એક યજ્ઞ શરૂ કર્યો. પુર્ણાહૂતિને દિવસે ઘણા સ્ત્રીપુરુષો એમનાં દર્શન કરવા ગયાં. બધાંએ મુક્તકંઠે કહ્યું, 'આવો વિધિસરનો યજ્ઞ દેવપ્રયાગમાં આજ સુધી થયો નથી.'

પૂર્ણાહુતિને દિવસે સાંજે મહાત્મા યજ્ઞદેવને પાલખીમાં બેસાડી એમના ભક્તો, પ્રસંશકો અને શિષ્યો તરફથી આખા ગામમાં ફેરવવામાં આવ્યા.

બીજે દિવસે મહાત્મા યજ્ઞદેવે બ્રહ્મભોજનનો કાર્યક્રમ રાખેલો. દેવપ્રયાગની વસ્તીના લગભગ બધા જ વર્ગને એમણે ભોજન માટે આમંત્રેલા. પરંતુ વિધિનું વિધાન કાંઈક જુદું જ હતું,

વૈરાગી સાધુના કુદરતી આશ્રમમાં વહેલી સવારથી જ જમણવાર બનાવવાની ધમાલ ચાલુ હતી ત્યારે યજ્ઞદેવ પર્વત ઉપર આવેલી યજ્ઞવેદી પાસે ગયા. થોડીવાર એની સામે જોઈ રહ્યા. એ પછી મનોમન

પ્રાર્થના કરી, એમણે ચારે તરફ નજર ફેરવી. પોતાને કોઈ જોતું તો નથી ને તેની ખાત્રી કરી લીધા બાદ તેઓ અજબ હિંમત કરીને પ્રજ્જવલિત યજ્ઞકુંડમાં બેસી ગયા. બેઠા પછી, બાજુમાં પડેલો ઘીનો ડબ્બો પોતાના જ હાથે દેહ પર ઠાલવી દીધો.

પછીની કલ્પના કરવી અઘરી નથી. અગ્નિની પ્રદીપ્ત જ્વાળાઓ એમના દેહને ચારે તરફથી ઘેરી વળી. જોતજોતામાં તેઓ બળીને ખાક થઈ ગયા.

લાંબા સમય સુધી યજ્ઞદેવજી નીચે ન આવ્યા એટલે એમના શિષ્યોને ચિંતા થઈ. ઉપર જઈને જોયું તો ગુરુદેવનો દેહ શાંત થઈ ગયેલો. આ જોઈ બધા ભક્તો તથા શિષ્યોને દુઃખ અને આશ્ચર્ય થયું.

થોડા વખતમાં તો યજ્ઞદેવજીના સમર્પણની વાત બધે ફેલાઈ ગઈ. લોકોનાં ટોળાં આશ્રમમાં આવવા લાગ્યાં. કોઈ અંજલી આપવા તો કોઈ કુતુહલવૃત્તિથી.

કોઈ અગમ્ય વિચાર, ભાવના કે પ્રેરણાથી યજ્ઞદેવે પોતાની આહુતિ આપી દીધેલી. આમ તેમણે શા માટે અને કયા હેતુથી કર્યું હશે તે સમજી શકાયું નહીં. ગમે તે કારણ હોય પણ લોકો માટે આ આહુતિ અશાંતિકારક થઈ પડી.

રામાયણમાં રામદર્શન કર્યા પછી શરભંગ મુનીએ પોતાનું શરીર બાળી નાખેલું એવું વર્ણન આવે છે; પરંતુ ત્યાં સાફ શબ્દોમાં લખાયું છે 'નાગઅગની તનુજારા' એટલે એમણે પોતાના શરીરને કોઈ સાધારણ અગ્નિથી નહિ, પરંતુ યોગાગ્નિથી બાળેલું.

યજ્ઞકુંડમાં બેસી, દેહની આહુતિ આપવાની આવી પદ્ધતિ આવકારદાયક અથવા અભિનંદનીય તો ન જ કહી શકાય. આમ કરવાથી કોઈનું કલ્યાણ નથી થતું.

મને આ સમાચાર સાંભળીને ઘણું દુઃખ થયું. ખાસ તો એટલા માટે થયું કે કાળ ભગવાને એક આશાસ્પદ યુવાન સાધુના જીવન પર આકસ્મિક અને કરુણ પડદો પાડી દીધો.

એ દિવસે વૈરાગી આશ્રમમાં કોઈ ભોજન લેવા ન ગયું. એ આશ્રમના-જોગીવાડાના વૈરાગી સાધુ દિવસો સુધી પેલા યજ્ઞકુંડ તરફથી અવારનવાર ચીપિયાના અવાજ અને મહાત્મા યજ્ઞદેવના મંત્રોના ધ્વનિ પણ સાંભળતા રહ્યા. રાત દરમ્યાન સંભળાતા એ અવાજોથી એમના શિષ્યો ભય પામતા.

આ પ્રમાણે સંભળાતા અવાજો એવા સત્યની સાક્ષીરૂપ હતા કે મહાત્મા યજ્ઞદેવજી યજ્ઞના ફળસ્વરૂપે આત્મસમર્પણના એ કહેવાતા પુણ્યથી સદગતિ નહોતા પામ્યા, પણ એમની દુર્ગતિ થઈ હતી.

યજ્ઞદેવજીનો આત્મા દેવપ્રયાગના એ આશ્રમના શાંત વાતાવરણમાં ભમી રહ્યો હોવાના ઘણા પુરાવા ત્યાર પછી તો સાંપડ્યા.

બિચારા યજ્ઞદેવજી ! એમને માટે યજ્ઞની આ છેલ્લી આહુતિ ઘણી ભારે પુરવાર થઈ હતી. આને આહુતિ-બલિદાન એવું કોઈ નામ આપી શકાય જ નહીં. એ તો એક પ્રકારનો આપઘાત જ હતો, એમાં કોઈ શંકા નથી. મહાત્મા પુરુષોએ આવા આત્મઘાતથી દૂર રહેવું જોઈએ. એમને માટે તે વધુ હિતકર્તા થઈ પડશે.

મને પણ થોડાક દિવસો તો આ ઘટનાએ વિચાર કરતો કરી મૂક્યો હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૨. સંતપુરુષે સ્વાગત કર્યું

અમુક મહાત્મા પુરુષો પોતાનું સ્થુલ શરીર છોડ્યા પછી પણ વધારે વ્યાપક, વિરાટ અને અસરકારક કાર્ય કરતા દેખાય છે. એવા અસીમ શક્તિશાળી મહાપુરુષોમાં ભગવાન કૃષ્ણ, રામ, શંકરાચાર્ય, વ્યાસ, શંકર, બુદ્ધ, મહાવીર ને ઈશુ ખાસ ઉલ્લેખનીય છે.

એમાંના અમુક પોતાના જીવન, કાર્ય, સદ્દપદેશ કે સાહિત્ય દ્વારા વ્યક્તિ કે સમષ્ટિ પર અસર પહોંચાડે છે. તો બીજા પોતાના ભક્તો, પ્રશંસકો કે શરણાગતોને પ્રેરણા આપી, ઘણી વાર માર્ગદર્શન પૂરું પાડી, દર્શનના દિવ્ય આનંદથી એમના જીવનમાં ક્રાંતિ લાવી, મદદરૂપ બને છે. એમની કરૂણા ને અનુગ્રહ જગતને અમૂલાં હોય છે.

એવા પ્રાતઃસ્મરણીય મહાપુરુષોમાં શિરડીના સંત સાંઈબાબા પણ આગવું સ્થાન ધરાવે છે.

એમણે શરીર તો છોડ્યું ઈ.સ. ૧૯૧૮માં, પરંતુ એમની શક્તિ ત્યાર પછી પણ ઉત્તરોત્તર કામ કરતી હોય એવા અનુભવો અત્યાર સુધી અનેક સ્ત્રીપુરુષોને થતા રહ્યા છે. સ્થુળ દેહ છોડ્યા પછીથી એમની શક્તિ વધુ સક્રિય બની હોવાનું લાગ્યા વિના નથી રહેતું. એ લાગણીના સાક્ષી એક નહિ પણ અનેક મળી રહેશે. એ બાબતમાં મારો જ એક અનુભવ અહીં આપું.

હિમાલયના મારા નિવાસ દરમ્યાન સાંઈબાબાએ મને પોતાની અહેતુકી કૃપાથી પ્રેરાઈને સૌથી પહેલાં દર્શન આપ્યું અને પછી અવારનવાર દર્શન આપીને જુદીજુદી રીતે મદદ કરી ત્યારે મારું મન એમના તરફ વધારે ખેંચાયું. એમની સુચનાને માન આપી સમય મળતાં એમનાં સુંદર સમાધિસ્થાનની મેં મુલાકાત પણ લીધી.

પાંચેક વાર શિરડીની મુલાકાત લીધી પછી મને થયું આપણે સાંઈબાબાની ઈચ્છા કે સૂચનાનુસાર શિરડી જઈએ છીએ, પરંતુ સાંઈબાબા એમના સ્થળમાં આપણો સત્કાર તો કરતા નથી ! એમની સૂચનાનુસાર આપણે ત્યાં જઈએ પણ એ તો શાંતિથી બેસી જ રહે છે. એમણે શું આપણો સત્કાર ના કરવો જોઈએ ! જો કે આપણે સત્કારની આછીપાતળી ઈચ્છાથી પણ એમની પાસે નથી જતા અને ન જ જઈએ, તો પણ શિરડી જઈ દરેક વખતે આપણે ઉતરવાની જગ્યા શોધવી પડે એ સારું કહેવાય ?

એનાં કરતાં એ એક અથવા બીજા રૂપમાં શિરડીમાં પ્રવેશતાં સામે આવે ને જગ્યા પુરી પાડે તો કેવું સારું ? આપણે આટલા બધા પ્રેમથી પ્રેરાઈને જઈએ ત્યારે એમણે પણ એમનો ધર્મ વિચારીને કશું કરવું જોઈએ ! એવી વાતો કરતા અમે મુંબઈથી શિરડી જઈ પહોંચ્યા.

એ દિવસે ગુરુવાર હોવાથી શિરડીમાં દર્શનાર્થીઓની ભીડ ઘણી વધારે હતી. ચિક્કાર ભરેલી મોટરો નવા નવા લોકોને લાવ્યે જતી હતી. જ્યાં જોઈએ ત્યાં લોકોનાં ટોળેટોળાં જોવા મળતાં. અમને આ સંજોગોમાં ઉતરવાની જગ્યા મળવાનું કામ મુશ્કેલ થશે એવું લાગતું હતું પરંતુ સાંઈબાબાની ઈચ્છા જુદી હતી.

અમે મોટરમાંથી ઉતરી આગળ વધ્યા ને ઓફિસના મકાન આગળ ગયા કે તરત લોકોના ટોળામાંથી એક ખેડૂત જેવો દેખાતો માણસ અમારી પાસે આવ્યો ને મને પૂછવા માંડ્યો, 'તમે અહીં રહેવાના છો ?'

મેં કહ્યું, 'હા રહેવાનો છું.'

'તમારે ઉતારો જોઈએ છે ? શિરડીના સરસ સ્થળમાં હું તમારું સ્વાગત કરું છું. આજે ભીડ ઘણી છે, એટલે તમને જગ્યા મળવી મુશ્કેલ છે. બધું ભરેલું છે. મારી પાસે પુરતી જગ્યા છે. એક અલગ ખંડ છે.'

'તમારું મકાન ક્યાં છે ?'

'સમાધિ મંદિરની બાજુમાં.'

'પણ આટલા બધા માણસોમાંથી કોઈ બીજાની પાસે જવાને બદલે તમે મારી પાસે કેવી રીતે આવ્યા ?'

'મને સાંઈબાબાએ પ્રેરણા કરી છે.'

'પ્રેરણા ?'

'હા. તમને જોઈ મને તમને આમંત્રણ આપવાનું મન થયું. એણે મને તમારી પાસે મોકલ્યો છે.'

મને નવાઈ લાગી. મારી સાથેના ભાઈઓ મારા કહેવાથી એ ભાઈનું ઘર જોઈ આવ્યા. એમણે ઉતારો સંતોષકારક હોવાનું જણાવ્યું એટલે અમે એમને ત્યાં ગયા.

મકાન સમાધિમંદિરની બાજુમાં અને ઘણું સ્વચ્છ તથા સુંદર હતું. એમાં રહેતાં અમને ઘણું સારું લાગ્યું. મારી સાથે આવેલા ભાઈઓની શ્રદ્ધા, ભક્તિ એ પ્રસંગથી સાંઈબાબામાં ઘણી વધી ગઈ. વધે એ સ્વાભાવિક હતું.

એ ભાઈઓએ કહ્યું, 'સાચું છે. એ શક્તિશાળી સંતે એ રીતે આપણને પોતાનો પ્રેમ અને અનુગ્રહ બતાવ્યો.'

મેલાં જેવાં વસ્ત્રોવાળા, ફેંટો બાંધેલા અને શ્યામ શરીરના એ ખેડૂત જેવા યજમાનને હું આજે પણ નથી ભૂલી શક્યો, અને ક્યારેય નહિ ભૂલી શકું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૩. સાંઈબાબાની શક્તિનો પરિચય

શિરડીના સમર્થ સંતશિરોમણી શ્રી સાંઈબાબાને કોણ નથી જાણતું ? એ બ્રહ્મલીન સંતની અસાધારણ શક્તિના પરચા અનેકને મળ્યા છે. એ મહાપુરુષે ઈ.સ. ૧૯૧૮માં સમાધિ લીધી ત્યાર પછી આજ સુધી, અનેકના જીવનમાં પ્રેરણા ભરીને કૈંકનો જીવનપંથ ઉજાળ્યો છે.

મને પોતાને એમની આવી શક્તિનો લાભ ઘણી વાર મળ્યો છે. એમના પરચાનો ઉલ્લેખ મેં પ્રસંગોપાત કર્યો પણ છે. એવો જ એક વધુ પ્રસંગ અહીં આપું છું.

મુંબઈથી શિરડીધામ જવા માટેનો રસ્તો ત્યારે ધાર્યા જેટલો સહેલો નહોતો. આજે તો સીધી સ્પેશિયલ બસ સર્વીસ શરૂ થઈ છે. ત્યારે પ્રવાસ કંટાળાજનક હોવા છતાં હું સાંઈબાબાની પ્રેરણાથી શિરડીધામની મુલાકાતે જતો.

સાત વર્ષ પહેલાં મારે શિરડી જવાનું થયું ત્યારે તો મેં સમાધિસ્થાનમાં ઊભા રહી, મારી સાથે આવેલાં ભાઈબહેનો સાંભળે તેમ સાંઈબાબાને ઉદ્દેશીને કહ્યું, 'આજ સુધી તો આપની પ્રેરણા અથવા સૂચનાને માન આપી હું અહીં આવ્યો છું પરંતુ મને થાય છે, કે આટલું કષ્ટ વેઠીને અહીં શા માટે આવવું ? બીજાને અનેક પ્રકારની આશા કે જિજ્ઞાસા હોવાથી આવે પણ મારે એવી કોઈ જરૂર નથી. દરેક વખતે તમારી પ્રેરણાથી આવ્યો છું. પણ હવે તો તમે પ્રેરણા કરશો તોય નહિ આવું. હવે તમારે મને અહીં લાવવો જ હોય તો કોઈ મોટરની વ્યવસ્થા કરશો તો જ આવીશ. તમારી અમાપ શક્તિ જોતાં તમારે માટે કશું અશક્ય નથી, મુશ્કેલ પણ નહિ.'

આમ બોલી સાંઈબાબાને પ્રણામ કરી અમે પાછા ફર્યા. આ વાતને ત્રણ વર્ષ થઈ ગયા. એ દરમ્યાન શિરડી આવવાની સુચના મળી પણ હવે એમ શિરડી જવાય ? શરત પ્રમાણે જરૂરી વાહન (મોટર) એમણે મોકલવું જ જોઈએ, નહિ તો મને ત્યાં જવાનો આગ્રહ જ ન રાખે.

મુંબઈમાં એકાદ બે ઓળખીતા ગૃહસ્થોને આડકતરી રીતે વાત કરી જોઈ, પણ મુંબઈ બહાર મોટર મોકલવા તેઓ તૈયાર નહોતા. મને શ્રદ્ધા હતી કે સાંઈબાબાની તીવ્ર ઈચ્છા હશે તો એ કોઈના દિલમાં પ્રેરણા કરી ધારેલું કામ કરી આપશે.

એ વખતે વાલકેશ્વરના એક આરોગ્યભુવનમાં મારો સત્સંગ ચાલતો. તેમાં એક મોટી વયના ભાવિક બહેન પણ આવતા. તેમની આર્થિક હાલત ઘણી સારી હતી. પ્રવચન પૂરું થયા બાદ એક વાર એમણે મને પૂછ્યું, 'તમે ક્યાંય ફરવા જતા નથી ?'

'કેમ ? હું રોજ જાઉં છું.' મેં કહ્યું.

'પગે ચાલીને જાવ છો ?'

'હા, મોટે ભાગે તો પગે ચાલીને જાઉં છું. કોઈ વાર બહુ દૂર જવાનું હોય તો ટેક્ષી કરી લઉં છું.'

'મને પણ કાંઈક સેવાનો લાભ આપોને ! મારી મોટર છે. તમે કહેશો ત્યારે મારો ડ્રાઈવર તમને ફરવા લઈ જશે.'

'જોઈશ.' મેં ટુંકેથી પતાવ્યું.

પછી પણ એ બહેને ત્રણ-ચાર વખત મોટરની સેવા બતાવવા કહ્યું. એમનો ભાવ તથા આગ્રહ જોઈ મેં સ્પષ્ટ વાત કરી, 'મારે મોટરની જરૂર છે. પણ મુંબઈમાં ફરવા માટે નહિ. મારે તો શિરડીધામ મોટર લઈ જવી છે.'

'કેટલા દિવસ થાય ?'

'ત્રણેક દિવસ થાય.'

આ સાંભળી પેલા બહેને કહ્યું, 'મોટર તમારી જ છે. હું ઘેર જઈ એમને પૂછી જોઈશ. એ ના તો નહિ પાડે.'

'તો તમે પૂછીને જવાબ આપજો.'

પછી એ બેન ગયા એટલે મને થયું કે સાંઈબાબાએ પોતાની ઈચ્છાનો અમલ કરવાની તૈયારી કરવા માંડી લાગે છે નહિ તો થોડા મહિનાથી પરિચયમાં આવેલા બહેન આટલા પ્રેમભાવથી બોલે જ કેમ ?

પરંતુ બીજા દિવસથી ત્રણ-ચાર દિવસ સુધી પેલાં બહેન દેખાય જ નહિ. સત્સંગમાં આવતા એમની બાજુમાં રહેતાં એક બહેને મને કહ્યું, 'એ તો ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયાં છે.' વધુ ખુલાસો કરતા એમણે વાત વિસ્તારથી કરી : ઘેર જઈને એમણે પતિદેવને મોટરની વાત કરી તો એકાએક ઉશ્કેરાઈને તેણે કહ્યું, 'સાધુસંતો માટે કાર નથી લીધી, સમજી ? આજથી તારે સત્સંગમાં પણ નથી જવાનું.'

હું બધી વાત સમજી ગયો. અમુક ભાઈઓ કહેવા લાગ્યા, 'આના કરતાં ટ્રેનમાં જાવ તો શું ખોટું ? રીઝર્વેશન કરાવી લઈએ. કશી તકલીફ નહિ પડે.' પણ મારું મન માન્યું નહિ.

ત્રણ-ચાર દિવસ પછી પેલાં મોટરવાળા બહેન સત્સંગમાં આવવા લાગ્યાં પણ મોટરની વાત એમણે કાઢી જ નહિ. મને પણ સામે ચાલીને પૂછવાનું ઠીક ન લાગ્યું. મેં વિચાર્યું, ઘણીવાર માણસની ભાવના હોવા છતાં પ્રતિકુળ સંજોગોને લીધે તેનો અમલ થઈ જ શકતો નથી.

બીજા ત્રણ દિવસ પસાર થઈ ગયા. ચોથે દિવસે સત્સંગ પૂરો થઈ ગયા પછી પેલાં બહેને મને પૂછ્યું, 'તમારે શિરડી ખરેખર જવું જ છે ?'

'હા. કેમ આમ પૂછો છો ?'

'તમારે મોટર ક્યારે જોઈએ ?' મને બીજો પ્રશ્ન કર્યો. હું એમની સામે તાકી રહીને બોલ્યો, 'જ્યારે મળે ત્યારે. રવિવારે પણ ચાલે. શું તમારી મોટરકાર મળી શકે તેમ છે ?'

'હા. પહેલાં તો એમણે ક્રોધે ભરાઈ સાફ ના પાડેલી. પણ આજે સવારે એમના મનને કોણ જાણે શું થયું કે એમણે જ એ વાત યાદ કરી મોટર આપવા હા પાડી છે.'

એટલામાં તો પેલા ભાઈ આવી પહોંચ્યા. રવિવારે શિરડી જવાનું નક્કી થતાં મેં પેટ્રોલ ખર્ચ આપવા કહ્યું, એટલે તે બોલ્યા, 'અમે તમારા જેવા સાધુપુરુષ પાસેથી પેટ્રોલનો ખર્ચ લઈએ ? સંતસેવાનો લાભ મળે એ જ સાચું ધન છે. હા, ડ્રાઈવર જરા ચાહનો રસિયો છે. એને જાળવી લેજો !'

'એની ચિંતા તમે ન કરતા, પણ તમને બે-ત્રણ દિવસ તકલીફ પડશે.'

'એનો કાંઈ વાંધો નહિ. રવિવારે અગિયાર વાગે ડ્રાઈવર સાથે મોટર લઈ આવી પહોંચીશ.'

*

અમે રવિવારે મોટરમાં શિરડી જવા ઉપડ્યા, ત્યારે પેલા ભાઈએ કહ્યું, 'શાંતિથી યાત્રા કરજો.'

એ બહેનની આંખ ભરાઈ આવી. એમના પતિદેવના મનમાં પલટો લાવનાર ને મારો નિર્ધાર સફળ કરનાર સાંઈબાબા જ હતા. એમની અગમ્ય શક્તિએ જ  અનુકુળતા કરી આપી હતી.

શિરડીના સમાધિમંદિરમાં સાંઈબાબાની પ્રતિમા સમક્ષ ઊભા રહી, હાથ જોડી મેં એમનો આભાર માન્યો અને કહ્યું, મને અહીં લાવો ત્યારે મોટરમાં જ લાવશો તો સારું, છતાં દરેક સંજોગોમાં તમારા પ્રત્યેનો મારો પ્રેમભાવ ટકી રહે એવું તો અવશ્ય કરજો.'

પ્રતિમા સજીવ બની. જાણે કે મારા શબ્દો સાંભળી સાંઈબાબા સ્મિત કરવા માંડ્યા !

☼ ☼ ☼ ☼ ☼

## ૨૪. મહાત્મા પુરુષોની અમોઘ શક્તિ

ઉત્તરાખંડના પવિત્ર પ્રદેશમાં આવેલ નિસર્ગરમ્ય સ્થળ દેવપ્રયાગ બહુ જ સોહામણું છે. હરદ્વાર અને ઋષિકેશથી આગળ વધી, બદરી-કેદારની યાત્રાએ જનારના માર્ગમાં એ સ્થળ તો આવે જ.

ઊંચા પર્વતોની ગોદમાં વસેલા એ સ્થળમાં પ્રવેશતાં જ પ્રવાસીનું મન મુગ્ધ બની છલકાઈ ઊઠે છે. અલકનંદા અને ભાગીરથી નદીના સંગમની આજુબાજુ વસેલું દેવપ્રયાગ, ખરેખર, એના નામ પ્રમાણે દેવોના પ્રયાગ જેવું જ દેખાય છે.

આજથી લગભગ વીસ વર્ષ પહેલાં ત્યાં એક એકાંતપ્રિય મહાત્મા રહેતા. એમની વય ઘણી નાની હોવા છતાં, દેવપ્રયાગના લોકો એમને ખૂબ પૂજ્યભાવે જોતા. એ મહાત્મા ગામથી થોડે દૂર જંગલમાં આવેલ કોઈ જમીનદારના મકાનમાં રહેતા. લોકો સાથે એમનો બહુ ઓછો-જરૂર પૂરતો જ સંપર્ક રહેતો. તેમનો મોટા ભાગનો સમય સાધના તેમજ આત્માનુસંધાનમાં પસાર થતો.

એકવાર તેઓ રહેતા એ મકાનના માલિક-જમીનદારે એમને ત્યાં આવીને કહ્યું, ‘મારા જીવનમાં સર્વ પ્રકારનું સુખ છે-પણ પુત્રસુખની ઊણપ છે, એથી મારી માતાનું મન ઉદ્વિગ્ન રહે છે. ઘરમાં પણ શાંતિ રહેતી નથી.’

‘પુત્ર થવાથી શાંતિ મળશે જ એમ કેમ માનો છો ?’ મહાત્માએ પૂછ્યું, ‘સંતાનથી કોઈને શાંતિ મળી છે ? તમે તો પંડિત અને વિચારશીલ છો, એટલે સહેલાઈથી સમજી શકો છો કે શાંતિ બહારથી નહિ, પણ પોતાની અંદરથી જ મળે છે.’

‘છતાં મારે પુત્ર જોઈએ છે, ને મને ખાત્રી છે, કે પુત્રપ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી મારું ચિત્ત અશાંત જ રહેશે.’ પંડિત જમીનદાર બોલ્યા.

‘તમારે બે પુત્રીઓ છે તેને પુત્ર સમોવડી માની લો તો ?’

‘નથી માની શકતો એટલે હૃદય દુઃખી રહે છે.’ અને થોડી વાર શાંત રહ્યા બાદ જમીનદાર આગળ બોલ્યા, ‘મને અત્યારની સ્ત્રીથી પુત્ર નહીં મળી શકે, એમ મારા ગ્રહયોગો કહે છે. જ્યોતિષશાસ્ત્રમાં નિષ્ણાત હોવાનો મારો દાવો છે. અને કુંડલીનો અભ્યાસ તથા ગણતરીથી મેં જાણી લીધું છે કે આ પત્ની મને પુત્ર નહીં આપી શકે. બીજી પત્ની કરવી જ પડશે.’

જમીનદારની આવી વાત સાંભળી મહાત્મા પુરુષે ચમકીને પૂછ્યું, ‘બીજી પત્ની ? તમારા જેવા પંડિત અને શાણા પુરુષ બીજી સ્ત્રી કરે તે શું સારું કહેવાય ? એથી તમારી અત્યારની સ્ત્રીને કેટલું દુઃખ થાય તેનો વિચાર તો કરી જુઓ. વળી સામાન્ય લોકો પર પણ તેની કેવી છાપ પડે ? તમારું વર્તન તો લોકદૃષ્ટિએ પણ આદર્શ અને અનુકરણીય હોવું જોઈએ.’

મહાત્માના આ શબ્દોની કોઈ અસર જમીનદાર ઉપર થઈ નહીં. એમણે સ્પષ્ટ શબ્દોમાં કહી નાખ્યું, ‘મેં તો બીજી પત્ની કરવાનો નિર્ણય કરી લીધો છે, અને આપના આશીર્વાદ માટે જ અહીં આવ્યો છું.’

‘આવા અયોગ્ય કાર્ય માટે મારા આશીર્વાદ કેમ મળે ? તમે બીજી પત્ની કરીને અત્યારની સ્ત્રીના જીવનને વધારે દુઃખી બનાવી દેશો. અને એ બીજીને પણ પુત્ર નહિ થાય તો શું કરશો ?’

'બીજી પત્નીને જરૂર પુત્ર થશે.'

'તમે શી રીતે જાણ્યું ?'

'મારા ગુરુનો પણ એ જ અભિપ્રાય છે. તેઓ જ્યોતિષના ખુબ અભ્યાસી અને અનુભવી છે. ગઢવાલમાં જ નહિ પણ ભારતમાંય એમના જેવા જ્યોતિષાચાર્ય ભાગ્યે જ મળી શકે. છેલ્લા બે દિવસથી તેઓશ્રી મારે ત્યાં પધાર્યા છે. એમના પ્રત્યે મને ભારે શ્રદ્ધાભક્તિ છે, અને એમના આશીર્વાદ પણ મળી ગયા છે.'

'ત્યારે તો બીજાં લગ્ન કરવાનાં જ છો ?'

'જરૂર. મારો એ નિર્ધાર છે.' જમીનદાર બોલ્યા.

'મને તમારો આ વિચાર પસંદ નથી.' મહાત્મા મક્કમતાથી બોલ્યા.

'પણ મારા ગુરુને પસંદ છે, એટલે મને નિરાંત છે.'

'મારો અંતરાત્મા કહે છે, કે તમારા ગુરુજીનું કથન બરાબર નથી. મારું માનો તો હજુ પણ નિર્ણય બદલો અને બીજું લગ્ન કરવાનું માંડી વાળો. તમને પુત્રસુખ મળશે પણ તે નવી પત્નીથી નહિ, જૂની સ્ત્રીથી જ મળશે. હું ઈશ્વરની અનંત કૃપાથી એ જાણી શક્યો છું.'

'આપની વાતમાં મને શ્રદ્ધા નથી બેસતી.' જમીનદારે કહ્યું.

'તો પછી જોયા કરો. મારી આગાહી જરૂર સાચી પડશે.' મહાત્મા પુરુષ આટલું બોલી પોતાના કામમાં લાગી ગયા, ને પંડિતજી પોતાના ઘર તરફ વળ્યા.

એ પછી પંદર દિવસમાં જ પેલા જમીનદાર-પંડિતે ફરીથી લગ્ન કર્યું. અલબત્ત ધામધૂમથી નહિ-પણ શાંતિથી, ગુપ્ત રીતે. એમની જૂની પત્ની અણમાનીતી બની, આંસુ સારતી રહી.

આ વાતને લાંબો સમય થઈ ગયો. નવી પત્નીને એક પુત્રી થઈને ગુજરી ગઈ. બીજી દીકરી આવી. પંડિતજી અને નવી સ્ત્રી પુત્રની આશામાં દિવસો પસાર કરવા લાગ્યાં.

બીજા લગ્ન પછી ત્રણેક વરસે પંડિતજી એક વાર પેલા મહાત્મા પુરુષને લઈ, દેવપ્રયાગથી દશ-બાર માઈલ દૂર આવેલા ચંદ્રવદની દેવીના એકાંત સ્થળે થોડાક દિવસો રહેવા અને એક શેઠનું અનુષ્ઠાન કરવા ગયા. અનુષ્ઠાન પૂરું કરી, બીજા બે-ત્રણ પંડિતો સાથે, પર્વત પરથી નીચે ઊતરી રહ્યા હતા ત્યારે રસ્તામાં, એક ભાઈનો મેળાપ થયો. એ ભાઈએ કહ્યું : 'હું આપને ખાસ શુભ સમાચાર આપવા આવ્યો છું. તમારે ઘેર આજે પુત્રજન્મ થયો છે.'

આ શુભ સંદેશ સાંભળી, પંડિતજીના આનંદનો પાર રહ્યો નહીં. એમની લાંબા સમયની એક માત્ર આશા પાર પડી હતી.

'પુત્ર કોની કુખે આવ્યો ? નવીને કે જૂનીને ?' મહાત્માએ પૂછ્યું.

'જૂની સ્ત્રીને.' વધામણી લાવનાર ભાઈ બોલ્યો.

'ઈશ્વરે સારું કર્યું. એને ન્યાય મળ્યો. હવે તે શાંતિથી જીવી શકશે.'

અને પેલા જમીનદાર-પંડિત મહાત્મા પુરુષના પગમાં પડી ગયા.

*

થોડા મહિના પછી પેલી નવી પત્નીને ક્ષયરોગ લાગુ પડતાં તે મરણ પામી અને એ ઘટનાને વધારે વખત વીતે તે પહેલાં જૂની સ્ત્રી પણ મૃત્યુ પામી. એની યાદગીરી સાચવતો પુત્ર આજે તો મોટો થઈ ગયો છે અને હાઈસ્કૂલમાં ભણે છે.

પેલા મહાત્મા પુરુષે પણ દેવપ્રયાગ છોડી દીધું છે. પરંતુ આ ઘટનાના સાક્ષીરૂપ પંડિતજી તેમજ એમના સાથીદાર દેવપ્રયાગમાં હજુ છે.

મહાત્મા પુરુષોની વાણીની અમોઘતાનો આ પ્રેરણાદાયક પ્રસંગ છે. જ્યોતિષનો પ્રકાશ નથી પહોંચતો ત્યાં અવધુત-યોગીઓની આત્મજ્યોતિ પહોંચી જાય છે. એમની અમોઘ શક્તિ બીજી બધી શક્તિઓથી વધી જાય છે, એની પ્રતીતિ આ પ્રસંગ સહેલાઈથી કરાવી આપે છે. એવા મહાત્મા પુરુષોની અસીમ શક્તિને આપણા વારંવાર વંદન !

☼ ☼ ☼ ☼ ☼

## ૨૫. વિવેકાનંદે જોયેલો પ્યાલો

વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદ મહાન જ્ઞાની, કર્મયોગી તથા માનવતાપ્રેમી તો હતા જ. એમના દિલમાં દેશને માટે ને દુનિયાના બધા જ નાનામોટા પીડિત ને બંધનગ્રસ્ત જીવોને માટે લાગણી હતી એ પણ સાચું, પરંતુ એમના જીવનનું એક બીજું પાસું પણ હતું. અનંત આત્મબળ અને એની પાછળ એમના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસની કૃપા તથા એમની પોતાની ઊંડી સાધના કામ કરતી હતી એ બહુ ઓછા માણસો જાણી શક્યા હશે.

એમના એ અદભુત આત્મબળનો અથવા એમની અસાધારણ શક્તિનો પરિચય આપતો એક પ્રસંગ અહીં લખી રહ્યો છું. તેના પરથી એ મહાપુરુષને માટે આપણા દિલમાં માન પેદા થશે. એટલું જ નહિ, પરંતુ વિવેકાનંદને જોવાની કે મૂલવવાની એક નવી જ દૃષ્ટિ પણ મળી રહેશે.

એ પ્રસંગ કોઈ સામાન્ય મનુષ્યે નથી લખેલો, પરંતુ વિવેકાનંદ પછી લાંબે વખતે અમેરિકા ગયેલા તથા ત્યાં વરસો સુધી રહેલા સ્વામી યોગાનંદે વર્ણવ્યો છે. એમની આત્મકથાના 'હું પશ્ચિમમાં પાછો ફરું છું' પ્રકરણમાં એ અમર છે.

યોગાનંદજી જ્યારે ભારતની મુલાકાત લઈને અમેરિકા પાછા ફર્યા ત્યારે ત્યાંના ભક્તો તથા શિષ્યોને માટે કેટલીક ભેટો લઈ ગયા.

પોતાના ભક્તોમાંના એક મિસ્ટર ડીકીન્સને એમણે એક ચાંદીનો પ્યાલો અર્પણ કર્યો. તે જોઈને ડીકીન્સને આનંદના ઉદગાર કાઢ્યા, 'આ ચાંદીના પ્યાલાની હું છેલ્લા તેંતાલીસ વરસથી પ્રતિક્ષા કરતો'તો.'

યોગાનંદે પૂછ્યું, 'કેવી રીતે ?'

એમણે કહ્યું, 'વાત ઘણી લાંબી છે. અને અત્યાર સુધી મેં એને મારા હૃદયમાં સાચવી રાખી છે. મારી ઉંમર ફકત પાંચ વરસની હતી ત્યારે મારા મોટા ભાઈએ મને રમતાં રમતાં પંદર ફૂટ ઊંડા પાણીમાં ધક્કો માર્યો. તે વખતે હું ડૂબવાની તૈયારીમાં હતો. ત્યારે મને કોઈ રંગબેરંગી પ્રકાશ દેખાયો અને એની વચ્ચે કોઈ શાંત પ્રસન્ન નેત્રોવાળી માનવઆકૃતિનું મને દર્શન થયું. પછી તો મારા ભાઈ તથા મારા મિત્રોની મદદથી હું બચી ગયો.'

'એ પછી બરાબર બાર વરસે, મારી ઉંમર સત્તર જેટલી હતી ત્યારે, મારી માતા સાથે મારે ચિકાગો જવાનું થયું. ઈ.સ.૧૮૯૩માં તે વખતે ત્યાં સર્વધર્મ પરિષદ ચાલતી હતી. મારી માતા સાથે એક દિવસ મુખ્ય રસ્તા પરથી પસાર થતી વખતે મેં અચાનક બીજી વાર એ પ્રબળ પ્રકાશનું દર્શન કર્યું. રસ્તાથી થોડેક દૂર મને એક માણસ દેખાયા. જેમને મેં સ્વપ્નમાં વરસો પહેલાં જોયા હતા. એ સભાખંડ તરફ ચાલ્યા ને અંદર પ્રવેશ્યા.'

'માતા !' મેં મારી માતાને કહેવા માંડ્યું, 'હું પાણીમાં ડૂબતો હતો ત્યારે આ જ માણસે મને દર્શન આપેલું.'

અમે સભાખંડમાં પ્રવેશ્યા. એ માણસ પ્લેટફોર્મ પર બેઠા હતા. અમને માહિતી મળી કે એ સ્વામી વિવેકાનંદ હતા. એમના પ્રેરણાત્મક પ્રવચન પછી હું એમને મળવા ગયો. એ મને લાંબા વખતથી ઓળખતા

હોય તેમ મારી તરફ જોઈને હસ્યા. મારે એમને ગુરુ કરવા'તા. પરંતુ મારા વિચારને વાંચી લઈને એના ઉત્તરરૂપે એ કહેવા માંડ્યા : 'ના, હું તારો ગુરુ નથી. તારા ગુરુને આવવાની હજી વાર છે. તે પાછળથી આવશે ને તને ચાંદીનો પ્યાલો આપશે.'

થોડી વાર અટક્યા પછી એમણે સ્મિતપૂર્વક કહેવા માંડ્યું, 'એ તારા પર તું આજે અનુભવી શકવાને યોગ્ય છે ... એથી પણ વિશેષ કૃપા વરસાવશે.'

એ પછી અમે ચિકાગો છોડ્યું અને મહાન સ્વામી વિવેકાનંદની મુલાકાત ફરી ન થઈ. વરસો વીતી ગયા છતાં કોઈ ગુરુ ના મળ્યા ત્યારે ઈ.સ.૧૯૨૫માં એક રાતે ગુરુને માટે મેં અત્યંત ઉત્કટ ભાવે પ્રાર્થના કરી. થોડાક કલાક પછી સંગીતના સુંદર સરોદો સાથે કોઈએ મને નિદ્રામાંથી જગાડ્યો.

બીજે દિવસે સાંજે જીવનમાં પહેલી જ વાર મેં અહીં લોસ એન્જેલીસમાં તમારું પ્રવચન સાંભળ્યું અને મને ખાતરી થઈ કે મારી પ્રાર્થનાનો સ્વીકાર થયો છે. છેલ્લા અગિયાર વરસથી હું તમારો શિષ્ય થયો છું. ચાંદીના પ્યાલાની વાત યાદ કરીને મને વારંવાર વિસ્મય થતું. કેટલીક વાર એમ પણ થતું કે વિવેકાનંદના શબ્દોનો ફકત ભાવાર્થ લેવાનો હશે. પરંતુ નાતાલની રાતે તમે ચાંદીના પ્યાલાવાળી પેટી ભેટ આપી ત્યારે મારા જીવનમાં મને ત્રીજી વાર એ પ્રબળ પ્રકાશનું દર્શન થયું. બીજી જ ક્ષણે મારી નજર ચાંદીના પ્યાલા પર પડી જેને વિવેકાનંદની દિવ્ય દૃષ્ટિ તેંતાલીસ વરસ પહેલાં જોઈ ચૂકી હતી. વિવેકાનંદના શબ્દોનું સાચું રહસ્ય મને ત્યારે જ સમજાયું.'

☼ ☼ ☼ ☼ ☼

## ૨૯. ઈશ્વરની કૃપાનું દર્શન

'પર્વતોની રાણી'ના રોચક નામે ઓળખાતી મસુરી નગરીના લાંબા યા ટૂંકા પ્રવાસે જે આવ્યા હશે તેમણે ત્યાં આવેલી ચિત્રશાળાનું દર્શન જરૂર કર્યું હશે. એ ચિત્રશાળાના આચાર્ય શ્રી રૂપકિશોર કપુરે તૈયાર કરેલાં દેશનેતાઓનાં, દેવીદેવતાઓનાં ને વિવિધ પ્રસંગો તથા પ્રકૃતિનાં અસંખ્ય નાનામોટાં ચિત્રોની કલાત્મકતા જોઈ કેટલાય રસજ્ઞોએ રસ માણ્યો હશે અને સંવેદના અનુભવી હશે. એ સુંદર ચિત્રશાળાને મસુરીની જ નહીં, પરંતુ આખા દેશની મહામૂલી સાંસ્કૃતિક મૂડી કહેવામાં જરાય અતિશયોક્તિ નથી થતી.

ગુરૂજીના સારવાહી મીઠા નામથી ઓળખાતા શ્રી રૂપકિશોર કપુરની એ સુંદર ચિત્રશાળાના આખા મકાનને ગયા એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં એક રાતે એકાએક આગ લાગી.

એ મકાનમાં ચિત્રશાળા ઉપરાંત બીજી ચાર જુદી જુદી દુકાનો પણ હતી. રાતે એમાં રહેનારા માણસો કામકાજથી પરવારી સુવા ગયા. ગુરૂજી પણ સુવા ગયા. એ જ વખતે મકાનને ઉપલે માળે ફાટી નીકળેલી આગ પવનની મદદથી ચારે તરફ જોરથી ફેલાવા લાગી.

ગુરૂજીને કોઈએ બૂમો પાડીને જગાડ્યા અને ભડકે બળતી આગથી માહિતગાર કર્યા. ગુરૂજી બીજા પડોશીઓની પેઠે જાગ્યા ને બહાર નીકળ્યા. આગ તો એટલી બધી ઝડપથી ફેલાતી જતી'તી કે મકાનમાંથી કોઈ વસ્તુને કાઢવાનું અશક્ય હતું.

આગ એક બાજુએ નહિ પરંતુ ચારે તરફ લાગેલી ને પ્રમત્તની પેઠે સાનભાન ભૂલી વધવા માંડેલી. થોડોક વધારે વખત થયો હોત તો ગુરૂજી પોતે પણ ના બચત. લથડિયું ખાતા ગુરૂજી મકાન સામેના વૃક્ષ પાસે બેસી ગયા. સર્વભક્ષી અગ્નિએ પોતાની અનંત જ્વાળાઓથી થોડા જ વખતમાં આખાય મકાનને ભસ્મીભૂત કરી દીધું. પ્રસંગ અત્યંત ભયંકર ને કરુણ હતો.

એની માહિતી મળવાથી મસુરીના ઘણા લોકો ત્યાં એકઠા થઈ ગયા. તેઓ ગુરૂજીને આશ્વાસન આપવા લાગ્યા, તો એમણે કહ્યું, 'મને તો ઈશ્વરની આવી લીલાનું દર્શન કરવામાં આનંદ આવે છે.'

એ લોકો સમજ્યા-ગુરૂજી પાગલ થઈ ગયા લાગે છે ! મસુરીમાં આગ ઓલવવાનાં પુરતાં સાધનોનો અભાવ હતો. વળી આગ હતી પણ ખૂબ ભયંકર, એટલે દોઢથી બે કલાકમાં તો આખું મકાન સ્વાહા થઈ ગયું.

એક પંજાબી કુટુંબ ગુરૂજીને પોતાને ત્યાં લઈ ગયું. બીજે દિવસે એ દહેરાદૂન ગયા. એમનું મન હવે મસુરી પરથી ઊઠી ગયું. પરંતુ ઈશ્વરની યોજના જુદી હતી.

દહેરાદુનમાં આખી રાત એમને ઊંઘ જ ન આવતાં બીજે દિવસે એ પાછા મસુરી આવ્યા. ત્યાં એમને રહેવા માટે બીજું નાનું મકાન મળી ગયું.

એમની ચિત્રશાળાના વિનાશના સમાચાર સાંભળી એમના અસંખ્ય પ્રેમી, પ્રશંસકો તથા શુભેચ્છકોએ દુઃખ પ્રકટ કર્યું અને એમની પ્રત્યે સહાનુભૂતિ બતાવી. પ્રસંગ અતિશય દુઃખદાયી હોવા છતાં આશ્ચર્યની વાત તો એ હતી કે ગુરૂજીનું મન સંપુર્ણ સ્વસ્થ હતું.

એમણે બધાંને કહ્યું, 'આગની ઘટનાનું મને લેશ પણ દુઃખ નથી. પણ એમાં ઈશ્વરની કૃપાનું જ દર્શન થઈ રહ્યું છે. છેલ્લા કેટલાય વખતથી મને ચિત્રશાળાના ભવિષ્યની ચિંતા થતી કે ઈશ્વર એનો કોઈક ઉકેલ લાવે તો સારું. એ આવો અજબ ઉકેલ લાવશે તેની મને કલ્પના પણ નહીં. પરંતુ હવે ઉકેલ આવ્યો જ છે તો મારે એની સામે કશો બડબડાટ કરવાનો ન હોય, એને માથે ચડાવવાનો હોય. સર્જન અને વિસર્જન તો સૃષ્ટિનો ક્રમ છે. ચિત્રશાળાને છોડીને મારે જવાનું જ હતું. તેને બદલે ચિત્રશાળા મને છોડી ગઈ, એ મારે માટે સારું જ થયું છે. મારી રહીસહી મમતા પણ દૂર થઈ. ઈશ્વર આપણા જીવનમાં કેવી રીતે ને કયે વખતે કલ્યાણકારક થાય છે તેની ખબર આપણને નથી પડતી. મારા જીવનમાં અત્યાર પહેલાં કદી પણ નહોતી મળી એવી ઊંડી ને સાચી શાંતિનો અનુભવ હું કરી રહ્યો છું. ઈશ્વરે મને મારી પ્રિય વસ્તુથી વંચિત કરીને અત્યંત અમુલખ વસ્તુ પૂરી પાડી છે. જીવનમાં મેં જે સંતોનો અનુભવ કર્યો છે તેના ફળરૂપે મને આવો વિવેક આવી મળ્યો છે.'

ખરેખર એમનો એ વિવેક પ્રશસ્ય હતો. મહાન સંતો પણ વસ્તુના વિયોગથી દુઃખી થઈ જાય છે ને મનની સ્થિરતાને ખોઈ બેસે છે ત્યારે ગુરૂજીની દૃષ્ટિ ને વૃત્તિ સાચે જ અભિનંદનીય હતી. સમજુ માણસ પણ સમય પર શોક કરવા બેસે છે ત્યારે ગુરૂજી તદ્દન સ્વસ્થ હતા એ ઈશ્વરની કૃપા જ નહિ તો બીજું શું ? સર્જનની પેઠે સર્વનાશમાં પણ એ ઈશ્વરની કૃપાનું જ દર્શન કરી રહેલા. એવી દૃષ્ટિ સહુમાં આવી જાય તો જીવનના કેટલાં બધાં દુઃખ ઓછાં થઈ જાય !

મસુરીમાં આજે ચિત્રશાળા તો નથી-પરંતુ એના જનક, જીવનનાં સાચા કલાકાર-ગુરૂજી છે અને એમનો સમાગમ કરવા જેવો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૭. કુંડલિનીનો અનુભવ

જેમ ભારતમાં તેમ ભારતની બહારના દેશોમાં પણ યોગવિદ્યાના રસિયા અથવા તો અધ્યાત્મમાર્ગના મુસાફરો થાય છે જ.

એમાંના કેટલાય ઊંચી કોટિની જિજ્ઞાસાવૃતિથી પ્રેરાઈને આ દેશોમાં આવે છે તો કેટલાક એમના દેશમાં રહીને જ સાધનાના ક્ષેત્રમાં આગળ વધવાના પ્રયાસો કરે છે.

એમની પ્રકૃતિ ને રૂચિ ભિન્ન ભિન્ન હોવા છતાં, યોગની સાધનામાં એમને વધારે રસ હોય છે એ સાચું છે અને પોતપોતાની રૂચિ કે પ્રકૃતિ પ્રમાણેના પથપ્રદર્શકની પ્રાપ્તિ પણ એમને થઈ રહે છે.

પરંતુ કોઈ કોઈ જિજ્ઞાસુ સાધક એવા પણ હોય છે જેમને યોગ્ય માર્ગદર્શક નથી મળતા અને એને લીધે એ એકલે હાથે જ પ્રયોગો કર્યા કરે છે.

અમેરિકાના એવા જ એક પ્રયોગવીરને ભારતના યોગગ્રંથોનો અભ્યાસ કરીને પ્રશ્ન થયો કે યોગના ગ્રંથોમાં જે મૂલાધાર ચક્રમાં રહેલી, સર્પાકાર, કુંડલિની શક્તિનું વર્ણન કરવામાં આવે છે અને જે જુદાં જુદાં છ ચક્રોનો ઉલ્લેખ છે તે ચક્રો તથા કુંડલિની શક્તિ શરીરમાં ખરેખર છે કે પછી તેમનું ખોટું જ વર્ણન કરવામાં આવ્યું છે ? જો તેમની હયાતી હોય તો તેમનું દર્શન શરીરમાં થવું જ જોઈએ, નહિ તો પછી તેમનું વર્ણન કોઈ પણ જાતના આધાર વિના જ, મનમાની રીતે કરવામાં આવ્યું છે એમ માની લેવું જોઈએ.

બસ પછી તો શું ?

પ્રયોગવીર કોઈ સાધારણ માણસ ન હતા, પરંતુ ડોક્ટર હતા. પોતાની જિજ્ઞાસાવૃતિ સંતોષવાનો એમણે સંકલ્પ કર્યો. અને એ જ સંકલ્પના અમલ માટે એક વિચિત્ર પ્રકારની પ્રવૃતિ શરૂ કરી.

એમણે શું કરવા માંડ્યું તે જાણો છો ?

તમે કદાચ તેની કલ્પના પણ નહિ કરી શકો, પરંતુ તેમણે મરેલા માણસના શરીરને મેળવીને ચીરવા માંડ્યું. આખા શરીરને ચીરી નાખ્યું, પરંતુ એમને જે જોઈતું'તું તે ના મળ્યું. ચક્ર કે કુંડલિની કશું જ નહિ દેખાયું.

છતાં પણ એ હતાશ થાય એવા ક્યાં હતા ?

એવી જ રીતે ઊંડી જિજ્ઞાસા અને અદમ્ય ઉત્સાહ વૃતિથી પ્રેરાઈને એમણે બીજા મડદાંને ચીર્યું, ત્રીજાને ચીર્યું, ચોથાને ચીર્યું, અને એ પ્રમાણે બીજા કેટલાય મડદાંને ચીરી નાખ્યા. તો પણ એમને કુંડલિની કે ચક્ર કશાનો અનુભવ ના થયો ત્યારે એમની ધીરજ ખૂટી. યોગના ગ્રંથો પરથી એમનો વિશ્વાસ ઊઠી ગયો અને એ જ્યાં ત્યાં તથા જેને તેને કહેવા માંડ્યા કે ભારતના યોગગ્રંથો ખોટા છે અથવા તો વધારે પડતા મિથ્યા વર્ણનોવાળા છે.

પરંતુ જેના દિલમાં સત્યનો સાક્ષાત્કાર કરવાની સાચી લગની હોય છે તેને ઈશ્વર એક કે બીજી રીતે અને વહેલી કે મોડી મદદ કરે છે જ. એ એક અચૂક નિયમ છે. એ પ્રમાણે એ દિવસોમાં ભારતના એક પ્રતિભાશાળી અનુભવી, મહાન યોગી સ્વામી યોગાનંદ અમેરિકાના પ્રવાસે ગયા.

તે દરમિયાન પેલા પ્રયોગવીર છતાં પ્રયોગ કરીને થાકેલા તેમજ પ્રયોગો પરથી શ્રદ્ધા ખોઈ બેઠેલા ડોક્ટર એમના સંપર્કમાં આવ્યા.

વિષય નીકળતા એમણે યોગાનંદની આગળ પોતાની યોગમાર્ગની અશ્રદ્ધા વ્યક્ત કરી ને ચક્રો તથા કુંડલિની બધું ખોટું છે એવું કહી બતાવીને પોતે કરેલા પ્રયોગોનો ઈતિહાસ કહી સંભળાવ્યો.

યોગાનંદે કહ્યું, 'યોગના ગ્રંથોની વાતો ખોટી નથી, પરંતુ તમારી પ્રયોગ કરવાની પદ્ધતિ ખોટી છે. તેથી જ તમને નિરાશા થઈ છે. જો યોગ્ય માર્ગદર્શન મેળવીને સાચી દિશામાં પ્રયાસ કરો તો ગ્રંથોમાં કહેલા અનુભવો તમને જરૂર થઈ શકે. કુંડલિની, ચક્ર ને આત્મા સુક્ષ્મ પદાર્થો હોવાથી, હજારો મડદાંને ચીરશો તો પણ નહિ જોઈ શકો. એમના અનુભવ માટે તો અંદરની સાધનાનો આધાર લેવો પડશે.'

યોગાનંદે ડોક્ટરની ઈચ્છા પ્રમાણે એમને યોગની દીક્ષા આપી ને સાધનાનો ક્રમ બતાવ્યો. એ સાધનાના પરિણામરૂપે એ લાંબે વખતે કુંડલિની ને ચક્રોનો અનુભવ કરી શક્યા. ત્યારે એમને સમજાયું કે બધી વાતો સાચી છે.

પછી તો એમણે કુંડલિની પર પોતાના અનુભવના આધાર પર એક પુસ્તક લખ્યું 'ધી સરપન્ટ પાવર.'

સાધના કે યોગની શાસ્ત્રીય વાતોને કોઈ પણ જાતના વ્યક્તિગત અનુભવ કે એ અનુભવ માટેના અખંડ અભ્યાસ વિના મિથ્યા માનનાર કે મનાવનાર માણસો આ પ્રસંગમાંથી કાંઈ ધડો લેશે ખરા ? એમને માટે ને બીજા બધાને માટે આ પ્રસંગ બોધપાઠરૂપ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૮. દયાનું દર્શન

અનુભવી મહાપુરુષો, સંતો, ભક્તો કે વિદ્વાનો કહે છે કે ઈશ્વર જે કરે છે તે મંગલને માટે જ કરે છે. એવો સજીવ વિશ્વાસ માનવના મનમાં દૃઢ બની જવો જોઈએ. એ વિશ્વાસ હમેશાં કલ્યાણકારક છે. જીવનમાં કેટલીય વાર એ વિશ્વાસની કસોટી કરનારા પ્રસંગો પેદા થાય છે અને ખાસ કરીને પ્રતિકૂળ પરિસ્થિતિમાં એની કસોટી વધારે થાય છે. એવે વખતે પણ ઈશ્વરની મંગલમયી ઈચ્છા તથા યોજનામાં જેને વિશ્વાસ હોય છે તે એ વિશ્વાસને કાયમ રાખે છે. એવો વિશ્વાસ જો આપણા જીવનમાં પેદા થઈ જાય, ને દૃઢ બની જાય તો કેટલો બધો લાભ થાય ? ચિંતા ટળી જાય, વેદના શમી જાય, અને પ્રત્યેક પરિસ્થિતિમાં મન સ્વસ્થ અને શાંત રહે.

આ વાત આશરે ઈ.સ. ૧૯૫૬ની છે.

એ વખતે મારો નિવાસ ઋષિકેશના ભરત મંદિરની ધર્મશાળામાં હતો.

ત્યાં દહેરાદૂન શહેરની સમીપના ગામ કોલાગઢના એક ભાઈ મારી પાસે આવીને મને એમને ઘેર થોડાક દિવસો રહેવાનું આમંત્રણ આપી ગયા.

મેં એમના આમંત્રણનો સ્વીકાર કર્યો એટલે એ આનંદ પામ્યા ને બોલ્યા, 'તમે મારે ત્યાં પધારશો એટલે મારું ઘર પાવન થશે. એ તો ખરું જ પરંતુ ગામના લોકોને પણ લાભ થશે. અમારું ગામ ઘણું જ શાંત અને સુંદર છે. તેના કેટલાય લોકો ઘણા ધર્મપ્રેમી ને સંસ્કારી છે. તમારા આગમનથી એમને પણ આનંદ થશે.'

એમની સાથે વાતચીત કરીને અમે એમને ત્યાં જવાનો દિવસ નક્કી કર્યો અને તે દિવસે એમણે મને લેવા માટે વહેલી સવારે મારી પાસે આવવું અને અમારે એમને ગામ જવા માટે સાડા અગિયારની મોટરમાં નીકળવું એવું ઠરાવ્યું.

નક્કી કરેલા દિવસે મેં વહેલી સવારથી જ એમની રાહ જોઈ તથા બધી તૈયારી કરી લીધી. પરંતુ અગિયાર વાગવા છતાં પણ એ આવ્યા જ નહિ ત્યારે મને ભારે નવાઈ લાગી. બાર વાગ્યા, સાડા બાર વાગ્યા, એક વાગ્યો તો પણ એ ના આવ્યા. મને થયું કે મારે શું કરવું ? એ મને લેવા માટે કોઈક કારણસર ના આવી શક્યા તો પણ મારે તો નક્કી કર્યા પ્રમાણે એમને ત્યાં જવું જ જોઈએ. એમનું ઘર મેં નથી જોયું છતાં પણ મારી પાસે સરનામું છે એટલે શોધી શકાશે.

ત્રણેક વાગે ઉપડતી બસમાં બેસીને હું ઋષિકેશથી દહેરાદુન જવા ઉપડ્યો.

રસ્તામાં સોંગ નામની નદી આવી. ત્યાં આગળ નદીમાંથી પસાર થતાં પહેલાં અમારી બસ થોડી વાર ઊભી રહી.

નદી પર પુલ ન હોવાથી બસને નદીમાં થઈને જ પસાર થવું પડતું. ચોમાસામાં પાણીની પ્રચુરતાને લીધે બસ વ્યવહાર બંધ રહેતો. પરંતુ આ તો શિયાળો હતો. નદીમાં પાણી ઘણું જ ઓછું હતું.

પાણીમાં ઋષિકેશથી દહેરાદુન જતી કોઈ બસ ફસાઈ ગયેલી. એમાં બેઠેલા મુસાફરો બહાર ટોળે વળેલા. એને બહાર કાઢવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયેલા. તપાસ કરતાં ખબર પડી કે એ બસ

ઋષિકેશથી સાડા અગિયાર વાગ્યે ઉપડેલી જ બસ હતી. એ બસમાં જ નીકળવાની અમે સૌથી પહેલા યોજના બનાવેલી. એ યોજના પાર ના પડી ને પેલા ભાઈ મને લેવા જ ના આવ્યા. તે એક રીતે સહેતુક અથવા સારું જ થયું એમ લાગ્યા વિના રહ્યું જ નહિ, કેમ કે એ ભાઈ જો લેવા આવત તો અમે સાડા અગિયારની બસમાં જરૂર બેસત. અને એની દુર્દશા તો હું જોઈ જ રહ્યો છું ! એ દુર્દશામાંથી મને ઉગારવા માટે જ પેલા ભાઈને ઈશ્વરે જાણે કે મારી પાસે ના મોકલ્યા. એ ઘટનામાં મને ઈશ્વરની દયાનું જ દર્શન થયું. કદાચ હું એ બસમાં બેસત તો બસ ફસાત નહિ એવું પણ કહી શકાય પરંતુ મારે તો મારી સામે જે વાસ્તવિકતા હતી તેનો જ વિચાર કરવાનો હતો.

દહેરાદુન પહોંચીને મેં ટાંગો કર્યો.

લગભગ બે માઈલનું અંતર કાપીને હું કોલાગઢમાં પેલા ભાઈને ત્યાં પહોંચ્યો ત્યારે એમને નવાઈ લાગી ને થોડો સંકોચ પણ થયો. તેમણે કહ્યું, 'આજના દિવસનો તો મને ખ્યાલ જ ના રહ્યો. માફ કરજો.'

'હરકત નહિ' મેં જણાવ્યું, 'તમારું વિસ્મરણ મારે માટે લાભકારક થયું છે.'

'કેવી રીતે ?'

મેં એમને રસ્તાની સઘળી હકીકત કહી બતાવી. તે સાંભળીને તે બોલ્યા, 'ઈશ્વર જે કરે છે તે સારા માટે. છતાં પણ મારાથી તમને લેવા માટે ના અવાયું એનો અફસોસ તો રહેવાનો જ.'

'ઈશ્વરની પ્રત્યેક યોજના કે લીલા સહેતુક અને મંગલમય છે. એને એવી રીતે જોવાની દૃષ્ટિ કેળવીએ.'

એવી ટેવ જો ખરેખર પાડીએ તો ? ઈશ્વરની દયાનું દર્શન રોજિંદા જીવનની ઘટનાઓમાં પણ થયા વગર નહિ રહે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૯. સાચી સેવાભાવના

ભારતમાં દીનદુઃખી, વિદ્યાર્થીઓ, વિધવાઓ અને સાધુસંતોની વરસોથી જુદી જુદી રીતે સેવા કરતી સંસ્થા બાબા કાલી કમલીવાલાની સંસ્થાનું નામ ભાગ્યે જ કોઈએ નહિ સાંભળ્યું હોય. એ સંસ્થાની સુવાસ એની લોકોપયોગી પ્રવૃત્તિને લીધી દેશના વિભિન્ન ભાગોમાં અને ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં ફેલાયેલી છે.

એ સંસ્થાના સંસ્થાપક મહાત્મા બાબા કાલી કમલીવાલા એક ઊંચી કોટિના જ્ઞાની, ત્યાગી, સંયમી અને સેવાભાવી પુરુષ હતા. સંસ્થાનું બીજ એમના જેવા સુયોગ્ય પુરુષના હાથે નંખાયેલું હોવાથી એનો વિસ્તાર વધ્યો છે, એ સુદૃઢ બની છે અને એક વિશાળ વટવૃક્ષમાં પરિણમી છે.

કાલી કમલીવાલાનું મૂળ નામ સ્વામી વિશુદ્ધાનંદ હતું, પરંતુ એ કાલી કામળી ઓઢતા એટલે એને લીધે બાબા કાલી કમલીવાળા તરીકે પ્રખ્યાત થયા.

એમના ચરણોમાં લક્ષ્મી આળોટતી અને મોટા મોટા શ્રીમંતો એમની ઈચ્છા પ્રમાણે એમની સેવા કરવા તૈયાર રહેતા. તો પણ એ ખૂબ જ સાદું જીવન જીવતા. સંસ્થાને એ લોકોની માનતા અને પોતાના અંગત સુખોપભોગને માટે નહિ પરંતુ લોકસેવાને માટે એનો ઉપયોગ કરતા.

એમના જીવનની જરૂરતો થોડી હતી. એ મોટે ભાગે સ્વાશ્રયી જીવનમાં માનતા. એવું જીવન જીવવાનો આગ્રહ રાખતા અને પોતાની આવશ્યકતાઓની પૂર્તિ માટે બીજા પર ન છુટકે અને ઓછામાં ઓછો આધાર રાખતા.

સ્વાશ્રયી જીવન પ્રત્યેના એમના પ્રેમને લીધે એમના જીવનમાં એ છેવટ સુધી રોજ ગંગામાંથી પાણીના ઘડા ભરી લાવતા.

ઋષિકેશની સંસ્થામાં એ રહેતા ત્યાં, સંસ્થામાં અને સંસ્થાની બહાર, એ કામ માટે એમને અનેક સેવકો મળી શકે તેમ હતા. એમને કેવળ જીભ હલાવવાની જ વાર હતી. છતાં પણ એ કામને બીજા કેટલાય કામોની જેમ મહત્વનું માનીને એ પોતાની મેળે જ કરી લેતા.

એક વાર એ ગંગાના તટ પરથી ઘડા ભરીને આવતા હતા ત્યારે એક સેવકે એ ઘડો લઈ લેવાનો પ્રયાસ કર્યો તો એ પ્રયાસ નિષ્ફળ ગયો.

સેવકે પૂછ્યું, 'અમારા દેખતાં તમે આવી રીતે ઘડો ઉપાડો તે સારું કહેવાય ?'

બાબા કાલી કમલીવાળાએ ઉત્તર આપ્યો, 'એમાં કાંઈ પણ ખોટું નથી લાગતું. સંસ્થામાં મારે મારી રીતે આટલી સેવા તો કરવી જ જોઈએ.'

'પરંતુ અમારી હાજરીમાં તમારે એવું કરવાની જરૂર જ ક્યાં છે ? તમે તો સંસ્થાની બીજી ઘણી રીતે સેવા કરો છો.'

'જુઓ ભાઈ' બાબા કાલી કમલીવાળાએ કહ્યું, 'સેવાની કોઈ સીમા, મર્યાદા કે ગણતરી હોય જ નહિ. જીવનના છેલ્લા શ્વાસ સુધી જીવન બીજાની સેવા માટે જ વાપરવું અને ઘસી નાખવું જોઈએ. સેવામાં નાના મોટાનો ભેદ ના હોય. બધી જ સેવા કામની છે ને માણસને સંતોષ આપે છે. જે સેવા કરે છે તેને એનો સંતોષ મળી શકે છે. સંસ્થામાં રહીને હું પણ મારા ગજા પ્રમાણે શરીરશ્રમ કરું એ જરૂરી છે. એથી બીજાને

પ્રેરણા મળશે. એ પ્રમાદી નહિ બને. ઈશ્વરેચ્છા પ્રમાણે માળી બનીને મેં જે સેવાનું બીજ વાવ્યું છે તેના પર હું થોડું પાણી રેડતો જાઉં તે યોગ્ય જ છે.'

આપણા નેતાઓ, સંસ્થાપકો, મહંતો અને સંસ્થાધ્યક્ષો સેવાની આ ભાવના કેળવે તો ? સમાજને કેટલો નક્કર લાભ થાય ?

☼ ☼ ☼ ☼ ☼

## ૩૦. પ્રીતમદાસનો પરચો

ચરોતરના સંદેસર ગામમાં રહેનારા ભક્ત કવિ પ્રીતમદાસ.

એ પ્રજ્ઞાચક્ષુ હતા એવું કહેવામાં કેવળ રૂઢ શબ્દનો પ્રયોગ જ નથી થઈ રહ્યો પરંતુ સાચી વાત કહેવાઈ રહી છે, કારણ કે એમના અંતરચક્ષુ ઊઘડી ગયા હતા. બહારના જડ કે સ્થુલ લોચન બંધ હોવા છતાં અને જન્મથી જ અંધ હોવા છતાં એમને ઈશ્વરની પરમ કૃપાથી દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થયેલી. યોગદર્શનમાં જેને ઋતંભરા પ્રજ્ઞા કહેવામાં આવે છે અને જે કેવળ મનોનિગ્રહવાળા ને ઈશ્વરાનુગ્રહ પ્રાપ્ત પુરુષોને પ્રાપ્ત થાય છે તેની પ્રાપ્તિ તેમને થઈ ચુકેલી.

છતાં પણ એ રૂઢ ભાવમાં યોગી ન હતા. પરંતુ ભક્ત હતા. ભક્તિ દ્વારા એમણે ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત કરેલો. એમને ઈશ્વરની ઝાંખી થયેલી, ઈશ્વરના દર્શનનો આસ્વાદ મળેલો, અને એમની ઉપર ઈશ્વરની સંપૂર્ણ કૃપા થયેલી એમ કહીએ તો ચાલે.

એમના ભાવભક્તિ ભરપુર પદો ગુજરાતી સાહિત્યમાં સુપ્રસિદ્ધ છે અને અત્યંત સન્માનનીય સ્થાન ધરાવે છે. તો પણ એ જેટલા મહાન કવિ હતા એથીય મહાન ભક્ત હતા. ભક્તિ દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને એ સિદ્ધાવસ્થાએ પહોંચ્યા હતા.

એ સિદ્ધાવસ્થાની પ્રતીતિ કરાવતા કેટલાય પ્રસંગો એમના જીવનમાં બનેલા છે. એમાંથી એક સુંદર પ્રસંગનું સ્મરણ અહીં કરીએ.

કહે છે કે ઈશ્વરના પૂર્ણ કૃપાપાત્ર પ્રીતમદાસ એકવાર મુસાફરી કરવા માટે નીકળેલા. મુસાફરી કરતા માર્ગમાં એમના રથની સામે કોઈ મહંતનો રથ આવતો દેખાયો.

એ મહંત કોઈક બીજા મોટા સ્થાનના મહંત હતા. એટલે એમનો રથ હાંકનારે પોતાના ગુરુને મોટા માની રથ એક તરફ પાછો હઠાવવા ના પાડી.

પરંતુ પ્રીતમદાસના શિષ્યો પણ એમ ક્યાં પાછા પડે એવા હતા ? એમને મન પ્રીતમદાસથી શ્રેષ્ઠ સંત બીજા કોઈ નહોતા, એટલે એમણે પણ પ્રીતમદાસના રથને એક તરફ લઈને પેલા મહંતના રથને રસ્તો ના આપ્યો.

બંને રથ ત્યાં જ અટકી પડ્યા.

સામેના રથવાળા મહંતના શિષ્યો પ્રીતમદાસને માટે જેમ ફાવે તેમ બોલીને પોતાના ગુરૂની વધારે પડતી પ્રશંસા કરવા લાગ્યા.

પ્રીતમદાસને થયું કે મહંત અને એમના શિષ્યમંડળના મનમાં ઘણો ઘમંડ છે, જે દૂર કરવો જોઈએ.

દૈવયોગે એ વખતે એક ઘટના બની.

એ બંનેના રથની વચ્ચેના રસ્તામાં એક મરેલું કબૂતર પડેલું હતું.

પ્રીતમદાસને એની ખબર પડી એટલે એમણે કહ્યું, ‘તમારા મહંતને પોતાની શક્તિ કે યોગ્યતાનું અભિમાન હોય તો પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરી બતાવવા માટે એ આ મરેલા પક્ષીને જીવન પ્રદાન કરે તો હું એમને માર્ગ આપી, સૌ પહેલાં આગળ વધવા દઉં.’

મહંતમાં એવી કોઈ શક્તિ ન હોવાથી એ કશું જ ન કરી શક્યા.

છેવટે પ્રીતમદાસે કહ્યું, 'મારી અંદર પણ એવી કોઈ વિશેષ શક્તિ તો નથી, પરંતુ ઈશ્વર સર્વશક્તિમાન છે ને ધારે તે બધું કરી શકે છે. મને એમનામાં પૂરેપૂરો વિશ્વાસ છે.'

એમ કહીને એમણે મરેલા પક્ષી પર કપડું ઢાંક્યું તથા ઈશ્વરનું સ્મરણ કરીને પાણી છાંટ્યું કે તરત જ સૌના દેખતા એક અસાધારણ આશ્ચર્ય થયું ને પક્ષી જીવંત બની પાંખો ફફડાવી ઉડી ગયું. એ જોઈને બધા આભા બની ગયા ને પ્રીતમદાસને પગે લાગ્યા.

પ્રીતમદાસને કોઈ જાતનું અભિમાન ન હતું. મહંતના મિથ્યાભિમાનને ગાળવા માટે જ એમણે એટલી શક્તિનું પ્રદર્શન કરેલું. બાકી વ્યક્તિગત શક્તિ કે સિદ્ધિના પ્રદર્શનની લાલસા તો એમને હતી જ નહિ.

મહંતનો અહંકાર ઓગળી ગયો. પ્રીતમદાસના રથને એમણે પોતાના રથની પહેલાં જવા દીધો. વધુમાં એ પ્રીતમદાસના પ્રેમી તથા પ્રસંશક બની ગયા.

મોટાઈનું અભિમાન સૌને માટે ખરાબ છે. એમાંય સંત કે મહંતે તો એથી મુક્ત જ રહેવું જોઈએ અને એની અસર નીચે કદાપિ ન આવવું જોઈએ. એવો ઉપદેશ આપીને પ્રીતમદાસે આગળ પ્રયાણ કર્યું.

ગુજરાત એમને માટે ગૌરવ લઈ શકે એવા તે સાત્વિક સંત હતા.

☼ ☼ ☼ ☼ ☼



## ૩૧. ગુરુ બની શકું તેમ નથી

પરમહંસ યોગાનંદ બંગાળમાં જન્મેલા. એ મહાપુરુષે પોતાના પાછલા જીવનમાં વરસો સુધી અમેરિકામાં વસવાટ કરીને સ્વામી વિવેકાનંદ અને રામતીર્થ જેવા પ્રતાપી મહાપુરુષોની પેઠે પશ્ચિમની પ્રજાને ભારતના આધ્યાત્મિક ગૌરવનો પરિચય કરાવવાનું અમુલખ કામ કરી બતાવ્યું.

એ લોકોપયોગી મહાકાર્યને લીધે એ અમર બની ગયા.

એમના આધ્યાત્મિક અનુભવોને અક્ષરદેહમાં અમર બનાવનારી એમની કીમતી કૃતિ 'ઓટોબાયોગ્રાફી ઓફ એ યોગી' આજે પણ સુપ્રસિદ્ધ છે.

એ કૃતિમાં એમણે એમની યુવાવસ્થાનો એક પ્રસંગ આલેખ્યો છે. તે ખાસ ઉલ્લેખનીય અથવા જાણવા જેવો છે. એ વખતે યોગાનંદે કોઈ ગુરુ નહોતા કર્યા.

ગુરુનું મહત્વ-ખાસ કરીને યોગની અંતરંગ સાધનામાં એ સારી પેઠે માનતા હોવાથી-જાણતા. ગુરુ કરવાની આકાંક્ષા તો એમને હતી જ, પરંતુ ગુરુ કરવા કોને ? એ બાબતમાં એ ઉતાવળ કરવા નહોતા માગતા. જ્યાં સુધી આંખને ઠારે અને અંતરને આરામ અથવા આનંદ આપે એવા ગુરુ ન મળે ત્યાં સુધી રાહ જોવી તથા શોધ ચાલુ રાખવી એ જ માર્ગ એમને યોગ્ય લાગતો.

એનો અર્થ એવો નથી કે કોઈ સત્પુરુષનો સમાગમ એ નહોતા કરતા. જુદા જુદા મહાત્માઓને એ મળતા તો ખરા જ. પરંતુ એમના અંતરને કોઈ પણ એટલું બધું આકર્ષી શકતું નહીં. એ સંતોનો સમાગમ કરતા તથા સ્વાધ્યાયનો આધાર લેતા.

એ દિવસોમાં એમને માસ્ટર મહાશયનો મેળાપ થયો. માસ્ટર મહાશય બીજા કોઈ જ નહિ પરંતુ રામકૃષ્ણ પરમહંસદેવના ચરિત્રકાર શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત. એમણે એમના ગુરુ રામકૃષ્ણ પરમહંસદેવના જીવનના પ્રસંગો ને વાર્તાલાપો 'ગોસ્પેલ ઓફ રામકૃષ્ણ' નામના ગ્રંથમાં સમાવીને પ્રકટ કર્યા ત્યારથી અમર બની ગયા. એ ગ્રંથ દ્વારા એમણે જનતાની અસાધારણ સેવા કરી. એમનું પોતાનું વ્યક્તિત્વ અત્યંત અદભુત અને અનોખું હતું. એ વ્યક્તિત્વે યોગાનંદના હૃદય પર ખૂબ જ ઊંડી અસર કરી દીધી.

એમના ગુરુ રામકૃષ્ણદેવના આદેશાનુસાર એ ગૃહસ્થાશ્રમમાં જ રહેતા તો પણ જગદંબાની કૃપા તથા સાધના દ્વારા ભલભલા ત્યાગીઓ કે સંન્યાસીઓને પણ શરમાવે એવી ઉચ્ચોચ્ચ અવસ્થાએ પહોંચેલા. જીવનના રહસ્યનો ઉકેલ કરી એ સનાતન શાંતિના સ્વામી બનીને પોતાના જીવનને એક આદર્શ, આપ્તકામ કે કૃતાર્થ માનવની જેમ યાપન કરતા. એમનો પ્રબળ પ્રભાવ યુવાન યોગાનંદ પર પડ્યા વિના રહ્યો નહિ.

યોગાનંદ એમના ચમત્કારિક વ્યક્તિત્વથી મંત્રમુગ્ધ થઈને એમની પાસે અવારનવાર જવા માંડ્યા. એમના સદ્ઉપદેશોને એ સાંભળતા અને એમના શાંત સહવાસમાં પોતાની શક્તિ ને અધિકાર પ્રમાણે શાંતિ મેળવતા.

ધીરે ધીરે એમની પુજ્યભાવના બળવાન બનતી ગઈ.

એક દિવસ એમણે માસ્ટર મહાશયને પોતાના ગુરુ બનાવવાનો સંકલ્પ કરી લીધો. એ સંકલ્પથી પ્રેરાઈને એ પીળાં ફુલની માળા લઈને એમની પાસે આવી પહોંચ્યા.

માસ્ટર મહાશય શાંતિથી ઓરડામાં બેઠેલા ત્યાં આવી એમણે પેલી માળા કાઢીને એમને ભારે ઉમળકાપૂર્વક પહેરાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ માસ્ટર મહાશયે એ માળાનો સ્વીકાર ન કર્યો. એ પાછા ખસી ગયા.

એ દેખીને યોગાનંદને ઘણું દુઃખ થયું. દુઃખ થાય એ તદ્દન સ્વાભાવિક હતું. એમના દુઃખને જાણી લઈને માસ્ટર મહાશય બોલ્યા :

'તારા દુઃખને સમજી શકું છું, પરંતુ જે સંકલ્પથી તું મને માળા પહેરાવે છે તે સંકલ્પ બરાબર નથી. હું તારો ગુરુ થઈ શકું તેમ નથી.'

'તો પછી મારા ગુરુ કોણ થશે ?' યોગાનંદથી પૂછ્યા વગર ન રહી શકાયું.

'તને તારા ગુરુ થોડા વખત પછી આપોઆપ મળી રહેશે. એ તને ઓળખી કાઢશે ને પોતાનો પરિચય કરાવશે. પૂર્વસંબંધથી એ તારી સાથે ગુરુભાવે સંકળાયેલા છે. હું તને ઉપદેશ આપી માર્ગ બતાવી શકું પણ તારો ગુરુ ન થઈ શકું.'

માસ્ટર મહાશયના શબ્દો સાંભળી યોગાનંદને નવી લાગણી થઈ આવી. એમનો એમને માટેનો પૂજ્યભાવ વધી ગયો. એ એમના ગુરુ બનવા તૈયાર ન થયા તો પણ યોગાનંદ ભાવભક્તિથી પ્રેરાઈને એમની પાસે નિયમિત રીતે જવા માંડ્યા.

માસ્ટર મહાશયની ભવિષ્યવાણી સાચી પડી ને એ પછી થોડેક વખતે યોગાનંદને આકસ્મિક રીતે જ એમના ગુરુ યુક્તેશ્વર મહારાજની પ્રાપ્તિ થઈ. ગુરુએ પોતાનો પરિચય કરાવ્યો અને એમનો શિષ્ય તરીકે પણ સ્વીકાર થયો.

માસ્ટર મહાશયના વ્યક્તિત્વને વર્ણવતો આ પ્રસંગ કેટલો બધો અનોખો છે ?  એમાં એમની અસાધારણ નમ્રતા, નિરભિમાનતા, અખંડ જાગૃતિ અને કાળની પાર જોઈ શકવાની વિશેષ શક્તિનું દર્શન થાય છે. યોગાનંદે એ પ્રસંગનો ઉલ્લેખ કરીને માસ્ટર મહાશયની શક્તિનો પરિચય કરાવ્યો છે. ગુરુ કરવાની લગનીવાળા શિષ્યો તો ઘણા મળે અને શિષ્યો કરવાની ઈચ્છાવાળા ગુરુઓ પણ અનેક મળી રહે-પરંતુ ગુરુભાવથી પર રહીને બીજાને સેવાસહાયતા કરવાની વૃતિવાળા માસ્ટર મહાશય જેવા પ્રાતઃસ્મરણીય પુરુષો તો કોઈ વિરલા જ હોય. તે તો મળે કે ના પણ મળે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૨. તીર્થની તાકાત

ઈ.સ. ૧૯૪૯ની વાત છે.

તે વખતે હું હિમાલયના દેવપ્રયાગ ધામમાંથી નીકળી કાશ્મીરના પ્રખ્યાત તીર્થ અમરનાથનું દર્શન કરવા માટે ગયેલો. બરફના ઊંચા ઊંચા પર્વતોની વચ્ચે વસેલા એ તીર્થના દર્શનથી મને એક પ્રકારનો અકથ્ય આનંદ મળ્યો. તીર્થસ્થાનની વાત બાજુએ મૂકીએ તો પણ એ પ્રદેશનું પ્રાકૃતિક સૌંદર્ય એટલું બધું અસાધારણ, અસરકારક અને હૃદયસ્પર્શી છે કે વાત નહિ. એનું અવલોકન કરી મન મુગ્ધ બની જાય છે !

કાશ્મીરને સૃષ્ટિનું સ્વર્ગ શા માટે કહેવામાં આવે છે, તેની સમજ તેના પરથી સહેલાઈથી પડે છે.

કાશ્મીરનો પ્રવાસ કરી હું કલકત્તા ગયો, અને ત્યાં થોડા દિવસ રહી પછી જગન્નાથપુરી તરફ પ્રયાણ કર્યું. આ ધામ પણ સુંદર નથી એવું થોડું જ છે ? અલબત્ત હિમાલયની પેઠે ત્યાં હિમાચ્છાદિત કે અસાધારણ પર્વતો નથી, ગંગા પણ નથી, છતાં ગંગા જેમાં સમાવા અધીરી બને છે, અને બીજી નદીઓ પણ જેમાં પોતાના જલભંડાર ખાલી કરી છે, તે વિશાળ સાગર છે, અને આનંદમય એવી ભૂમિ છે. એ ભૂમિ સાથે સંકળાયેલો તથા સુષુપ્ત બની પડી રહેલો એવો ઈતિહાસ છે. એ ઉપરાંત વિશાળ, સ્વચ્છ અને સુંદર મંદિર છે. એને મંદિર કહો કે આધ્યાત્મિક પાવરહાઉસ કહો, બધું એક જ છે. કારણ અહીં કેટલાય સાધકો ને પ્રવાસીઓએ આવી પોતાના તૃષા ભરેલા પ્રાણને એ પ્રેમપરબનાં પિયુષપાનથી પુલકિત, પ્રસન્ન ને પાવન કર્યા છે. એટલે તો એ મંદિરની ભારતમાંના મુખ્ય ચાર મંદિરોમાં ગણતરી કરેલી છે.

એ મંદિરના દર્શનથી મને આનંદ થયો. આનંદ થાય એ સ્વાભાવિક હતું. એ આનંદના દિવસો કોઈ પાણીના રેલાની જેમ પસાર થવા લાગ્યા.

પરંતુ એ જ દિવસોમાં મારા ચિત્તમાં એક ચિંતા પેદા થઈ. વાત એ હતી કે ત્યારે લગભગ દરેક નવરાત્રીમાં હું પાણી પર રહી વ્રત કરતો. હવે નવરાત્રીના દિવસો પાસે હતા, પરંતુ તે દિવસો મારે ક્યાં પસાર કરવા તેનો નિર્ણય નહોતો થઈ શકતો. ભાદરવો મહિનો તો ઝડપથી પસાર થઈ રહ્યો હતો. ક્યાં રહેવું તેનો નિર્ણય કરવો જ જોઈએ.

દેવપ્રયાગમાં જે મકાનમાં હું રહેતો હતો, તે મકાનમાં જ રહેવાનું હોત તો કોઈ મુશ્કેલી ન હતી. પરંતુ તે મકાનમાં રહેવાનું અશક્ય હતું. વરસાદના તોફાનને લીધે દશા બગડી ગઈ હતી. અને એની આજુબાજુના કાચા રસ્તા તુટી ગયા હતા. તો પછી બીજે ક્યાં રહેવું ? ઋષિકેશ જવું કે પછી ગુજરાત તરફ પ્રયાણ કરવું ? કોઈ વાતના નિર્ણય પર નહોતું આવી શકાતું. છેવટે મેં એક ઈલાજ શોધ્યો. એ કામ ઈશ્વર પર છોડી દીધું. ભગવાન જગન્નાથના મંદિરમાં બેસી મેં સાચા દિલથી પ્રાર્થના કરી :

‘પ્રભુ ! લોકો તમારા દર્શન માટે દુર-દુરથી અહીં આવે છે તે પ્રમાણે હું પણ પ્રેમભક્તિથી પ્રેરાઈ આવી પહોંચ્યો છું. હવે તમારામાં સાચ હોય તો ત્રણ દિવસમાં મારી ભાવના પૂરી કરો. મને સ્પષ્ટ રીતે આદેશ આપો. મારે ક્યાં રહીને નવરાત્રીવ્રત કરવાનું છે ?’

આ પ્રમાણે ભગવાનને પ્રાર્થના કરી. એક દિવસ ગયો, બીજો ગયો, છતાં કાંઈ ન થયું. મારી ચિંતા વધી પડી. પરંતુ ઈશ્વરે કોના પર કૃપા નથી કરી ? એને દ્વારેથી કોણ નિરાશ થયું છે ? ત્રીજે દિવસે હું

વહેલી સવારે પ્રાર્થના કરતો કરતો પથારીમાં બેઠો હતો, ત્યારે મારી સામે એકાએક શ્રી શારદાદેવી પ્રકટ થયા. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના ધર્મપત્ની.

એમણે મને કહ્યું, 'કેમ ચિંતામાં પડ્યા છો ?'

મેં કહ્યું, 'તમે જાણતા નથી શું ? નવરાત્રી ક્યાં કરવી તેની મને ખબર પડતી નથી.'

તેમણે કહ્યું, 'નવરાત્રીનું વ્રત પાણી પર જરૂર કરવાનું છે, અને બીજે ક્યાંય નહિ, દેવપ્રયાગમાં જ કરવાનું છે. ત્યાં ચાલો.'

મેં કહ્યું, 'આશ્રમની જગ્યા તો બગડી ગઈ છે.'

તેમણે કહ્યું, 'આશ્રમમાં નથી રહેવાનું. દેવપ્રયાગમાં મોટર સ્ટેન્ડ પાસે જે શેઠનું મકાન છે, તેમાં રહેવાનું છે.'

મેં પૂછ્યું, 'તે મકાન ખાલી છે ?'

'ખાલી નથી.' તેમણે કહ્યું, 'એમાં એક અમલદાર રહે છે. પણ તમારી વ્યવસ્થા ત્યાં થશે. તમારે ત્યાં જ રહેવાનું છે. તે જ મકાનમાં.'

અને શારદાદેવી અદૃશ્ય થયા. બધી વાત મેં મારા માતાજીને કહી દીધી. તે મારી સાથે જ હતા.

મંદિરમાં જઈ મેં સ્તુતિ કરી અને ભાદરવા વદ અગિયારસે અમે દેવપ્રયાગ જવા ચાલી નીકળ્યાં. ઈશ્વરે મને અણીને વખતે ત્રણ દિવસમાં માર્ગદર્શન આપ્યું તેથી મારા જીવનમાં ઈશ્વરકૃપાનો એક વધારે યાદગાર પ્રસંગ ઉમેરાયો.

આપણા તીર્થોમાં ચેતન છે, તાકાત છે, કે કેવલ નિર્જીવ ને જડ છે ? ઘણા લોકો તરફથી એવા પ્રશ્નો પૂછવામાં આવે છે. તેમને હું સામેથી પૂછું છું કે તમારામાં કોઈ પ્રકારની તાકાત છે ? ચેતન છે ? કે પછી તમે પણ નિર્જીવ કે જડ છો ? તીર્થો જેવાં પહેલાં હતાં તેવાં જ આજે છે. પ્રાણથી ભરપૂર, પ્રેરણાત્મક ને શાંતિમય. ત્યાં જે દૈવી તત્વ છે તે પણ એવું જ પ્રાણવાન છે. તમારામાં જરા જેટલી પણ યોગ્યતા હશે, તો તમારે માટે તે પ્રાણદાયક થઈ પડશે. નહિ તો નકામા ને નિર્જીવ બનશે.

*

ક્યાં જગન્નાથપુરી ને ક્યાં દેવપ્રયાગ ? ભારતવર્ષના બે છેડા. એક પૂર્વનો છેડો ને બીજો ઉત્તરનો. એક બંગાળ અને બીજું હિમાલય. વચ્ચે એ બંને દૂર-સુદૂરના છેડાને સાંધી એક કરનારી ધરતી. એમાં કેટલાય ગામો ને કેટલાય નગરો. કેટલીય નદીઓ ને કેટલાય પર્વતો. કેટલાય પ્રકારના રીતરિવાજ, કેટલાં પ્રકારના પહેરવેશ ને કેટલી ભાષાઓ ? કેટલાં વન, કેટલાં ઉપવન, કેટલાં જંગલો ! એ બધાં વચ્ચેથી પસાર થનારી ગાડી કહી રહી હતી કે દેશ આટલો બધો વિશાળ અને વિવિધતાથી ભરેલો હોવા છતાં એક છે, અખંડ છે, અવિભાજ્ય છે. એના અવયવ ભલે જુદા જુદા દેખાતા હોય, પરંતુ એનો આત્મા એક છે. એનું હૃદય એક છે. એની સંસ્કૃતિ એનો શ્વાસોશ્વાસ અને ધડકાર પણ એક જ છે. દેશનો પ્રવાસ કરનાર કોઈ વિચારશીલ સ્ત્રીપુરુષ એ એકતાનો અનુભવ કરી શકે છે.

એ એકતાનું દર્શન કરતો હું છેવટે દેવપ્રયાગની પુણ્યભૂમિમાં આવી પહોંચ્યો. ઋષિકેશથી લગભગ પિસ્તાલીસ માઈલ દૂર, બદરીનાથ જવાના માર્ગ પર, અલકનંદા અને ભાગીરથીના સંગમ પર વસેલું

દેવપ્રયાગ આંખ અને અંતરને આનંદ આપી રહ્યું. દેવપ્રયાગમાં આવેલા મારા આશ્રમમાં તો જવાય તેમ ન હતું. તેથી મોટર સ્ટેન્ડની પાસે રહેતા એક ભાઈને ત્યાં મેં મુકામ કર્યો.

બીજા દિવસથી જ નવરાત્રી શરૂ થઈ. જગન્નાથપુરીમાં શારદાદેવીએ કરેલી સૂચના પ્રમાણે મેં કેવળ પાણી પર રહી ઉપવાસ પણ શરૂ કરી દીધા. છતાં મનમાં ચિંતા તો હતી જ. મકાનનો પ્રશ્ન હજુ ઉકલ્યો ન હતો. પણ એમ કાંઈ ચિંતા કરીને બેસી રહે તે ચાલે ? જે શક્તિ આટલે દૂર ખેંચી લાવી છે, તે બધી જરૂરી વ્યવસ્થા કરશે જ, એવો વિશ્વાસ હૃદયમાં કામ કરી રહ્યો હતો.

એ વિશ્વાસથી પ્રેરાઈને હું બીજા બે ભાઈઓને સાથે લઈ ઉપવાસને પહેલે દિવસે જ આશ્રમ તરફ ચાલી નીકળ્યો. મને થયું, જોઉં તો ખરો કે આશ્રમમાં જવાનો રસ્તો છે કે નહિ ? આશ્રમ મોટર સ્ટેન્ડથી પર્વતની અંદર પશ્ચિમ દિશામાં છેક જંગલમાં હતો અને ત્યાં જતાં રસ્તામાં એક શેઠનું મકાન આવતું હતું. એ મકાનમાં એક કાશ્મીરી રેશનીંગ ઈન્સપેક્ટર ભાડે રહેતા. તે વાતની જાણ મને દેવપ્રયાગ પહોંચ્યા પછી થઈ હતી. એટલે જગન્નાથપુરીમાં શારદાદેવીએ દર્શન આપીને જે કાંઈ કહ્યું હતું તેનો એટલો ભાગ તો સાચો ઠર્યો.

પરંતુ એથી શું ? બીજો મહત્વનો ભાગ હજુ બાકી હતો. શારદાદેવીએ કહેલું, ‘એ ભાઈ મને પોતાની સાથે એ મકાનમાં રાખશે.’ તે કેવી રીતે થઈ શકે ? જો કે ઈશ્વર માટે કશું અસંભવિત નથી છતાં એ વિચાર મને સહેજે આવી ગયો.

એ વિચારમાં રમતો રમતો આશ્રમ તરફના રસ્તા પરથી હું શેઠના મકાન આગળ પાછો આવ્યો, ત્યાં તો એક ઘટના બની. મકાનના ઓરડા આગળનો પડદો ઊંચો કરી પેલા કાશ્મીરી ઈન્સપેક્ટર બહાર આવ્યા ને મને પગે લાગી કહેવા માંડ્યા : ‘ઉસ આશ્રમમેં ક્યા આપ હી રહતે હૈ ?’

મેં કહ્યું : ‘હાં, લેકિન અબ તો વહાં જાનેકા રાસ્તા હી બીગડ ગયા હય, તો વહાં નહિ રહા જાતા.’

એ મને અત્યંત આગ્રહ કરીને મકાનની અંદર લઈ ગયા. એ જિજ્ઞાસુ હતા. મારી સાથે એમણે થોડી વાતચીત કરી અને પછી પોતાની મેળે જ કહેવા લાગ્યા : ‘મેરી એક પ્રાર્થના હૈ.’

‘ક્યા ?’ મેં પૂછ્યું.

‘આપ યહાં હી રહીએ, ઈસી મકાનમેં. મકાન બહુત બડા હૈ. મુજે કોઈ તકલીફ નહિ હોગી.’

મેં કહ્યું, ‘મકાન મોટું છે એ સાચું પણ આવતી કાલથી હું મૌનવ્રત રાખવાનો છું.’

તે કહેવા માંડ્યા, ‘મૌન રાખશો તેથી મારે શું ? હું દિવસમાં એકાદ વાર તમારું દર્શન કરીશ તો પણ મને આનંદ થશે.’

છેવટે એમના આગ્રહ આગળ મેં નમતું મૂક્યું. મારા કહેવાથી એમનો ફરનીચરવાળો મુખ્ય ખંડ એમણે મારે માટે ખાલી કરાવ્યો. એમના નોકરને મોકલી મારો બધો જ સામાન મંગાવી લીધો. એ દિવસે રાતથી મેં ત્યાં રહેવા માંડ્યું.

ઈશ્વરકૃપાની શક્તિ એવી અજબ છે. એ કઈ જગ્યાએ, ક્યારે, કોને માટે અને કેવી રીતે કામ કરે છે એ એક કોયડો છે. બુદ્ધિ એને સમજી શકે છે ખરી, પણ એનો પાર પામી નથી શકતી. એ એક એવું રહસ્ય છે, જેનો ઉકેલ ઈશ્વરના ભક્તો સિવાય બીજા કોઈથી નથી કરી શકાતો. એ કૃપાનો લાભ લેવો હોય તો ઈશ્વરના ભક્ત, પ્રેમી કે શરણાગત બનો, અને જીવનને એને માટે જ યાપન કરો. વાતો કે વાદવિવાદોથી કશું નહિ

વળે. જીવનને એના રસથી રંગી દો, એટલે તમારી બધી ચિંતા ને સંભાળ એ રાખ્યા કરશે. મારો આવો અનુભવ છે.

શારદાદેવીની સૂચના પ્રમાણે કાશ્મીરી ભાઈ સાથે હું એ મકાનમાં રહ્યો અને નવરાત્રીના મારા ઉપવાસ પણ ત્યાં જ પૂરા થયા. દોઢ મહિનો એ મકાનમાં જ રહ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૩. વૈષ્ણવનો અર્થ

ધર્મને નામે વધારે ભાગના લોકો સંકુચિતતાને પોષે છે. પોતાને જે ફાવે-પસંદ પડે તે સંપ્રદાય જ સાચો છે, સૌથી શ્રેષ્ઠ છે અને બીજા બધા ધર્મ કે સંપ્રદાયો નકામા, માલ વિનાના છે, એવું વલણ રાખીને ફરનારા લોકો આ જગતમાં કાંઈ થોડા નથી. દરેક ધર્મમાં એવા લોકોની સંખ્યા વત્તાઓછા પ્રમાણમાં મળી રહે છે. એક રીતે જોઈએ તો એવા લોકો જુદા જુદા મનુષ્યોની વચ્ચે ભેદભાવની કૃત્રિમ દીવાલ ઊભી કરે છે અને ધર્મ-સંપ્રદાયને ને નામે વિતંડાવાદ, ચડસાચડસી, અસહિષ્ણુતા, દ્વેષભાવ, વિરોધ ને ઘર્ષણ જગાવે છે. એવા લોકો પોતાને તો નુકસાન કરે છે, પરંતુ જે સમાજમાં રહે છે, તે સમાજને પણ પારાવાર નુકસાન પહોંચાડે છે. એ તો વગોવાય છે પરંતુ એમનો ધર્મ પણ વગોવાય છે. એ લોકો ભૂલી જાય છે કે ધર્મ માણસને સાચા અર્થમાં માણસ બનાવીને, સમભાવથી સંપન્ન તથા વિશાળ હૃદયનો બનાવે છે અને વિવેકની એવી જ્યોતિનું દાન દે છે કે જેના પ્રકાશમાં બધી જાતની કટુતા તેમજ પૂર્વગ્રહોનો અંત આવે છે.

એવી જ્યોતિથી સંપન્ન લોકો કોઈ વાર દેખાય છે ખરા. એમની સંખ્યા જોકે ઘણી ઓછી છે છતાં એમનો મેળાપ થાય છે ત્યારે અંતરમાં એક જાતનો અકથ્ય આનંદ છવાઈ જાય છે. એવું પણ થાય કે જગતમાં હજુ પણ સાચા કહી શકાય તેવા મનુષ્યો જીવી રહ્યા છે ખરા. જગતમાં જે થોડીઘણી શાંતિ કે સુખાકારી છે તે એવા આદર્શ આચારવિચારના મનુષ્યોને જ આભારી છે એવું લાગ્યા વિના પણ નથી રહેતું. આપણી પૃથ્વી પરના એવા માનવદેવતાને જોઈ હૃદય નાચી ઊઠે છે.

આ વાત મારા પાલીતાણાના પ્રવાસને યાદ કરીને કહી રહ્યો છું. લગભગ પાંચેક વર્ષ પહેલાં હું પાલીતાણા ગયેલો ત્યારે ત્યાંના પ્રખ્યાત જૈનમંદિરો પણ જોયેલા. મંદિરો ઘણાં સુંદર છે, આકર્ષક પણ છે. પર્વતના ઊંચા શિખર પર ભાવ અને ભક્તિથી ભરેલા દેવમંદિરોની રચના જોઈ મને ખરેખર ખૂબ આનંદ થયો. કેટલી બધી શાંતિ, કેટલો બધો આનંદ ! હજારો લોકો એ દિવસે મંદિરોના દર્શને આવ્યા હતા. તે બધા મંદિરોને જોઈ દિગ્મુઢ જેવા બની ગયા.

થોડીવારમાં જ ત્યાં એક દંડી આવી પહોંચી. તેમાં કોઈ ધનાઢ્ય દેખાતી બાઈ બેઠી હતી. એના શરીર પર ઘણાં ઘરેણાં હતાં. સાથે એના કુટુંબના સભ્યો હતા. દંડીવાળા આરામ કરવા બેઠા એટલે બાઈ પણ નીચે ઉતરી. એટલી વારમાં તો અમારી સાથે બેઠેલા એક ભાઈએ એ બાઈ અને એના કુટુંબને ઓળખી કાઢી કહ્યું, 'તમે અહીં ક્યાંથી ?'

'કેમ ? અમે યાત્રા કરવા ના આવીએ ? ભાવનગરથી બેચાર જણનો સંગાથ મળ્યો એટલે એમ થયું કે ચાલો યાત્રા કરી આવીએ.' મંડળીના ભાઈએ કહ્યું.

'પણ તમારે ને પાલીતાણાને શું ? તમે ક્યાં જૈન છો ? તમે તો વૈષ્ણવ છો.'

'વૈષ્ણવ છું તેથી તો પાલીતાણાની યાત્રાએ આવ્યો છું, નહિ તો ન આવત.'

'એ કેવી રીતે માની શકાય ? પાલીતાણા જૈનોનું ધામ ગણાય છે.' પેલા ભાઈને નવાઈ લાગી.

'જુઓ, હું તમને સમજાવું. વૈષ્ણવ એટલે શું ? વ્યાપક. સૌમાં પ્રવેશીને જે સૌમાં રહેલા છે તે પરમાત્મા. એમનામાં જે ભાવભક્તિ રાખે, એમને જે માને તે વૈષ્ણવ. એ વિષ્ણુ શું પાલીતાણામાં નથી ? તે

તો જડ ને ચેતનમાં બધે છે. એટલે મેં કહ્યું, હું ‘વૈષ્ણવ’ છું માટે જ અહીં આવ્યો છું. વૈષ્ણવ એટલે સર્વવ્યાપક ઈશ્વરમાં માનનારો, વિશાળ હૃદયનો. કટ્ટર હોત તો હું અહીં ન આવત.’

આજુબાજુના લોકો એ શબ્દોને સાંભળી નવાઈ પામ્યા. તેમણે તો આવા ખુલાસાની કલ્પના પણ નહોતી કરી. મને પોતાને પણ એ ભાઈનો વિવેક જોઈને આનંદ થયો. મેં તેમને મનોમન શાબાશી આપી. મને થયું, આવા વિશાળ હૃદયના અને આવું સાચું સમજનારા માણસો કેટલા ? જો બધા આવું સાચું સમજતા હોય તો ?

દંડી અને એ કુટુંબ આગળ ચાલ્યું પરંતુ એમનું સંભારણું પાછળ રહી ગયું. એને યાદ કરતો હું પણ આગળ ચાલવા માંડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૪. ધનની સિદ્ધિ

ઈ.સ. ૧૯૪૫ના પોષ મહિનાની વાત છે.

દેવપ્રયાગથી માતા આનંદમયીને મળવાની ઈચ્છાથી હું આલ્મોડા ગયો હતો. દેવપ્રયાગથી હરિદ્વાર, હરિદ્વારથી બરેલી, બરેલીથી કાઠગોદામ ને કાઠગોદામથી ઠેઠ આલ્મોડા સુધીનો લાંબો પ્રવાસ કરીને હું આલ્મોડામાં પાતાલદેવી પર આવેલા માતા આનંદમયીના આશ્રમમાં આવી પહોંચ્યો. આશ્રમને જોઈને મને આનંદ થયો. ચારે તરફ આકાશને અડવાની હરિફાઈ કરતા પર્વતો ને વચ્ચે આશ્રમ. કેટલું બધું સુંદર દૃશ્ય !

પરંતુ આશ્રમમાં માતા આનંદમયી ન હતાં. ત્રણેક વર્ષથી તે ત્યાં આવ્યા જ ન હતાં. આશ્રમના વ્યવસ્થાપક સંન્યાસી મહારાજે કહ્યું, ‘નજદીકના ભવિષ્યમાં માતાજીને આવવાની કોઈ શક્યતા નથી.’

મને થયું કે માતાજીનો મેળાપ ન જ થઈ શકે તેમ હોય તો આશ્રમમાં રહેવાનો શો અર્થ ? આના કરતાં હું દેવપ્રયાગમાં મારા શાંત સ્થળમાં રહું તે જ સારું છે. એટલે બીજે જ દિવસે મેં આશ્રમ છોડી દેવપ્રયાગ જવાનો નિર્ણય કર્યો. પણ દેવપ્રયાગ જવું કેવી રીતે ? દેવપ્રયાગ જવાનો નિર્ણય કરવાથી કાંઈ દેવપ્રયાગ પહોંચી જવાય છે ? તે માટે ખર્ચ જોઈએ. ખિસ્સામાં જોયું તો ફકત બે જ રૂપિયા હતા. એટલામાં દેવપ્રયાગ કેવી રીતે પહોંચી શકાય ? પણ દેવપ્રયાગ જવું એ નક્કી છે. હૃદયના ઊંડાણમાંથી મેં પ્રભુને પ્રાર્થના કરી, ‘હે પ્રભુ ! તમારે આધારે-ભરોસે જ હું અહીં આવ્યો છું. હવે તમે મને મદદ કરશો તો જ પાછો જઈ શકીશ. તમે ખરેખર ભક્તરક્ષક હો ને ભક્તોના યોગક્ષેમને વહન કરતા હો, તો મને ગમે તે રીતે મદદ કરો, જેથી હું અહીંથી કોઈ તકલીફ વગર વિદાય થઈ શકું.’

દયાળુ પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી કે ગમે તેમ, પણ એ જ દિવસે સવારે મારી પાસે કોઈ સાધુપુરુષ આવ્યા. વીસેક વર્ષની ઉંમર, લાંબા કાળા વાળ, શરીરે લાંબો ગરમ ઝભ્ભો ને ઉઘાડા પગ. મારી પાસે આવીને એમણે નમસ્કાર કર્યા. એમને જોઈને મને આનંદ થયો.

‘કહાં સે આતે હો ?’ મેં પૂછ્યું.

એમને મૌનવ્રત હતું. એટલે થેલીમાંથી સ્લેટપેન કાઢી એમણે લખવા માંડ્યું, ‘કૈલાસ માનસરોવર સે આતા હું.’

મને થયું કે કૈલાસ માનસરોવરથી અત્યારે કેવી રીતે આવી શકાય ? આ ઋતુમાં ત્યાં જઈ શકાય કેવી રીતે ? અત્યારે તો શિયાળો ચાલે છે. પરંતુ તેમણે સ્લેટ પર લખ્યું કે એકાદ વરસથી પોતે એ તરફ રહેતા હતા ને હવે બદરીનાથ જવું છે એટલે આ બાજુ આવ્યા છે.

એ પછી મેં એમને મારું તાજેતરમાં લખેલું ગીત સંભળાવ્યું. તેથી તે ખૂબ પ્રસન્ન થઈ કહેવા માંડ્યા, ‘મારે તમારી સેવા કરવી છે.’ બધી વાત તે લખીને જ કરતા, હિંદી ભાષામાં.

મેં કહ્યું, ‘તમે મારી શી સેવા કરશો ? તમારી પાસે કાંઈ હોય તો સેવા કરોને ? તમે તો ફક્કડ છો, એટલે અગિયારસ બારસને જમવાનું નોતરું આપે એના જેવું કરી રહ્યા છો.’

એમણે હસીને લખ્યું, ‘તેવું નથી કરી રહ્યો. હું તમારી સાચેસાચ સેવા કરવા માંગું છું. તમે મારામાં વિશ્વાસ રાખો.’

અને તેમણે તેમની થેલીમાંથી એક કોથળી કાઢી. કોથળી હાથે સીવેલી ને બહુ નાની હતી. લખીને પૂછ્યું, 'કેટલા રૂપિયા જોઈએ છે ? તમે ના નહિ પાડો ત્યાં સુધી આ કોથળી રૂપિયા કાઢ્યા કરશે. મારી પાસે આ કોથળી સિવાય બીજું કાંઈ નથી.'

મને નવાઈ લાગી. નવાઈ લાગે તેવો જ પ્રસંગ હતો. કોથળીની કરામતની વાત સાંભળી મારું મન વિચારે ચઢ્યું. આવી શક્તિ શું શક્ય હશે ? મને મદદ કરવા આવેલા આ મહાપુરુષ કોઈ સમર્થ યોગી હશે કે પછી સાક્ષાત ઈશ્વર હશે ?

પરંતુ એમણે તો કોથળીમાંથી એક પછી એક રૂપિયા કાઢવા માંડ્યા. ચળકતા, તાજા, ટંકશાળમાંથી કાઢ્યા હોય તેવા રૂપિયા. મારે પાંત્રીસ રૂપિયાની જરૂર હતી. છતાં તેમણે આગ્રહ કરીને ચાલીસ આપીને લખ્યું, 'તમારા પર પ્રેમ થવાથી મેં આ કોથળીનો તમારા માટે ઉપયોગ કર્યો છે. બાકી આને ગુપ્ત રાખું છું. મારી પાસે જે સિદ્ધિ છે તેમાંની આ એક છે.'

હું તો આભો બની ગયો. રાનીખેત સુધી અમે મોટરમાં સાથે હતા. પછી તે છૂટા પડ્યા, ત્યારે મેં પૂછ્યું, 'આપનું નામ ?'

'રામદાસ.'

એ કોઈ સમર્થ યોગી હતા, રામના દાસ હતા, કે ઈશ્વર અથવા તો સાક્ષાત્ રામ હતા, એ વાત હું આજે પણ વિચારી રહ્યો છું. પણ હતા એ અતિ અસાધારણ એમાં શંકા નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૫. સ્વામી રામતીર્થ

છેલ્લાં સો જેટલાં વર્ષોની અંદર ભારતવર્ષે જે લોકોત્તર વિરાટ વિભૂતિઓનું દાન કર્યું, તેમાંના એક મહાપ્રતાપી મહાપુરુષ, બુદ્ધિની તીક્ષ્ણતામાં જે શંકરાચાર્યની બરોબરી કરી શકે, હૃદયની કરુણા કે કોમળતામાં ઈશુની સાથે બેસી શકે અને વિરક્તિમાં જે શુકદેવ, દત્તાત્રેય કે અષ્ટાવક્રની સરખામણીમાં ઊભા રહી શકે તેવા. ભારતના છેલ્લા સો વરસના સાંસ્કૃતિક અથવા આધ્યાત્મિક ઈતિહાસમાં જેમનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું છે, તે ભારતના બે સમકાલીન મહાપુરુષો, વિવેકાનંદ અને રામતીર્થ. બંને પોતપોતાની રીતે અસાધારણ. પોતપોતાની વિશેષ પ્રતિભાથી સંપન્ન તેઓ એક વાર લાહોરમાં ભેગા થઈ ગયા.

એ વખતે સ્વામી વિવેકાનંદ અમેરિકા ને ઈંગ્લાંડમાં, ભારતીય ધર્મ ને તત્વજ્ઞાનનો વિજયધ્વજ ફરકાવીને, ભારતમાં તાજા જ પાછા ફર્યા હતા. લોકો એમને માનપત્ર આપતા’તા, અને સંસ્થાઓ એમનું સ્વાગત કરતી’તી. લાહોરમાં પણ એમનું પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું. લોકોની મેદની એ વેદાંતકેસરીની વાણી સાંભળવા ભેગી થઈ હતી. રામતીર્થ પણ એ સંમેલનમાં સામેલ થયા હતા. લાહોરની કોલેજના મેથેમેટીક્સના પ્રોફેસર હોવા છતાં એ અવારનવાર હરિદ્વાર ને ઋષિકેશની મુલાકાત લેતા, અને આત્મિક વિકાસ કર્યે જતા.

વિવેકાનંદની વાણી સાંભળીને એ આનંદ પામ્યા. ઝવેરીએ હીરાને ઓળખ્યો, પરંતુ રામતીર્થ પોતે પણ ક્યાં હીરા જેવા ન હતા ? વિવેકાનંદે એમના આત્માને ઓળખી લીધો. ‘ઉચ્ચોચ્ચ આત્મા’ એમણે ઉદગાર કાઢ્યા.

રામતીર્થે વિવેકાનંદને ઘડિયાળની ભેટ આપી. વિવેકાનંદે તે લેવાની ના પાડી. જેમ તેમ કરીને એમણે એમને સમજાવ્યા અને કહ્યું, ‘તમારી પાસે ઘડિયાળ છે તે મારી પાસે જ છે ને ? આપણા બંનેમાં ક્યાં કાંઈ ભેદ છે ? હું રાખું તેના કરતાં તમે જ સાચવો તે સારું છે.’

રામતીર્થ માની ગયા. પરંતુ વિવેકાનંદના ત્યાગ, જ્ઞાન ને નિર્મળ ચારિત્ર્યની એમના પણ ઘણી ભારે અસર થઈ. દેશ માટે કાંઈ કરી છુટવાની, ને સૌથી પહેલાં તો એકાંતવાસનું સેવન કરવાની એમને ભાવના થઈ.

એ ભાવનાથી તીર્થરામે પ્રોફેસરપદ છોડી દીધું. તીર્થરામમાંથી એ રામતીર્થ થયા. હિમાલયની વશિષ્ઠ ગુફા તથા ટિહરીના જંગલોમાં રહી આકરી તપશ્ચર્યા કરી એમણે શાંતિ મેળવી. તે પછી, પરમાનંદ ને પરમ શાંતિની મૂર્તિ બનીને, ભારતની બહાર પ્રયાણ કર્યું.

અમેરિકા એમની પાછળ ગાંડું બન્યું. ભગવાં વસ્ત્રધારી સ્વામી રામતીર્થને જોવા તથા સાંભળવા લોકોનાં ટોળેટોળાં આવવા માંડ્યા. હરખઘેલા લોકો એમના અદભુત વ્યક્તિત્વથી ચકિત થઈને, એમને ઈશુ ખ્રિસ્તની સાથે સરખાવવા માંડ્યા. વાહ રે પ્રારબ્ધ ! રામતીર્થનો બધે વિજય ડંકો વાગી ગયો.

અમેરિકાના એ વખતના પ્રમુખ કોણ હતા, તે જાણો છો ? રૂઝવેલ્ટ. રૂઝવેલ્ટે એમની ખ્યાતિ સાંભળી, અને રામતીર્થ સાથે મુલાકાત ગોઠવી. એ મુલાકાતથી રૂઝવેલ્ટને ઘણો આનંદ થયો. કેટલીય શંકાઓનું સમાધાન થઈ ગયું. ભારતમાં આવા મહાપુરુષો વસે છે એ જાણીને ભારત પ્રત્યે એમનું માન વધી ગયું.

'હું તમારી શી સેવા કરું ?' એમણે પૂછ્યું, 'તમે જે ફરમાવો તે સેવા કરવા તત્પર છું.'

કોઈ સાધારણ પુરુષ હોત તો અમેરિકામાં એકાદ આશ્રમ બંધાવી લેત, અથવા તો ધન-ભંડારની માગણી કરત. પરંતુ રામતીર્થ એવી કાચી માટીના ન હતા. દેશના દુઃખો દૂર કરવાની લાગણીથી એમનું હૃદય ભરપૂર હતું. દેશ પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈ તો એ પરદેશ ગયા હતા. એ તરત બોલ્યા,

'સેવા કરવાની સાચી ભાવના હોય તો ભારત જેવા ગરીબ દેશના વિદ્યાર્થી અહીં મફત ભણી શકે તે માટે સ્કોલરશીપની વ્યવસ્થા કરો.'

પ્રમુખ રૂઝવેલ્ટે એ માટેની વ્યવસ્થા કરી. રામતીર્થ તથા ભારત માટેનું એમનું માન અનેકગણું વધી ગયું. રામતીર્થને એ અત્યંત પૂજ્યભાવથી જોવા લાગ્યા.

ઈતિહાસ જાણે છે કે ભારતની સ્વાતંત્ર્ય લડતને સફળતા મળે એ માટે રૂઝવેલ્ટે પોતાની લાગવગ વાપરી હતી. ભારત પ્રત્યે એમને ભાવ હતો. એ ભાવનાં મૂળ સ્વામી રામતીર્થની મુલાકાત જેટલાં ઊંડા હતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૬. મહાપુરુષનો આત્મભાવ

સ્વામી રામતીર્થ અદ્વૈત વેદાંતના જીવતા જાગતા સ્વરૂપ સરખા હતા.

વેદાંતના સારરૂપ અભેદભાવના નશામાં એ હંમેશા મસ્ત રહેતા.

જગતના નાના મોટા વિભિન્ન પદાર્થોમાં એ પરમાત્માનું દર્શન કરતા એટલું જ નહિ પણ સમસ્ત જગતને પરમાત્માના પ્રત્યક્ષ પ્રતીકરૂપે જોતા રહેતા. એવું એકત્વદર્શન કરવાનો સ્વભાવ પડી ગયેલો એમ કહીએ તો ચાલે.

એ પોતાને આત્મિક જગતના શહેનશાહ માનતા અને પોતાના નામ તરીકે પોતાનો પરિચય આપતા રામબાદશાહ લખતા.

બાદશાહને તો કાંઈ ચિંતા, વિષાદ, ભય, ભેદભાવ, રાગદ્વેષ અને અશાંતિ પણ હોય, પરંતુ એમને કોઈ અશાંતિ નહોતી. ચિંતા, વિષાદ, ભય, ભેદભાવ અને રાગ-દ્વેષથી એ કાયમને માટે પર હતા.

જે એમનું દર્શન કરતા અને એમના સુખદ, શાંતિમય, સ્વર્ગીય સહવાસનો લાભ લેતા તે ધન્ય બનતા. એમના એકાદ વારના સંપર્કમાં આવનારની ઉપર પણ એમના જાદુઈ અસ્તિત્વની ચિરસ્થાયી અને અસાધારણ છાપ પડ્યા વિના રહેતી નહિ.

એમનું વેદાંત કેવલ વિચાર અથવા વાણી પૂરતું જ સીમિત નહોતું થયું પરંતુ એમના અણુએ અણુમાં ઓતપ્રોત બનીને વ્યવહારના પ્રત્યેક પાસામાં મૂર્તિમંત થયું હતું. એટલે જ એમના વ્યક્તિત્વમાં એક પ્રકારની વિદ્યુત શક્તિ હતી. એ વિદ્યુત શક્તિનો પ્રભાવ લાગતાવળગતા બધા પર ઓછાવત્તા પ્રમાણમાં પડતો રહેતો.

એમના જીવનમાં સંમિશ્રિત થઈ ગયેલી અદ્વૈત વેદાંતની મસ્તીનો એક પ્રસંગ જાણવા જેવો છે. એના પરથી એમના અસાધારણ વ્યક્તિત્વની ઝાંખી થશે.

સ્વામી વિવેકાનંદને પગલે પગલે ચાલીને ભારતીય ધર્મ, તત્વજ્ઞાન ને સંસ્કૃતિનો સંદેશ પરદેશમાં પહોંચાડવા તથા તે દ્વારા ભારતના રાષ્ટ્રીય ગૌરવને વધારવા એ કટિબદ્ધ થયા.

તીર્થરામ પ્રોફેસરમાંથી સ્વામી રામતીર્થ બનેલા એ યુવાન સંન્યાસી પાસે ઉત્તમ પ્રકારની મેધા હતી. ઉદાત્ત લાગણી હતી ને પોતાના દેશવાસીઓ તથા બીજાને માટે કાંઈક કરી નાખવાની તમન્ના અથવા કર્મયોગની ભાવના હતી.

એ ભારત છોડીને સ્ટીમરમાં બેસીને જ્યારે અમેરિકા પહોંચ્યા ત્યારે કોઈ ઓળખપત્ર નહોતા લઈ ગયા. કોઈ ઠેકાણે પહેલેથી ઉતરવાનો નિર્ણય પણ એમણે નહોતો કર્યો. ગીતાની ભાષામાં કહીએ તો 'સર્વ ભૂતસ્થમાત્માનું સર્વ ભૂતાનિચાત્મનિ' એટલે કે આત્માની અંદર બધા જ જીવે અને સૌની અંદર રહેલા આત્માને જોતા અને અનુભવતા એ અમેરિકાના સમુદ્ર તટ પર આવી પહોંચ્યા.

સ્ટીમરના મુસાફરો વારાફરતી સ્ટીમરમાંથી ઉતરવા લાગ્યા. એમના સ્નેહીઓ અને સ્વજનો એમને લેવા આવેલા પરંતુ સ્વામી રામતીર્થ તો નીચે ઊતરવાની પણ લેશ પણ ચિંતા કે ઈચ્છા ના હોય તેમ બેસી જ રહ્યા. એમને જરા પણ ઉતાવળ ન હતી, અસ્વસ્થતા ન હતી, કે એમના વદન પર કોઈ જાતની વ્યગ્રતા પણ નહોતી દેખાતી.

એટલામાં તો સ્ટીમર પર પોતાના મિત્રો, સાથીઓ અથવા સ્વજનોનો સત્કાર કરવા આવેલા માણસોમાંના એક સદગૃહસ્થ રામતીર્થ પાસે આવીને એમને ધારીધારીને જોવા લાગ્યા. થોડાક વખત સુધી એવી રીતે જોયા પછી એમનાથી રહી ના શકાયું એટલે એ બોલ્યા,

'તમારા પહેરવેશ પરથી લાગે છે કે તમે ભારતથી આવો છો.'

રામતીર્થે માથું હલાવ્યું ને કહ્યું, 'હા, હું ભારતમાંથી આવું છું.'

'તમે અહીં ઉતરવાના છો ?'

'હા.'

'તમને કોઈ લેવા માટે નથી આવ્યું ?'

'આવ્યું છે.'

'કોણ ? કોઈ દેખાતું તો નથી.'

'મને લેવા આવનાર આ રહ્યા.'

'ક્યાં ?'

'કેમ ? તમે જ મને લેવા માટે આવી પહોંચ્યા છો. હા, તમે જ.'

એવું કહીને રામતીર્થે એ અમેરિકન સદગૃહસ્થની પીઠ પર હાથ મૂક્યો.

હાથ મૂકતાંની સાથે જ પોતાના શરીરમાં જાણે કોઈ દૈવી વિદ્યુત શક્તિ દાખલ થઈ હોય એવો અનુભવ એ સદગૃહસ્થને થવા માંડ્યો. એમનું અંતર આત્મીયતાથી ભરાઈ ગયું. એમણે ભારતના એ મહાન સપૂત સ્વામી રામતીર્થને પોતાને ત્યાં આવવાનું ને રહેવાનું આમંત્રણ આપ્યું.

રામતીર્થ એના મહેમાન બન્યા. ધીરે ધીરે જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ રામતીર્થને માટેનો એમનો પ્રેમ અને પૂજ્યભાવ વધતો ગયો. એ રામતીર્થના ભક્ત અને શિષ્ય બન્યા.

અમેરિકાની પ્રજાને પોતાના અલૌકિક વ્યક્તિત્વથી આંજી નાખનાર કે મંત્રમુગ્ધ કરનાર રામતીર્થને લોકો જીવંત ઈસુ તરીકે ઓળખવા લાગ્યા.

એવો હતો એ મહાપુરુષનો આત્મભાવ.

એ હંમેશાં, જીવનની પ્રત્યેક પળે, જાણે કે વેદાંતમાં જ જીવતા હતા. શાંતિ પણ એવા વેદાંતથી જ મળે છે-કેવળ વાતોના નહિ પરંતુ વ્યવહારના.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૭. જગદંબાના ત્રણ રૂપ

શાસ્ત્રો કહે છે કે પરમાત્માની પવિત્ર પ્રખર પ્રેમભક્તિનો પ્રવાહ જેના જીવનમાં વહેવા લાગે છે તેનું જીવન ધન્ય થાય છે. પરમાત્માના પ્રેમનો પવિત્ર પ્રકાશ જેના પ્રાણમાં પથરાઈ જાય છે તેનો પ્રાણ પુલકિત અને પ્રસન્ન થાય છે. તથા તેના નેત્રોમાં પરમાત્મા સિવાય જાણે કે કોઈ રહેતું જ નથી. એ સર્વત્ર ને સર્વકાળે પરમાત્માની જ ઝાંખી કરે છે. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' એ અનુભવ-વચન જાણે કે એના સંબંધમાં સાચું ઠરે છે.

શ્રી રામકૃષ્ણ પરહંસદેવ એ શાસ્ત્રકથનના મૂર્તિમંત સ્વરૂપ જેવા હતા. એમની અંદર પ્રકટ થયેલી પરમાત્માની પાવન પ્રેમભક્તિ વખતના વીતવા સાથે પરાકાષ્ઠાએ પહોંચી હતી. એ પ્રખર પ્રેમભક્તિએ એમનું આમૂલ પરિવર્તન કરી દીધેલું અને એમના અસ્તિત્વના અણુએ અણુમાં ફરી વળીને એને અલૌકિક કરેલું.

એ પરમાત્માની પ્રેમભક્તિથી સદા તરબોળ રહેતા એમ કહીએ તો ચાલે. પરમાત્માને એ મા રૂપે ભજતા ને મા કહીને પોકારતા. એ મહાશક્તિ મા, અથવા જગદંબાના પદો ગાતા કે સાંભળતા. એને યાદ કરતાં, અને એના ગુણાનુવાદ કરતાં એ ભાવવિભોર બની જતાં ને અવારનવાર સમાધિમાં પણ ડૂબી જતાં.

ભક્તિના પ્રભાવથી એમનું અંતર એકદમ નિર્મળ બની ગયેલું. એમાં કામવાસનાના અંકુરો જાણે કે ઉગતા જ નહિ. એ એક પ્રકારની ઊંચી નખશીખ નિર્મળતાનો અનુભવ કર્યા કરતા. આગળ પર એમણે એમના પ્રશંસકો કે ભક્તોને કહેલું તે પ્રમાણે એમની પવિત્રતાની કસોટી કરવા માટે એ પોતાની પત્ની શારદાદેવી સાથે લગભગ છ મહિના લગી એક જ પલંગ પર સૂઈ રહેલા.

એ વખતના અનુભવનો ઉલ્લેખ કરતાં શારદાદેવીએ પાછળથી કહેલું કે 'એ મારી પાસે એક નિર્દોષ બાળકની પેઠે શાંતિથી પડી રહેતા. કોઈ કોઈ વાર રાતે હું જાગી જતી ને જોતી તો એ પલંગ પર મારી બાજુમાં જ સમાધિમાં બેઠેલા દેખાતા. મને કોઈ જાતનો ભય ન લાગે એટલે એમણે મને સમાધિની એ અનેરી અવસ્થાની માહિતી આપેલી ને કહેલું કે એ અવસ્થાને જોઈને જરા પણ ગભરાવું નહિ. એટલું જ નહિ, પરંતુ કોઈ વાર લાંબા વખત લગી મને ભાન ન આવે તો મારા કાનમાં પ્રણવનો અથવા કોઈ પણ ભગવાનના નામનો ઉચ્ચાર કરવો એથી મને ભાન આવી જશે. એમના કહેવા પ્રમાણે એમને સમાધિની ઊંડી દશામાં લાંબા વખત લગી ડુબેલા જોઈને કેટલીય વાર મારે એ પ્રયોગ કરવા પડતા, ત્યારે એ એમાંથી જાગ્રત થતાં ને મને શાંતિ વળતી. આરંભમાં મને એ બધું અવનવું લાગેલું પરંતુ પછી તો હું એથી ટેવાઈ ગઈ અને એમને સાધનામાં સહાય કરતી થઈ.'

રામકૃષ્ણદેવની જેમ શારદાદેવીને પણ એ માટે ધન્યવાદ ઘટે છે. એ પણ નખશીખ નિર્મળ તથા વાસનારહિત હોવાથી પોતાના પતિ રામકૃષ્ણદેવની સાધનામાં અનેક રીતે મદદરૂપ થઈ શક્યાં ને પોતે પણ સર્વોચ્ચ કોટિના સાધિકા બન્યાં.

એમનો સંબંધ કેટલો બધો ઉદાત્ત, અસાધારણ અને દિવ્ય હશે ? જે કેવળ શરીરસંબંધને જ સ્ત્રી-પુરુષના લગ્નજીવનનું ધ્યેય અથવા એક માત્ર પ્રયોજન કે લાયસન્સ માને છે તે એમના એ અતિ અદભુત,

ઉદાત્ત, આત્મસંબંધને નહિ સમજી શકે. પરંતુ એથી કાંઈ એ મિથ્યા નથી બનતો અને એનું મૂલ્ય પણ જરા પણ ઓછું નથી થતું.

એમની પવિત્ર પ્રેમભક્તિને લીધે એ સૌમાં જગદંબાના અપાર્થિવ પ્રકાશની ઝાંખી કરતાં. એવી ઝાંખી એમના માટે તદ્દન સ્વાભાવિક બની ગયેલી. એવા જીવનમાં પછી કામુકતા કેવી રીતે પેદા થાય ? એ સંબંધી એક બીજા સુંદર પ્રસંગનું સ્મરણ આપોઆપ થઈ આવે છે.

એક વાર રાતના વખતે રામકૃષ્ણદેવ સુતા હતા ને શારદાદેવી એમના પગ દબાવી રહેલા. એ વખતે એમને એકાએક વિચાર થઈ આવ્યો કે રામકૃષ્ણદેવની મનોવૃત્તિ ક્યાં રમે છે તે જરા જોઉં તો ખરી.

એ વિચારથી પ્રેરાઈને એમણે પૂછ્યું, 'કહો તો હું તમારી શું થાઉં ?'

રામકૃષ્ણદેવે એક પળનાય વિલંબ વિના તરત જ ઉત્તર આપ્યો,

'કેમ ? એમાં વળી પૂછવાનું શું છે ? એક રૂપમાં મા મંદિરમાં બિરાજે છે, બીજા રૂપમાં એણે જનેતા બનીને મને જન્મ આપ્યો છે, ને ત્રીજા રૂપમાં એ તારી દ્વારા મારા પગ દાબી રહી છે. તમે ત્રણે એક જ છો, તમારામાં કોઈ જ ભેદ નથી એવો મારો વિશ્વાસ છે.'

શારદાદેવી તો આભા જ બની ગયાં.

આજે, એ પ્રસંગને આટલા બધાં વરસો વીતી ગયાં છે તો પણ રામકૃષ્ણદેવનો એ લાક્ષણિક ઉત્તર અનેકને આભા બનાવશે. પરંતુ એમાં આભા બનાવા જેવું કશું જ નથી. સંસારના પ્રત્યેક પદાર્થમાં પોતાના ઈષ્ટની ઝાંખી કરવી એ આદર્શ, સાચા ભક્તનો સ્વભાવ હોય છે. એ સ્વભાવનો આછોપાતળો પાવન પડઘો જ આ પ્રસંગમાં પડી રહ્યો છે.

ધન્ય એ રામકૃષ્ણદેવ અને ધન્ય એ શારદાદેવી ! એમના ચરણમાં પ્રણામ ! કોટિ પ્રણામ ! એ પોતાની અહેતુકી અલૌકિક કૃપાવૃષ્ટિ વરસાવીને આપણા અંતરને પણ એવું અલૌકિક કરે કે પરમાત્મભાવથી ભરે !

☼ ☼ ☼ ☼ ☼

## ૩૮. મહર્ષિ દયાનંદનો વૈરાગ્ય

છેલ્લાં દોઢસો વરસોમાં સનાતન હિંદુ ધર્મ ને હિંદુ જાતિમાં અને એ દ્વારા સમસ્ત સંસારમાં પ્રેરણા તથા પ્રકાશ પાથરનાર ને નવજીવનની અલૌકિક લહર ફેલાવનાર બે પ્રતાપી મહાપુરુષો થઈ ગયા.

બંને જ્યોતિર્ધરો હતા ને બંને પોતપોતાની આગવી રીતે જનતાના કલ્યાણનું કાર્ય કરી ગયા. બંને મેધાવી, ત્યાગી, વૈરાગ્યવાળા અને દેશના શ્રેયની ભાવનાથી ભરપૂર.

એક વેદાંતકેસરી, રામકૃષ્ણ મિશનના પ્રણેતા સ્વામી વિવેકાનંદ અને બીજા આર્યસમાજના સંસ્થાપક આર્ષદૃષ્ટા મહર્ષિ દયાનંદ.

એ મહર્ષિ દયાનંદ જ્યારે મહર્ષિ તરીકે પ્રખ્યાત નહોતા થયા અને એક અજ્ઞાત પરિવ્રાજકના રૂપમાં ભારતનો પ્રવાસ કરી રહેલા ત્યારે ફરતા ફરતા હિમાલયના સુપ્રસિદ્ધ સ્થળ ઉખીમઠમાં પહોંચી ગયેલા.

એ સ્થળમાં એમણે થોડોક વખત શાંતિપૂર્વક પસાર કરેલો.

એ વખતે એમની ઉંમર ઘણી નાની છતાં પણ યોગ્યતા ઘણી મોટી હતી. એમની અંદર વૈરાગ્ય તથા સત્યનો પ્રેમ ઉછાળા મારતો.

ઉખીમઠના સમૃદ્ધશાળી સ્થાનના મહંતની દૃષ્ટિ એમના પર ઠરી જવાથી, એમણે એમને પોતાના ઉત્તરાધિકારી બનાવવાનો નિર્ણય કર્યો.

એમણે દયાનંદની આગળ પોતાનો પ્રસ્તાવ રજૂ કર્યો તથા એમને કાયમ ઉખીમઠમાં જ રહી જઈને ત્યાંની ગાદી સ્વીકારવા કહી જોયું.

દયાનંદના જીવનનું એ એક મોટું પ્રલોભન હતું.

ઊખીમઠ જેવા સુંદર અને સમૃદ્ધ સ્થળના મહંત બનવાની માગણી તથા એની સાથે સંકળાયેલી ભોગવૈભવવાળી સુખદ જીવનની શક્યતા ! પરંતુ ત્યાગ, સંયમ તેમજ વૈરાગ્યની તીવ્ર ભાવનાવાળા ભાવિ મહર્ષિ થવા માટે અવતીર્ણ થયેલા દયાનંદને ગાદીની પ્રાપ્તિનું એ પ્રલોભન લેશ પણ ચળાવી ના શક્યું. એની સામે એ અડગ રહ્યા ને બોલ્યા : ‘આ નાનોસરખો મઠ પોતાની સમસ્ત સંપત્તિ તથા સમૃદ્ધિ સાથે મને મારા ધ્યેયમાંથી ચળાવી કે ડગાવી નહિ શકે. આ સંપત્તિ તથા પદવી મારા મનને મોહિત નથી કરી શકે તેમ. હું સ્વયં સત્તા, સંપત્તિ ને સુખસાહ્યબીમાં બંધાવા માટે નથી આવ્યો, પણ જે બંધાયેલા છે તેમને છોડાવવા માટે આવ્યો છું.’

અને એ મઠની બહાર નીકળી ગયા. મઠના મહંત એમને જોઈ જ રહ્યા.

એવો ઉત્કટ, અસાધારણ હતો મહર્ષિ દયાનંદનો વૈરાગ્ય. એ વૈરાગ્ય, ત્યાગ તથા સત્ય પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને એમણે આગળ પર જે મહાકાર્ય કર્યું તે સર્વવિદિત છે. એને લીધે એ અમર બની ગયા.

ધ્યેયની સતત સ્મૃતિ અને નિષ્ઠા માણસને સદા જાગ્રત રાખે છે ને ગમે તેવા પ્રલોભનોની વચ્ચેથી સહીસલામત આગળ વધવાની શક્તિ પૂરી પાડે છે. દયાનંદે પોતાના જીવન દ્વારા એ બતાવી આપ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. બીજાની સેવાનો ધર્મ સૌથી મોટો છે

ગુરુ નાનકદેવના જીવનનો નાનો સરખો પ્રેરણાત્મક પ્રસંગ છે. એ વખતે નાનકદેવે ભારતની વારંવાર યાત્રા કરેલી અને એમના સુંદર, સચોટ, સારવાહી સદુપદેશથી લોકોનાં હૃદય જીતી લીધેલાં. લોકોમાં એમણે ખૂબ જ પ્રતિષ્ઠા મેળવેલી.

કેટલાયને એમના દ્વારા શાંતિ સાંપડેલી ને પ્રકાશની પ્રાપ્તિ થયેલી. એમનામાંના કેટલાય એમને ગુરુ તરીકે માનતા ને અત્યંત આદરભાવે નિહાળતા.

એમની યાત્રા દરમ્યાન એમણે દયાળપુર પાસેના ગામડાંમાં એક મુસલમાન ખેડૂતને ઉપદેશ આપતા કહેલું, 'ભાઈ, સત્કર્મરૂપી શ્રેષ્ઠ હળથી તારું ખેતર ખેડજે. તેમાં પવિત્ર નામનું બી વાવજે. સત્યનું પાણી પાજે. એવી રીતે સર્વોત્તમ ખેડૂત બનજે. સ્વર્ગ કે નરકની ચિંતા કર્યા વિના શ્રદ્ધાને વધારજે. ધનના મદમાં અને બહારના સૌંદર્યના નશામાં કદી પણ ના પડતો. ખાલી ચર્ચા કરવાથી સિદ્ધિ નહિ મળે.'

એ સદુપદેશ સાંભળીને એક શરાફ બોલી ઉઠ્યો કે આ ગરીબ ખેડૂત આવી ગૂઢ વાતોને કેવી રીતે સમજી શકશે ? તો નાનકદેવે કહ્યું, 'જે દીન છે તે જ દીનબંધુની પાસે છે. જે ધનનો સંગ્રહ કરે છે તે તારી સાથે નહિ આવે. તારા જેવા ધનિકો નહિ, પરંતુ જેમનાં હૈયાં ઈશ્વરની વિશુદ્ધ સેવાથી શોભી રહ્યાં છે તે ગરીબો જ ઈશ્વરની પરમ કૃપાના અધિકારી છે.'

દીનદુઃખી ને ગરીબો પર એમને ઘણો પ્રેમ હતો. નાશિકમાં એ એક ગરીબ માણસના મહેમાન બનેલા, ને જમીન પર સૂઈ રહેલા. એ જોઈને એક અમીરે કહ્યું, 'મેં તમને મારે ઘેર આવવાનું કહ્યું ત્યારે તમે ના આવ્યાં તો હવે તમારે તકલીફ વેઠવી જ પડે ને ?'

નાનકે ઉત્તર આપ્યો, 'ભાઈ, મને અહીં કશી જ તકલીફ નથી પડતી. ઈશ્વર સંસારના વિનાશી સુખોથી રહિત માણસ પર જ પોતાના અનુગ્રહનું અમૃત વરસાવે છે. હું તો આ ઘરમાં સૌથી મોટા કૃપાપાત્રની સાથે વસી રહ્યો છું. હું ઈચ્છું કે આની જેમ ઈશ્વર મારા પર પણ પોતાની કૃપાની વર્ષા વરસાવે.'

એ સરસ ઉત્તર સાંભળીને અમીર કાંઈ જ ના બોલ્યો.

એ સુખદ યાદગાર યાત્રા પછી નાનકદેવ કરતારપુરમાં દીવાન ભરીને બેઠા હતા. શિષ્યો, જિજ્ઞાસુઓ તથા પ્રશંસકો એમાં સારી પેઠે એકઠા થયેલા. સૌની વચ્ચેથી એક શીખે ઉઠીને ચાલવા માંડ્યું.

નાનકદેવે એને અધવચ્ચેથી ઉતાવળ કરીને બહાર જવાનું કારણ પૂછ્યું તો એણે સહજ સંકોચ સાથે જણાવ્યું, 'મારે અધવચ્ચેથી આવી રીતે ઉતાવળ કરીને બહાર ના જવું જોઈએ એ જાણું છું. આવી રીતે બહાર જવા માટે લાચાર છું. પરંતુ બીજો કોઈ ઉપાય નથી. મારે ઘણું જ અગત્યનું કામ હોવાથી અહીંથી ઉઠ્યા સિવાય ચાલે તેવું નથી. મારો એક મિત્ર બિમાર છે ને જીવે એવી પણ આશા નથી રહી. હું તેની સેવામાં છું. છતાં તમારા દર્શનની ઈચ્છાને રોકી ના શકવાથી તમારાં દર્શન માટે આવ્યો છું.'

ગુરુ નાનકદેવ એકાએક ગંભીર બની ગયાં ને બોલ્યાં, 'એવું જ હોય તો પછી તું મારા આદેશ પ્રમાણે નથી ચાલ્યો.'

'કઈ આજ્ઞા ?'

'તું ના સમજ્યો ? માંદાની માવજત કરવાની. તારે મારા દર્શન માટે આવવાની એટલી આવશ્યકતા ન હતી. ખરી આવશ્યકતા તો એ માંદા મિત્રની સેવા કરવાની હતી. તને જેની સોંપણી કરેલી તેને એકલો મૂકીને તું મારા દર્શન માટે આવ્યો એ ઠીક ના થયું. મારા દર્શન કરવા કરતાં મારા સંદેશને જીવનમાં ઉતારવાનું વધારે મહત્વનું છે. જે જીવમાત્રમાં ઈશ્વરની ઝાંખી કરીને સૌની સેવામાં તત્પર રહે છે તે જ ધન્ય છે. શિષ્યે તો સદા સંતોષી, સત્યપરાયણ તથા કરુણાળું બનવાનું છે. કોઈએ એ કારણે પોતાનું કર્તવ્ય નથી છોડવાનું.'

ગુરુ નાનકદેવના એ શબ્દોએ સૌને નવો પ્રકાશ પૂરો પાડ્યો. પેલા શીખ ભાઈને પણ નવી પ્રેરણા મળી. પોતાના માંદા મિત્રની માવજતમાં એણે એ પ્રસંગ પછી પોતાનું મન અત્યંત પ્રેમપૂર્વક પરોવી દીધું.

નાનકદેવનો એ પ્રસંગ અને એમના શબ્દો જૂના થયા છે, પરંતુ એમની પાછળનો સંદેશ જરા પણ જૂનો નથી થયો. એ તો સનાતન છે. એ સંદેશને ઝીલવાની જરૂર છે. લોકો સત્સંગ કરે છે, દેવદર્શને જાય છે, ને તીર્થોની યાત્રાનો લાભ લે છે, તે સારું છે. એમનું પોતપોતાના સ્થાનમાં મહત્વ છે એ સાચું છે. છતાં પણ એમનો આધાર લેનાર જો ઘર, કુટુંબ કે સમાજનાં પોતાનાં જરૂરી કર્તવ્યો પ્રત્યે ઉદાસીન બને કે એમની ઉપેક્ષા કરે અને એમને ભોગે જો એ બધું કર્યા કરે, તો તે જરા પણ આવકારદાયક અથવા આદર્શ અને અભિનંદનીય નહિ કહી શકાય. બીજાની સેવાનો ધર્મ સૌથી મોટો છે એ સદાય યાદ  રાખવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૦. હરિદાસ અને હરિદાસી

જગન્નાથપુરીના પ્રસિદ્ધ તીર્થધામમાં ચૈતન્ય મહાપ્રભુએ એમના જીવનનો અઢારેક વરસ જેટલો લાંબો અને અંતિમ સમય જ્યાં રહીને પસાર કર્યો તે સુંદર સ્થળ રાધાકાંત મઠથી થોડેક દૂર એક પ્રાચીન વૃક્ષ છે. એ વૃક્ષ ખાસ જોવા જેવું છે. એનું મહત્વ એ ઐતિહાસિક સ્થાનને લીધે વિશેષ છે. ત્યાં રહીને ચૈતન્ય મહાપ્રભુના શિષ્ય હરિદાસજીએ વરસો સુધી તપશ્ચર્યા કરેલી.

હરિદાસજી આમ તો યવન હતા. પરંતુ એમને ભગવાન કૃષ્ણ પર પ્રેમ થયેલો. એમનું મન પૂર્વના કોઈક સંસ્કારને લીધે ભગવાન કૃષ્ણમાં લાગેલું અને કૃષ્ણ દર્શનને માટે અધીરું બનેલું.

'જાતપાત પૂછે નહિ કોઈ, હરિકો ભજે સો હરિકા હોઈ' એ લોકોક્તિ પ્રમાણે એ ભગવાનના પરમ ભક્ત બની ગયેલા. એ પુરાતન બકુલ વૃક્ષની નીચે બેસીને હરિદાસજી ભગવાનના જપ તથા ધ્યાનમાં મગ્ન થતા. એ રોજ અમુક નિશ્ચિત સંખ્યાના જપ કરતા.

ચૈતન્ય મહાપ્રભુ એમના પર ખૂબ જ પ્રેમ રાખતા એ જોઈને બીજા કેટલાક ભક્તો ઈર્ષા કરવા લાગ્યા. એ ઈર્ષાભાવથી પ્રેરાઈને એમણે જગન્નાથપુરીની એક વેશ્યાને તૈયાર કરી, અને એને મોટું ઈનામ આપવાની લાલચ આપીને હરિદાસજીને પોતાની મોહિનીમાં ફસાવીને ચારિત્ર્ય ભ્રષ્ટ કરવાનું કામ સુપ્રત કર્યું.

વેશ્યાને થયું કે હરિદાસનું પતન કરવું એમાં શી મોટી વાત છે ! મેં તો એવા કેટલાય પુરુષોને મંત્રમુગ્ધ કે મોહિત કર્યા છે. મારું સૌંદર્ય જ એવું અસાધારણ અને અનુપમ છે કે વાત નહિ. એ સૌંદર્યની સંમોહન શક્તિ સામે કોણ ટક્કર ઝીલી શકે એમ છે ?  ભલભલા એની આગળ લાચાર બને છે તો પછી હરિદાસનું તો ગજું જ શું ?

એ તો બની ઠનીને હરિદાસજીને મોહિત કરવા માટે ચાલી નીકળી.

પરંતુ ... હરિદાસજી ધ્યાનમાં બેઠેલા. એમની આંખ બંધ હતી અને એમાંથી અંતરમાંથી પ્રકટેલો પ્રેમનો પવિત્ર પ્રવાહ આંસુરૂપે વહી રહેલો.

વેશ્યા એમના ઉઠવાની પ્રતિક્ષા કરતી આખો દિવસ બેસી રહી. હરિદાસજી ઉઠ્યા જ નહિ.

બીજે દિવસે પણ એ જ દશા થઈ. વેશ્યા આવી પણ હરિદાસજીએ આંખ ના જ ઉઘાડી.

ત્રીજે દિવસે પણ હરિદાસજી એવા જ ધ્યાનમગ્ન રહ્યા.

ચોથે દિવસે એમણે આંખ ઉઘાડી ત્યારે વેશ્યા એમને પગે પડી.

હરિદાસે એને પોતાની પાસે આવવાનું કારણ પૂછ્યું, તો એ બોલી, 'કેટલાક લોકોના કહેવાથી હું તમારું પતન કરવા આવેલી. પરંતુ ત્રણ દિવસ સુધી તમને જોયા પછી મારું મન બદલાઈ ગયું છે. તમને એવા કયા રસની પ્રાપ્તિ થઈ છે કે જેની આગળ સંસારના બીજા બધા વિષયો કે પદાર્થો તમને નીરસ લાગે છે ?'

હરિદાસે કહ્યું, 'એ રસ બીજો કોઈ જ નથી પણ ભગવાનનો પ્રેમરસ છે. એ રસનો પ્રભાવ જ એવો છે કે એનું પાન કર્યા પછી બીજા કોઈ રસનું પાન કરવાની ઈચ્છા નથી થતી.'

'મેં તો જીવનભર કેટલાય પાપ કર્યા છે. મારા ઉદ્ધારનો કોઈ ઉપાય ?'

'ભગવાનનું નામ જીવમાત્રના પરિત્રાણને માટે પૂરતું છે. એનો આધાર લેનારને પાપની ચિંતા નથી કરવી પડતી.'

વેશ્યાના આગ્રહને માન આપીને હરિદાસજીએ એને પોતાના પ્રિય જપ 'હરે રામ હરે રામ રામ રામ હરે હરે, હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે'નો ઉપદેશ આપ્યો, અને ભગવાનના ધ્યાનમાં લીન થવા માટે ફરીવાર આંખ મીંચી દીધી.

વેશ્યાએ પોતાની લક્ષ્મીનું દાન કર્યું ને મંત્રના નિરંતર જપમાં સાદુ ને સંયમી જીવન જીવતાં મનને લગાડી દીધું.

એણે હરિદાસની શિષ્યા તરીકે પોતાનું નામ હરિદાસી રાખ્યું ને શેષ જીવનને કૃતાર્થ કર્યું. એને સંગનો પાકો રંગ લાગી ગયો. મહાપુરુષોનો એક ક્ષણનો પણ સંગ સંસાર સાગરને તરવા માટેની નૌકારૂપ થઈ પડે છે એ ઉક્તિ એને માટે સાચી ઠરી.

આ પરિવર્તનશીલ પૃથ્વી પર કાયમને માટે કોઈ જ નથી રહી શકતું. જે આવે છે તે વિદાય થાય છે. એ નિયમને અનુસરીને એક દિવસ સંત હરિદાસનું શરીર છૂટી ગયું. અને એ પછી હરિદાસીએ પણ દેહત્યાગ કર્યો.

જગન્નાથપુરીમાં સમુદ્રતટ પર આજે એમની સમાધિ વિદ્યમાન છે. બાજુમાં હરિદાસીની પણ સમાધિ છે. એનું અવલોકન કરીને આપણને આદરભાવ થાય છે ને થાય છે કે 'સત્ય સંગતિ કથમપિ ન રોહિત પુસામ' એટલે કે સત્સંગતિ માણસનું શું નથી કરી શકતી ? બધું જ કરી શકે છે. અને નવો અવતાર ધરે છે ને નરમાંથી નારાયણ કરે છે. તુલસીદાસ કહે છે તેમ એમાં સ્નાન કરવાથી કાગડા કોયલ બને છે ને બગલા હંસ થાય છે. 'મજ્જલ કુલ પેખિઅ તત્કાલા, કાક હોઈ પિકબકહિ મરાલા.'

ધન્ય એ હરિદાસ અને ધન્ય એ હરિદાસી !

☼ ☼ ☼ ☼ ☼

## ૪૧. દેશનું ગૌરવ

અમેરિકામાં થોડોક વખત રહી આવેલા એક ભાઈએ એ દેશના પોતાના અનુભવનો એક પ્રસંગ કહી બતાવ્યો છે. સ્વાનુભવનો એ પ્રસંગ તાજેતરનો નથી, પણ વરસો પહેલાં બનેલો છે. છતાં પણ યાદગાર, પ્રેરક અને ઉલ્લેખનીય હોવાથી એને અહીં રજૂ કરી રહ્યો છું.

એમના અમેરિકાના સુખદ નિવાસ દરમ્યાન એક વાર એ રસ્તા પરથી પસાર થતા હતા, એ વખતે મૂશળધાર વરસાદ તૂટી પડ્યો. એમને સમજાયું નહિ કે હવે શું કરવું ? એમની સાથે એમના પત્ની પણ હતા.

વરસાદથી બચવા માટે પોતાની પત્ની સાથે એ એક ફૂટપાથ પરની દુકાન પાસે જઈને ઊભા રહ્યા. ત્યાં જ એમની સામે એક મોટર આવીને ઊભી રહી.

મોટરમાં એક અપરિચિત પુરુષ પોતાની પત્ની સાથે બેઠેલા.

એ પુરુષે ભારે વિનય અને પ્રેમપૂર્વક એમને એમના આશ્ચર્ય વચ્ચે પોતાની મોટરમાં બેસવાની વિનંતી કરો. કહો કે એના માટે એમને આમંત્રણ આપ્યું.

પરિસ્થિતિ એવી હતી કે પેલા ભાઈ એ આમંત્રણનો સ્વીકાર કર્યા વિના રહી શક્યા જ નહિ. એ એકલા હોત તો હરકત નહોતી. પરંતુ એમની સાથે એમની પત્ની પણ હતી. અને વરસાદ બંધ થવાની શક્યતા નહોતી લાગતી, એટલે મોટરમાં બેસવાના વગર માગ્યે આવી મળેલા અવસરનો લાભ લેવાનું એમને ઉચિત લાગ્યું.

એમણે પેલા અમેરિકન ભાઈને સ્પષ્ટ કહ્યું કે પોતાને થોડેક દૂર જવાનું છે તો પણ એ ભાઈએ એમને ખૂબ જ આગ્રહ અને આનંદપૂર્વક મોટરમાં બેસાડી દીધા.

પેલા અમેરિકન ભાઈને તદ્દન નજીક જ જવાનું હતું તો પણ સૌથી પહેલાં એમણે ભારતીય દંપતીને એમના સ્થાન પર પહોંચાડવાનું ઉચિત માન્યું.

ભારતીય દંપતી એમની એવી અદભુત મદદથી ગદગદ બની ગયાં. એ ભાઈએ મોટરમાંથી ઉતરતી વખતે પેલા અમેરિકન ભાઈનો આભાર માન્યો ને બદલામાં કશુંક લેવા કહ્યું તો એમણે સાફ ના પાડી.

એમણે કહ્યું કે 'મેં તો એક માનવ તરીકે તમારી સેવા કરી છે. એના બદલામાં મારે કશું જ નથી લેવું. તમે આ ઘટનાને ભૂલશો નહિ ને તમારા દેશમાં જઈને કહેજો કે અમેરિકનો સેવાભાવી છે.'

'એથી તમને શું મળશે ?' પેલા ભાઈએ પૂછ્યું, 'હું તો તમને કંઈક આપવા માગું છું.'

અમેરિકન ભાઈએ સામેથી પૂછ્યું, 'મને નહિ મળે ? મારા દેશનું ગૌરવ વધશે એટલે મને બધું જ મળશે.'

એ ઉત્તરે પેલા ભાઈને નિરુત્તર બનાવી દીધા.

અમેરિકન ભાઈ મોટર લઈને વિદાય થયા, પરંતુ એમણે પોતાના ઉત્તમ જીવનવ્યવહારથી જે સ્વર્ગીય સુવાસ છોડી એ એવીને એવી અક્ષય રહી ગઈ. એક દેશવાસીને પોતાના દેશનું કેટલું બધું ગૌરવ ? એમના દિલમાં પોતાના દેશને માટે કેટલો બધો પ્રેમ ? દેશના માટેનો એવો પ્રેમ અને દેશનું એવું ગૌરવ જે

દેશના વાસીઓમાં પેદા થાય, અને એમના નાના મોટા બધા જ વ્યવહાર એથી પ્રેરિત થઈને થાય, એ દેશને સુખી તથા સમૃદ્ધ બનતાં કે આગળ વધતાં વાર ના લાગે. એ દેશ પર ઈશ્વરના આશીર્વાદ ઉતરે.

અમેરિકા જેવા બીજા દેશો ધર્મપરાયણ નથી મનાતા પરંતુ ભારત તો પહેલેથી જ ધર્મપરાયણ કહેવાય છે. એ દેશને સેવાધર્મનો સંદેશ આપવાનો ના હોય. સેવાધર્મ તો એને વારસામાં જ મળેલો છે. છતાં પણ આજે એની પરિસ્થિતિ કેવી છે તે સૌ જાણે છે. ભારતની જનતા, ભારતની પ્રત્યેક વ્યક્તિ પણ આવી રીતે પોતાના નાના મોટા પ્રત્યેક કર્મ કે જીવનવ્યવહારમાં દેશપ્રેમ, દેશહિત અથવા દેશના ગૌરવને લક્ષમાં રાખીને પ્રવૃત થાય તો ? દેશનું કલેવર સાચે જ બદલાઈ જાય ને વધારે ઉત્તમ થાય એમાં શંકા નથી. આખરે તો દેશની એકેક વ્યક્તિ ભેગી મળીને જ દેશનું નિર્માણ કરતી હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૨. જાનકીનાથ સહાય કરે જબ

જાન્યુઆરી ૧૯૬૭ની વાત છે.

રાજસ્થાનના સુંદર નગર કોટામાં આવેલી બી.એડ.ની કોલેજમાં ઈનામ વિતરણનો સમારંભ ચાલી રહેલો. આ સમારંભમાં મને પણ આમંત્રણ હતું.

સમારંભનો કેટલોક પ્રારંભનો કાર્યક્રમ પતી ગયા પછી જેમને સંગીતની હરિફાઈમાં ઈનામ મળેલાં તેવાં કેટલાક સ્ત્રી-પુરુષોએ વારાફરતી જે ગીતો માટે તેમને ઈનામ મળેલાં તે ગીતો ગાયાં.

એ દરમ્યાન એક તેર-ચૌદ વરસના છોકરાએ હારમોનિયમ પર સંત તુલસીદાસનું રચેલું પેલું સુંદર ગીત ઉપાડ્યું.

'જાનકીનાથ સહાય કરે જબ, કૌન બિગાડ શકે નર તેરો ?
સૂરજ, મંગલ, સોમ, ભૃગુસુત, બુધ, અરૂ, ગુરૂ વરદાયક તેરો;
રાહુ કેતુ કી નહિ ગમ્યતા, સંગ શનિચર હોત ઉચેરો.
જાનકીનાથ સહાય કરે જબ, કૌન બિગાડ શકે નર તેરો ?'

ગીતના સુમધુર સ્વર સાંભળીને સૌ મુગ્ધ થઈ ગયા. ગીતનો ઢાળ અને ભાવ તો સરસ હતો જ પરંતુ એવો જ સરસ હતો છોકરાનો કંઠ. ઈશ્વરે એને ખૂબ જ અદભુત અને અમૃતમય કંઠ અર્પણ કરેલો. એ કંઠમાંથી નીકળતા સુધામય શબ્દોનો સ્વાદ લઈને શ્રોતાજનોના આનંદનો પાર ન રહ્યો. બધાંના દિલ ધન્ય ધન્ય બોલી ઊઠ્યા.

ગીત પૂરું થયું એટલે કોલેજનું સમારંભસ્થાન તાળીઓના ગડગડાટથી ગાજી ઉઠ્યું. સૌએ પોતાની પ્રસન્નતા પ્રકટ કરી.

એ સમારંભના મુખ્ય અતિથિ તરીકે આવેલા જિલ્લા કલેક્ટર શ્રી સુદે પણ છોકરાના કંઠથી મુગ્ધ થઈને તાળી પાડવામાં સાથ પુરાવ્યો.

પરંતુ કેવળ તાળી પાડીને એ બેસી ના રહ્યા. એમણે એ છોકરાને ધન્યવાદ આપીને એના વિશે માહિતી મેળવી.

છોકરાના પિતાનું મૃત્યુ થયેલું અને એ દેશપ્રેમથી પ્રેરાઈને દેશને માટે કુરબાની કરતા મરેલા. એ જાણીને કલેક્ટરશ્રીના અંતરમાં અનોખી લાગણી થઈ આવી.

એમણે છોકરાને બોલાવ્યો અને શાબાશી આપીને કહ્યું, 'તું કાલે મને મારા બંગલે મળી શકીશ ?'

છોકરાએ હા પાડી.

'કાલે સાંજે મને મળજે.' કલેક્ટરે કહ્યું, 'હું ઘેર જ હોઈશ. મારો બંગલો જોયો છે ?'

છોકરાએ માથું ધુણાવ્યું એટલે કલેક્ટરે તથા બીજા ભાઈઓએ એને પૂરું ઠેકાણું બતાવ્યું. છોકરો સમજી ગયો.

કલેક્ટરે એને પોતાને ત્યાં ફરી આવવાનું કહ્યું, ને સમારંભના પ્રમુખને તથા કોલેજના પ્રધાન આચાર્યને કહ્યું, 'આ છોકરાની સ્થિતિ છેક સાધારણ લાગે છે. હું એને મારાથી બનતી બધી જ મદદ કરીશ.'

છોકરો રાજી થઈને પોતાની જગ્યાએ બેસી ગયો. એને નવી આશા અને નવા ઉત્સાહની પ્રાપ્તિ થઈ.

કલેક્ટરની લાગણી જોઈને મને ઘણો જ આનંદ થયો. ખાસ તો એટલા માટે કે એ છોકરો પિતા વગરનો, પછાત સ્થિતિનો, દીનહીન, ઉત્તમ ભાવિ જીવનની શક્યતાવાળો, અને મદદ માટે બધી રીતે યોગ્ય હતો. એવા એક સામાન્ય બાળક પર એમણે બતાવેલી માયા અથવા મમતા ઘણી મૂલ્યવાન હતી. મને થયું કે છોકરાનું જીવન હવે સરળ બનશે. કલેક્ટરની સહાનુભૂતિ, સહૃદયતા તથા સામાન્ય વ્યક્તિને સહાય કરવાની વૃતિને માટે મારા મનમાં માનની ભાવના પેદા થઈ.

કેમ ના થાય ? આપણા નાના મોટા અમલદારો અને નેતાઓ એવી રીતે જ નમ્રતાથી યુક્ત થઈને બીજાને મદદરૂપ થવાની ભાવના કેળવે અને એ ભાવનાનો અમલ કરે તો એમની સહૃદયતા તથા સેવાભાવના જનસમાજને માટે કેટલી બધી ઉપયોગી અથવા આશીર્વાદરૂપ થઈ પડે ? કેટલી બધી કાયાપલટ કરનારી ઠરે ? અમલદારો અને નેતાઓના જ નહિ પરંતુ સૌના દિલમાં એવી ભાવના પેદા થાય તો ? સમાજની સુરતને બદલાતા ને સોનાની થતાં વાર ન લાગે.

એ સહૃદય કલેક્ટર સાહેબ શ્રી સુદ. એ સાધારણ સ્થિતિનો છતાં સરસ કંઠવાળો છોકરો આજે પણ મારી આંખ આગળ તરવરે છે. જે ગીતે એણે ગાઈ બતાવ્યું તે જ ગીત જાણે કે એના જીવનના જીવતાજાગતા ઉદાહરણરૂપ થઈ પડ્યું. જાનકીનાથ સહાય કરે તો કોણ બગાડી શકે ? કોઈ બગાડી તો શકે જ નહિ, પરંતુ બગડેલી કે બગડવા બેઠેલી બાજી પણ સુધરી જાય. જાનકીનાથે એ છોકરાની બાજી સુધારવા ધારેલી. એટલે જ એને એકદમ આકસ્મિક રીતે કલેક્ટરનો મેળાપ આપ્યો અને એથી આગળ વધીને કલેક્ટરના દિલમાં ભાવના જગાવી.

ગમે તેમ પણ એ પ્રસંગ મને ઘણો પાવન લાગ્યો. એ યાદગાર પ્રસંગને અક્ષરદેહમાં અંકિત કરતાં મને આનંદ થાય છે. મને ખાતરી છે કે એ છોકરાએ કલેક્ટરની સૂચના પ્રમાણે બીજે દિવસે એમની મુલાકાત લીધી હશે ને કલેક્ટરે એને શક્ય એટલી બધી સહાયતા પણ કરી હશે. છોકરાના જીવનમાં એથી નવજીવનની પ્રાણવાન લહેર કહી રહી હશે કે ...

‘જબ જાનકીનાથ સહાય કરે ...’ તો શું ના થાય ?

એ પંક્તિ મારા કાનમાં જ નહિ, આખાય અંતરમાં, અણુઅણુમાં ગુંજી ઊઠે છે.

ધન્ય એ પંક્તિને, ધન્ય એને ગાનાર, ધન્ય એને સાંભળનાર અને ધન્ય એને જીવનમાં ઝીલી જાણનાર !

**(સમાપ્ત)**

**About the Author**



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગદર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*